MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૨૮-૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । અંક : ૩૧ । પાના : ૧૨ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Image Printers, 20-21, Bhid Bhanjan Soc., Bamroli Road, Nr. Piyush Point, Surat (Gujarat) ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636
Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-156/2019-2021, Valid up to 31-12-2021, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

લૉકડાઉનથી આપણે લાભ મળ્યો છે,સામૂહિક પ્રયાસોની અસર જોવા મળી રહી છેઃ મોદી

૩ મે બાદ પણ લોકડાઉનનો ત્રીજો તબક્કો આવશે...!!

જો કે તેમાં કેટલી છૂટછાટ આપવી એ રાજ્યો પર છોડી દેવામાં આવશે, જ્યાં કેસો ઓછા છે ત્યાં તેવા રાજ્યોમાં જિલ્લાવાર રાહત આપવામાં આવશે, લોકડાઉન ખોલવાની નીતિ બનાવવા દરેક રાજ્યોને મોદીનું સૂચન, રાજ્યો કહે છે કે કેન્દ્ર નીતિ બનાવે, તેમણે રાજ્યોને કહ્યું કે, અર્થતંત્રનું ટેન્શન ન લો, જ્યાં કોરોના વધુ કેસો છે ત્યાં લોકડાઉન ચાલુ રહેશે

નવી દિલ્હી

સમગ્ર દેશ કોરોના મહામારીને રોકવા લોકડાઉન-૨ના ૧૯ દિવસ માટે બંધ છે. ૩ મેના રોજ લોકડાઉન-૨ની મુદત પૂરી થાય તે પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકડાઉન-૧ લંબાવતા પહેલા મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજી તેમ લોકડાઉન-૨ને લંબાવવો કે કેમ તેની ચર્ચા માટે વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજી હતી. જેમાં રાજ્યોને ઝોનવાઇઝ લોકડાઉનમાં ઢીલ આપવાનું સૂચન થયું હતું. તો કેટલાક રાજ્યોએ કેન્દ્ર સરકારે લોકડાઉન ખોલવાની નીતિ ઘડવા સૂચન કર્યું હતું. એમ મનાય છે કે ૩ મે બાદ પણ લોકડાઉનનો ત્રીજો તબક્કો આવી શકે તેમ છે. જો કે તેમાં કેટલી છૂટછાટ આપવી એ રાજ્યો પર છોડી દેવામાં આવશે.

વડાપ્રધાન મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ ટેકનોલોજીના માધ્યમથી કેટલાક રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરી હતી. મળતી જાણકારી મુજબ, વડાપ્રધાન મોદીની સાથે મીટિંગમઅં મોટાભાગના રાજ્યો ૩ મે બાદ તબક્કાવાર રીતે લૉકડાઉન હટાવવાના પક્ષમાં છે. તો પૂર્વોત્તરના મેઘાલય અને હિમાચલ પ્રદેશે લૉકડાઉનને લંબાવવા પર ભાર મૂક્યો હતો. બીજી તરફ, પુડુચેરીના મુખ્યમંત્રી વી. નારાયણસ્વામીએ કેન્દ્ર પાસે આર્થિક રાહત પેકેજની માંગ કરી હતી. મોદીએ મુખ્યમંત્રીઓ સાથે હાલની સ્થિતિ પર માત્ર ૨ કલાકની ચર્ચા કરી હતી, સમય ઓછો હોવાના કારણે ૯ મુખ્યમંત્રી જ વાત કરી શક્યા હતા. લોકડાઉનનો બીજો તબક્કો ઉજી મેના રોજ પૂરો થવાનો છે. બેઠકમાં એવી પણ ચર્ચા થઇ કે દરેક રાજ્યો ઝોન બનાવીને લોકડાઉન ખોલી શકાય. રાજ્યોએ લોકડાઉન મામલે પોતાની નીતિ બનાવવી પડશે. તેમણે રાજ્યોને કહ્યું કે, અર્થતંત્રનું ટેન્શન ન લો, જ્યાં કોરોના વધુ કેસો છે ત્યાં લોકડાઉન ચાલુ રહેશે, એમ પણ તેમણે કહ્યું હતું.તેમણે રાજ્યોને જે તે વિસ્તારની પરિસ્થિતિ અનુસાર લોકડાઉન ખોલવાની યોજના બનાવવા માટે કહ્યું છે.

મોદીએ આ બેઠકમાં કહ્યું હતું કે રાજ્ય સરકારોએ લોકડાઉન કેવી રીતે ખોલવું જોઈએ તેની નીતિ તૈયાર કરવી જોઈએ અને આમાં, લાલ, લીલો અને નારંગી ઝોનમાં તેના વિસ્તારોમાં રાજ્યમાં લોકડાઉન ખોલી શકાય છે. એવા રાજ્યોમાં લોકડાઉન ચાલુ રહેશે કે જ્યાં વધુ કેસો છે. જ્યાં કેસો ઓછા છે ત્યાં તેવા રાજ્યોમાં જિલ્લાવાર રાહત આપવામાં આવશે. મોદીએ કહ્યું કે અર્થવ્યવસ્થા અંગે તણાવ ન લો, આપણી અર્થવ્યવસ્થા સારી છે. સમજાવો કે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે દેશના જુદા જુદા જિલ્લાઓને ઝોન મુજબ વહેંચી દીધા છે, હવે રેડ ઝોનમાં ૧૭૦ થી વધુ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ મીટિંગમાં પીએમ મોદી ૩ મેના રોજ સમાપ્ત થનાર લોકડાઉન ૨.૦ બાદના એક્ઝિટ અંગે વાત કરી હતી. પીએમઓના સૂત્રોના મતે, મોટાભાગના રાજ્યો ૩ મે બાદ પણ લોકડાઉન ચાલુ રાખવા માંગે છે પરંતુ આ

અનુસંધાન પાના નં. ૬

આરબીઆઈ તરફથી એમએફ રોકાણકારો માટે ૫૦ હજાર કરોડ રૂપિયાની મદદ

આરબીઆઈ, રોકાણકારો ગભરાશો નહીં, તેવો સંકેત આપવા માંગે છે

હાલ મ્યુચ્યુઅલ ફંડ સેક્ટર આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે

નવી દિલ્હી

કોરોના સંકટ વચ્ચે દેશની મધ્યસ્થ બેંક રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા(આરબીઆઈ)એ આજે મોટી જાહેરાત કરી હતી. આર્થિક સંકટના સમયમાં આરબીઆઈએ મ્યુચ્યુઅલ ફંડ સેક્ટરને મોટી મદદ કરી હતી. આરબીઆઈએ મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારોને ૫૦ હજાર કરોડ રૂપિયા સ્પેશિયલ લિક્વિડિટી ફેસિલિટી તરીકે આપ્યા છે. હાલ મ્યુચ્યુઅલ ફંડ સેક્ટર આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. તાજેતરમાં જાણીતી મ્યુચ્યુઅલ ફંડ કંપનીમાં સામેલ ફ્રેંકલિન ટેંપલને તેની છ સ્કીમ્સને બંધ કરી દીધી હતી.

જે બાદ મ્યુચ્યુઅલ ફંડના રોકાણકારો બજારમાં રૂપિયા ઉપાડી લે તેવી હલચલ શરૂ થઈ હતી. માટે રોકાણકારોને ભરોસો અપાવવા અને મ્યુચ્યુઅલ ફંડ સેક્ટરની મદદ માટે આરબીઆઈએ આ પેકેજની જાહેરાત કરી છે. આરબીઆઈ તરફથી ૫૦ હજાર કરોડ રૂપિયાની જાહેરાત દ્વારા આરબીઆઈ રોકાણકારોને ગભરાશો નહીં તેવો સંકેત આપવા માંગે છે. સરકાર, આરબીઆઈ અને અન્ય સંસ્થાઓ તમામ

અનુસંધાન પાના નં. ૬

૨૬ રાજ્ય અને ૬ કેન્દ્ર શાસિત પ્રદેશમાં કોરોનાનું સંક્રમણ પહોંચી ગયું

કોરોના સંકટઃ દેશમાં અત્યાર સુધીમાં ૨૮,૦૭૪ કેસો અને ૮૮૪ના મોત

તેલંગાણા બન્યુ ૧૦૦૦નો આંકડો પાર કરનારું ૯મું રાજ્ય, ૯ રાજ્યોમાં જ ૮૮% દર્દી,દેશમાં કોરોનાના હોટ સ્પોટ વિસ્તાર હવે નોન હોટ સ્પોટમાં ફેરવાઈ રહ્યા છે

ન્યુ દિલ્હી

સમગ્ર ભારત કોરોના મહામારીને રોકવા લોકડાઉન-૨ હેઠળ પોતપોતાના ઘરોમાં કેદ છે ત્યારે દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૮,૦૭૪ થઈ ગઈ છે. સોમવારે આંધ્રપ્રદેશમાં ૮૦, પશ્ચિમ બંગાળમાં ૩૮, રાજસ્થાનમાં ૩૬, બિહારમાં ૧૩, ઓરિસ્સામાં ૫ અને ઝારખંડમાં ૧ દર્દીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૨૬ રાજ્ય અને ૬ કેન્દ્ર શાસિત પ્રદેશમાં સંક્રમણ પહોંચી ગયું છે, પરંતુ સૌથી વધારે સંક્રમણ વાળા ૯ રાજ્યોમાં જ રવિવાર સુધી કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૨૪ હજાર ૪૧૮ રહી હતી. જેમાં મહારાષ્ટ્રમાં ૪૪૦, દિલ્હીમાં ૨૯૩, ગુજરાતમાં કોરોના સંક્રમણના ૧૬૦૭ કેસ આવ્યા છે. જેમાંથી મહારાષ્ટ્રમાં ૪૪૦, દિલ્હીમાં ૨૯૩, ગુજરાતમાં ૨૩૦, મધ્યપ્રદેશમાં ૧૪૫ અને રાજસ્થાનમાં ૧૦૨ દર્દીઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કેન્દ્રના પ્રવક્તા અને ઉચ્ચ અધિકારી લવ અગ્રવાલ દ્વારા આજે મોડી બપોરે આ આંકડા આપવામાં આવ્યાં હતા. દેશના ૨૬ રાજ્ય અને ૬ કેન્દ્ર શાસિત પ્રદેશમાં કોરોના સંક્રમણ પહોંચી ગયું છે, પરંતુ સૌથી વધારે સંક્રમણ વાળા ૯ રાજ્યોમાં જ રવિવાર સુધી કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૨૪,૪૧૮ હતી. જે દેશના કુલ સંક્રમિતોનો લગભગ ૮૮% છે. રવિવારે દેશમાં કોરોના સંક્રમણના ૧૬૦૭ કેસ આવ્યા હતા. . જેમાં મહારાષ્ટ્રમાં ૪૪૦, દિલ્હીમાં ૨૯૩, ગુજરાતમાં ૨૩૦, મધ્યપ્રદેશમાં ૧૪૫ અને રાજસ્થાનમાં ૧૦૨ દર્દીઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ આંકડા ર્ષ્ઠદ્બઙ્ઘ૧ૈલ્હઙ્કૈઙ્ઘ્ઙ્ઘ્ઙ્મિ અને રાજ્ય સરકાર પાસેથી માહિતી પ્રમાણે છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, રવિવારે સાંજ સુધી ૨૪ કલાક ૧૯૭૫ નવા કેસ સામે આવ્યા છે. દેશમાં ૨૬ હજાર ૯૧૭ કોરોના સંક્રમિત છે. જેમાંથી ૨૧ હજાર ૩ લોકોની સારવાર ચાલી રહી છે. ૫૯૧૪ સાજા થયા છે અને

અનુસંધાન પાના નં. ૬

પ.બંગાળમાં કોરોના સંકટમાં પણ રાજકિય ધરણાંનો અનોખો અંદાજ

મમતા બેનર્જી વિરૂદ્ધ ભાજપ નેતાઓના ઘરે બેઠા બેઠા ધરણાં

ભાજપનો આરોપઃ મમતા સરકાર કોરોના સંક્રમિતોનો આંકડો છુપાવી રહી છે

કોલકતા

દેશમાં સતત કોરોના વાઈરસમાં કેસોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે, ત્યારે કોરોના સામે જંગ વચ્ચે પશ્ચિમ બંગાળ સરકાર અને ભાજપ આમનેસામને જોવા મળી રહ્યા છે. કોલકત્તામાં ભાજપ નેતા દિલીપ ઘોષ પોતાના આવાસ પર પશ્ચિમ બંગાળની મમતા બેનરજી સરકાર વિરૂદ્ધ ધરણા પર બેઠા છે. આ સિવાય કૈલાશ વિજયવર્ગીય અને બાબૂલ સુપ્રિયો પણ વિરોધ પ્રદર્શન કરી રહ્યાં છે.

ભાજપનો આરોપ છે કે, મમતા સરકાર કોરોના સંક્રમિતોનો આંકડો છુપાવી રહી છે. બીજી તરફ સ્થિતિની સમીક્ષા કરવા પહોંચેલી કેન્દ્રીય ટીમ પર તૃણમૂલ કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે, તેઓ રાજ્યમાં રાજનીતિક વાઈરસ ફેલાવવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. કેન્દ્રીય મંત્રી અને પશ્ચિમ બંગાળથી ભાજપના સાંસદ બાબૂલ સુપ્રિયો પશ્ચિમ બંગાળ સરકાર વિરૂદ્ધ ધરણાં કરી રહ્યાં છે. આ સિવાય ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અને પશ્ચિમ બંગાળના કેન્દ્રીય પર્યવેક્ષક કૈલાશ વિજયવર્ગીય ઈન્દોર ખાતે પોતાના આવાસ પર વિરોધ પ્રદર્શન કરી રહ્યાં છે.

દક્ષિણ કોરિયાની જાહેરાત- તાનાશાહ કિમ જોંગ, જીવતા છે-સ્વસ્થ છે

ચીનમાં ઉત્તર કોરિયાના તનાશાહ કિમના મોતના મેસેજ વાયરલ થયા

પ્યોંગયાંગ

ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉન (૩૬ વર્ષ)ની તબિયતને લઈને બે અલગ-અલગ દાવા કરાયા છે. શનિવાર મોડી રાત્રે હોંગકોંગની એક ચેનલે પોતાના રિપોર્ટમાં કિમના મોતની વાત કહી હતી. જ્યારે દક્ષિણ કોરિયાના મીડિયા રિપોર્ટમાં દાવો કરાયો હતો કે હાર્ટ સર્જરી પછી કિમ સ્વસ્થ છે અને એક રિસોર્ટમાં ફરી રહ્યા છે. ચીને કિમના સ્વાસ્થ્યને લઈને વિશ્વભરમાં ચાલી રહેલી અટકળો વચ્ચે પોતાના ડોક્ટરોની ટીમ ઉત્તર કોરિયા મોકલી છે.

ચીન મેડીકલ ટીમના એક સભ્યએ જાપાનના મેગેજીનને જણાવ્યું હતું કે કિમ જોંગ છેલ્લા કેટલાક મહિનાથી હાર્ટની બિમારીથી પરેશાન હતા અને થોડા દિવસ પહેલા જ તે ચક્કર આવતા પડી ગયો હતો. તેને હોસ્પિટલમાં દાખલ કરાયો. તેની સર્જરી પણ થઈ ચૂકી છે. હવે હાર્ટમાં સ્ટેંટ ફીટ કરવાની જરૂર પડી શકે છે. બીજીતરફ દક્ષિણ કોરિયા અને ચીનના અધિકારીઓએ તાનાશાહના રિકવર થવાના રિપોર્ટને નકાર્યા છે. તેઓએ કહ્યું છે કે સર્જરી પછી કિમને જીવનું જોખમ છે. થોડા દિવસ પહેલા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કિમ બીમાર હોવાના અહેવાલોને ખોટા ગણાવ્યા હતા.

દક્ષિણ કોરિયાના એક મીડિયા રિપોર્ટમાં અલગ દાવો કરાયો છે. ઓસ્ટ્રેલિયાની ચેનલ ૭ પણ આ રિપોર્ટને દર્શાવ્યો હતો. આ મુજબ કિમ રિસોર્ટમાં છે. અહીં તે પોતાની ખાનગી ટ્રેન અને અમુક સ્ટાફ સાથે આ રિસોર્ટમાં ગયો છે. અહીં તેને ફરતો બતાવવામાં આવ્યો છે. વાસ્તવમાં

અનુસંધાન પાના નં. ૬

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ **(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)**માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

7574888861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

આતંકીઓ ઘુસાડવા સતત ૨૦ દિવસથી પાક.નો તોપમારો

ભારત સરહદે ૪૫૦ આંતકવાદીઓની ઘૂસપૈઠ માટે પાકિસ્તાન ફિરાકમાં

- **મહિના પહેલા આ આતંકીઓની સંખ્યા ૨૫૦ હતી તે હવે વધીને ૪૫૦ને પાર પહોંચી ગઇ**
- **પીઓકેમાં ૧૧માંથી સાત કેમ્પો હાઇબ્રિડ માનવામાં આવે છે**

નવી દિલ્હી

ભારતમાં વર્તમાન કોરોના વાઇરસની મહામારી વચ્ચે પણ દુશ્મન દેશ પાકિસ્તાનની અવળચંડાઇમાં કોઇ ફેર પડ્યો નથી અને આતંકીઓની સંખ્યા પણ વધારવા લાગ્યું છે. એક રિપોર્ટ અનુસાર પાકિસ્તાને સરહદે ૪૫૦ આતંકીઓને ખડકી રાખ્યા છે જે ગમે ત્યારે ભારતમાં ઘુસી શકે છે. એક સિનિયર સરકારી અધિકારીએ આ માહિતી મીડિયાને આપી હતી, જેમાં વધુમાં જણાવ્યું હતું કે પાકિસ્તાન સરહદે ગોળીબાર કરીને સૈન્યનું ધ્યાન ભટકાવી આ આતંકીઓને કાશ્મીરમાં ઘુસાડવાની ફિરાકમાં છે.

મહિના પહેલા આ આતંકીઓની સંખ્યા ૨૫૦ હતી તે હવે વધીને ૪૫૦ને પાર પહોંચી ગઇ છે, એટલે ગણતરીના દિવસોમાં જ પાકિસ્તાન સરહદે વધુ સક્રિય થઇ ગયુ છે સાથે જ સતત ૨૦ દિવસથી તેણે ગોળીબારનું પ્રમાણ પણ વધારી દીધુ છે. સુરક્ષા એજન્સીઓને મળેલા ઇનપુટ અનુસાર ૧૬ ટેરર કેમ્પ હાલ સરહદે ધમધમી રહ્યા છે જેમાં પીઓકેમાં જ ૧૧ કેમ્પ આવેલા છે. જ્યારે બે પાકિસ્તાનના પંજાબમાં અને ત્રણ ખૈબર પ્રાંતમાં છે.

પીઓકેમાં ૧૧માંથી સાત કેમ્પો હાઇબ્રિડ માનવામાં આવે છે કે જ્યાં આતંકીઓને તાલિમથી લઇને નવી ભરતીની પ્રક્રિયા હાથ ધરાય છે. આ રિપોર્ટ સામે આવ્યા જ છે ત્યાં સરહદે ઘુસણખોરી કરતો એક આતંકી ઠાર મારવામાં આવ્યો છે. જ્યારે બીજી તરફ કાશ્મીરમાં ઘુસેલા બે આતંકીઓને કુલગામમાં ઠાર મારવામાં આવ્યા છે.

આ બન્ને આતંકીઓએ પહેલા પેટ્રોલિંગ પાર્ટી પર ગોળીબાર કર્યો હતો, જવાબી કાર્યવાહીમાં બન્નેને બાદમાં ઠાર મારવામા આવ્યા છે. દરમિયાન પંજાબ સ્થિત પાકિસ્તાની સરહદે એક ૩૦ વર્ષીય પાકિસ્તાની શખ્સને બીએસએફએ ઝડપી પાડયો હતો. આ શખ્સનું નામ શાબાઝ છે અને તે પાક.ના કસુર જિલ્લાનો વતની છે, તેની પાસેથી છ ફેસ માસ્ક, કેટલીક ખાલી પ્લાસ્ટિક બોટલો મળી આવી છે. હાલ તેની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.

વિશ્વમાં અત્યાર સુધીમાં લગભગ ૩૦ લાખ લોકો કોરોનાથી સંક્રમિત, ૨ લાખના મોત

અમેરિકામાં ૨૪ કલાકમાં ૧૩૩૧ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યો

વોશિંગ્ટન

આખી દુનિયામાં હાહાકાર મચાવનાર કોરોનાવાઈરસ એટલે કે કોવિડ-૧૯ના કારણે વિશ્વમાં અત્યાર સુધીમાં બે લાખ છ હજાર ૯૯૦ લોકોના મોત થયા છે. ૨૯ લાખ ૯૪ હજાર ૭૩૧ લોકો સંક્રમિત છે, જ્યારે આઠ લાખ ૭૮ હજાર ૭૯૨ વ્યક્તિઓ સાજા થઈ ચૂક્યા છે. અમેરિકામાં ૨૪ કલાકમાં ૧૩૩૧ લોકોએ જીવ ગુમાવ્યો છે. છેલ્લા થોડા દિવસોની સરખામણીમાં રવિવારે મોતની સંખ્યામાં ઘટાડો થયો હતો. એક દિવસ પહેલા અહીં મોતનો આંકડો ૨૪૯૪ હતો. અહીં અત્યાર સુધીમાં ૫૫ હજાર ૪૧૩ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે નવ લાખ ૮૭ હજાર ૧૬૦ લોકો સંક્રમિત છે.

અમેરિકામાં ઘણા રાજ્યો જેવા કે મિનિસોટા, કોલોરાડો, મિસિસિપી, મોંટાના અને ટેનેસીમાંથી પ્રતિબંધો હટશે. એક રિપોર્ટ મુજબ રવિવારે ન્યૂયોર્ક પોલીસના બે અધિકારીઓનું મોત થયુ હતું. અત્યાર સુધીમાં ન્યુયોર્કના કુલ ૩૭ પોલીસ કર્મચારીઓના મોત થયા છે. ન્યુયોર્કમાં રવિવારે એપ્રિલમાં પ્રથમ વખત ૪૦૦થી ઓછા મોત થયા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૨ હજાર ૨૭૫ લોકોના મોત થયા છે, જ્યારે બે લાખ ૯૩ હજાર ૯૯૧ લોકો સંક્રમિત છે.

આણંદમાં વધુ ચાર કેસ પોઝિટિવ નોંધાતા તંત્રમાં દોડધામ

આણંદ

સમગ્ર રાજ્યમાં કોરોના વાયરસનો પ્રકોપ વધી રહ્યો છે આણંદમાં વધુ ચાર કોરોનાના પોઝિટીવ કેસ નોંધાયા. જે પૈકી ખંભાતમાં ૩ અને ઉમરેઠમાં ૧ કેસ નોંધાયો. ખંભાતના ત્રણેય દર્દીને સારવાર માટે કરમસદની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જ્યારે ઉમરેઠના દર્દીને આણંદ જનરલ હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

લોકડાઉનથ લંડનમાં ઘરેલુ હિંસાના કેસમાં થયો નોધપાત્ર વધારો

લંડન

ભારત સહિત સમગ્ર વિશ્વમાં કોરોનાનો કહેર વધી રહ્યો છે. કોરોનાથી બચવા અનેક દેશોમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે. લોકડાઉન દરમિયાન પરિવારના તમામ સભ્યો ઘરમાં જ કેદ હોવાથી અનેક જગ્યાએ ઘરેલુ હિંસાના કેસમાં વધારો થયો છે.

એક ન્યૂઝ એજન્સીએ લંડન મેટ્રોપોલિટન પોલીસના ડેટાને ટાંકીને જણાવ્યું કે, એપ્રિલ ૧૯ સુધીના લોકડાઉનના ૬ સપ્તાહ દરમિયાન લંડનમાં ઘરેલુ હિંસા અંતર્ગત દિવસના ૧૦૦ની સરેરાશથી ૪૦૯૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત છેલ્લા છ સપ્તાહ દરમિયાન ઘરેલુ દુર્વ્યવહારના ફોન આવવાની સંખ્યામાં પણ વધારો થયો છે. આ ઉપરાંત ઘરેલુ વિવાદની સંખ્યામાં ગત વર્ષ કરતાં ત્રણ ટકાનો વધારો થયો છે.

જ્યારે માર્ચ ૯ થી એપ્રિલ ૧૯ સુધી આ સંખ્યામાં ૯ ટકાનો ઉછાળો આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. કોવિડ-૧૯ના કારણે લોકોને ઘરમાં જ રહેવાની અપીલ કરવામાં આવી છે તેથી આવી ઘટનામાં વધારો થયો હોવાનો પોલીસે સ્વીકાર કર્યો હતો. વિશ્વમાં અત્યાર સુધીમાં ૩૦ લાખ જેટલા લોકો કોરોના વાયરસથી સંક્રમિત થઈ ચુક્યા છે. જેમાંથી બે લાખ કરતાં વધુ લોકોના મોત થયા છે.

ભારતમાં ૨૧ મે સુધી કોરોના ૯૭ ટકા સુધી ખતમ થઈ જશે

સંશોધન સંસ્થાઓની ભવિષ્યવાણી- ૧૮ જૂન સુધી કોરોના મુક્ત થશે ભારત

સ્ટડી અનુસાર ભારતમાંથી કોરોના સંક્રમણ પુરેપુરુ ૧૮ જૂન સુધી ખતમ થવાનુ અનુમાન

નવી દિલ્હી

મહામારી કોરોના વાઇરસ પર બે મોટી ભવિષ્યવાણી કરવામાં આવી છે, આ ભવિષ્યવાણીનો આધાર કોરોના સાથે જોડાયેલા ડેટા અને સઘન રિસર્ચ છે. આ ભવિષ્યવાણીનો સાર એ છે કે ભારતમાં આગામી મહિને એટલે કે મેમાં કોરોનાનો પ્રકોપ ખુબ ઓછો થઇ જશે. બધુ બરાબર થશે તો ૧૮ જૂન સુધી દેશને કોરોનાથી મુક્તિ મળી જશે. ભારતમાં કોરોનાની ભવિષ્યને લઇને બે મોટી ભવિષ્યવાણીઓ થઇ છે. જેમાં- પહેલી સિંગાપુર યૂનિવર્સિટી ઓફ ટેકનોલૉજી એન્ડ ડિઝાઇને કરી છે, અને બીજી ખુદ ભારત સરકારની છે. સૌથી પહેલા એસયુટીડી એટલે કે સિંગાપુર યુનિવર્સિટી ઓફ ટેકનોલૉજી એન્ડ ડિઝાઇનની ભવિષ્યવાણી છે, આ ભવિષ્યવાણી અનુસાર, ભારતમાં ૨૧ મે સુધી કોરોના ૯૭ ટકા સુધી ખતમ થઇ શકે છે.

એટલુ જ નહીં સ્ટડી અનુસાર ભારત કોરોના સંક્રમણથી પુરેપુરુ ૧૮ જૂન સુધી ખતમ થવાનુ અનુમાન છે. આ સ્ટડીમાં વાયરસ ફેલાવવાની સ્પીડનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેના પરથી ડેટા એકઠો કરવામાં આવ્યો છે. સ્ટડીન અનુસાર દુનિયામાંથી વાયરસને ૧૦૦ ટકા ખતમ થવામાં ૮ ડિસેમ્બર સુધીનો સમય લગી શકે છે. સિંગાપુર યુનિવર્સિટીની આ ભવિષ્યવાણી કેટલી સાચી છે, એ તો સમય પર જ ખબર પડશે. કોરોનાને લઇને ભારત સરકાર તરફથી ગણતરી રજૂ કરવામાં આવી છે. આ આંકડા પ્રમાણે લૉકડાઉનના પહેલા અઠવાડિયા (૨૪-૩૦ માર્ચ) દરમિયાન કોરોના સંક્રમણના મામલા ૫.૨ દિવસમાં ડબલ થઇ રહ્યા હતા,

બીજા અઠવાડિયા (૩૧ માર્ચ-૬ એપ્રિલ) દરમિયાન કેસ વધવાની સ્પીડ થોડી વધી, અને આ ૪.૨ દિવસમાં ડબલ થવા લાગી. છે. ત્રીજા અઠવાડિયા (૭-૧૩ એપ્રિલ)માં ૬ દિવસમાં તો ચોથા અઠવાડિયા (૧૪-૨૦ એપ્રિલ)માં કેસો ડબલ થવાની સ્પીડ ૮.૬ દિવસની થઇ ગઇ. આ પછી ૨૧ એપ્રિલથી શરૂ થયેલા પાંચમા અઠવાડિયામાં અત્યાર સુધી આંકડા બતાવે છે કે કોરોના સંક્રમણના કેસો ૧૦ દિવસમાં ડબલ થઇ રહ્યાં છે. ભારત સરકારના આ આંકડાકીય ગણિત પ્રમાણે કોરોના મહામારીને ચરમ પર પહોંચતા ૩૦ એપ્રિલની તારીખ બતાવવામાં આવી છે. જો ફરીથી ઝડપ પકડશે તો આ ૧૬ એપ્રિલ સુધી નીચા સ્તરે પહોંચી જશે. આ બન્ને સ્ટડી પ્રમાણે ભારત કોરોના વાયરસ પર મે મહિના સુધીમાં જીત મેળવી લે તેવુ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

સુરેન્દ્રનગર લોકડાઉનમાં ગુટખાની દુકાન ખુલતા જ લોકોની પડાપડી, પોલીસે હાથ ધરી કાર્યવાહી

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગરમાં એક વીડિયો ઘણો જ વાયરલ થયો છે. આ વીડિયોમાં દેખાય છે તે પ્રમાણે એક દુકાનમાં જવા માટે લોકો પડાપડી કરી રહ્યાં છે. પહેલીવારમાં થાય કે આ વીડિયો કોઈ કરિયાણાની દુકાનનો છે પરંતુ એવુ નથી. આ વીજિયો પાન-મસાલા વેચાણ કરતી એક દુકાનનો છે. મહત્વનું છે કે, જ્યારથી લૉકડાઉન ચાલી રહ્યું છે ત્યારથી જ પાન, મસાલા, બીડીનાં વેચાણ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. જેના કારણે આ વ્યસનનાં બંધાણીને પાન, મસાલો, બીડી મળવાની બંધ થઈ ગઈ છે. જોકે, સુરેન્દ્રનગરના સાયલાનો એક ઘટનાનો વીડિયો વાયરલ થયા બાદ પોલીસે આ મામલે તપાસ કરી છે.

આ દુકાનનાં માલિક સામે ગુનો નોંધીને વધુ પૂછપરછ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, સુરેન્દ્રનગરના સાયલામાં પાન, મસાલા બીડીની દુકાનમાં લોકોની ભારે ભીડ જોવા મળી. લોકડાઉનમાં અચાનક દુકાન ખુલતા લોકો પાન, મસાલા બીડી લેવા માટે પડાપડી કરી રહ્યાં હતા. આ દરમિયાન માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગનો જાહેરમાં ભંગ થયો હતો. આ અંગે સ્થાનિક પોલીસને આ ઘટનાની માહિતી મળતા ત્યાં પહોંચીને ગુનો નોંધ્યો છે.

સાયલાના સુદામડા ગામમાં પાન, બીડીની દુકાન ખુલતા લોકોની પડાપડી જોવ મળી હતી. આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર ઘણો જ વાયરલ થયો છે. ખોળની દુકાનમાંથી પોલીસે બીડી, તંમાકુનો જથ્થો જપ્ત કરી દુકાન માલિક સામે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મહત્વનું છે કે, ગઇકાલે ચોટીલામાં હાઇવે પર મીની ટ્રકમાં ડુંગળીની ગુણોની આડમાં છુપાવેલો રૂ. ૧૩ લાખથી વધુ રકમનો ગુટખા મસાલાનો જથ્થો પોલીસે ઝડપી પાડીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

રાજ્યમાં ઇક્વ્યુબેશન સાઈકલ પૂરી કરવા લૉકડાઉન ૧૬મી સુધી લંબાવવાની શક્યતા

દર્દીઓને માર્ગદર્શન માટે ટેલિ મેડીસીન થકી સારવાર આપવા નવતર પ્રોજેક્ટ હાથ ધરાયો

ગાંધીનગર

સંક્રમણ થતું અટકાવવા અને અન્ય રોગોના દર્દીઓને માર્ગદર્શન માટે રાજ્ય સરકારે ટેલિ મેડીસીન થકી સારવાર આપવા નવતર પ્રોજેક્ટ હાથ ધર્યો છે, જેમાં એમ.ડી ફિઝિશિયન, એમ.ડી પ્રિડ્યાટ્રિશિયન, ડર્મેટોલોજીસ્ટ અને ગાયનેકોલોજીસ્ટ જેવા તજજ્ઞો દ્વારા સવારે ૧૦ થી સાંજના ૫ સુધી માર્ગદર્શન આપવામાં આવે છે, જેનો મહત્તમ લાભ લેવા માટે અનુરોધ છે. આરોગ્ય કમિશનરની કચેરીએથી તેનું સંકલન કરાઈ રહ્યું છે. ૩૧ જિલ્લાના નાગરિકો ટેલિ મેડીસીનનો લાભ લઈ રહ્યા હોવાનું આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું છે. ઉપરાંત રાજ્યમાં પ્રવર્તી રહેલ કોરોના વાયરસના સંક્રમણે અટકાવવા માટે રાજ્યનું વહીવટી તંત્ર સતત પ્રયત્નશીલ અને પ્રતિબધ્ધ છે. રાજ્યમાં જે પોઝીટીવ કેસો નોંધાયા છે તે પૈકી ૮૯ ટકા કેસો અમદાવાદ, સુરત અને વડોદરાના છે. જ્યારે ૨૭ જિલ્લામાં ૧૧ ટકા પોઝીટીવ કેસો હોવાનું તેમણે ઉમેર્યું છે.

સમગ્ર રાજ્યમાં રવિવારે એક જ દિવસમાં કુલ ૨૩૦ નવા કેસ અને ૧૯ના મોત થતા કુલ દર્દીઓ ૩૩૦૧ થયા છે જ્યારે મૃત્યુઆંક ૧૫૨ થયો છે. આજે વડોદરામાં કોરાનાને કારણે એક મહિલા દર્દીનું મોત થયું છે. જ્યારે બોટાદમાં ૬ વર્ષના બાળકનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

કોરોનાના કારણે ગુજરાતમાં લૉકડાઉન વધી શકે છે. હાલ ગુજરાતમાં કોરોનાના કેસનો ડબલિંગ રેટ છથી સાત દિવસનો છે તેથી જો લૉકડાઉન ખોલવામાં આવે તો તે જોખમી સાબિત થઈ શકે તેમ છે. તેથી કોરોના વાઈરસના ૧૪ દિવસના ગણાતાં હજુ બીજા એક ઈક્વ્યુબેશન સાઈકલને પૂરું થવા દેવું જોઈએ અને પછી લૉકડાઉન ખોલાય તેવી ચર્ચા ગુજરાત સરકારમાં અને કેન્દ્રના અધિકારીઓ વચ્ચે થઈ છે.

કેન્દ્ર સરકાર દ્વારા ઉચ્ચ સનદી અધિકારીઓની મોટાપાયે ફેરબદલ

ગુજરાત કેડરના A.K શર્માને PMOમાંથી હટાવતા સનદી વર્તુળોમાં ચર્ચાઓ

અમદાવાદ

કેન્દ્ર સરકારે રજાના દિવસે ઉચ્ચ સનદી અધિકારીઓની મોટાપાયે ફેરબદલ કરી છે. જેમાં ગુજરાત કેડરના અરવિંદ શર્માને પીએમઓમાંથી હટાવાતાં અહીં સનદી વર્તુળોમાં તરહતરહની ચર્ચા થઈ રહી છે. જોકે એવી પણ દલીલ થઈ રહી છે કે, પીએમઓમાં અત્યારે ચાર-પાંચ સિનિયર અધિકારીઓ હોઈ એ. કે. શર્માને પ્રમોશન આપવું હોય તો એમને પીએમઓ બહાર જ મૂકવા પડે. નરેન્દ્ર મોદી કેન્દ્રમાં મે, ૨૦૧૪માં વડા પ્રધાન બન્યા ત્યારથી એમના અતિવિશ્વાસુ તરીકે પીએમઓમાં ફરજ બજાવતા એ. કે. શર્મા જુલાઈ, ૧૭થી વડાપ્રધાનના એડિશનલ સેક્રેટરી તરીકે ફરજ બજાવતા હતા. એમને હવે સેક્રેટરી તરીકે પ્રમશન આપીને માઈક્રો-સ્મોલ-મીડિયમ એન્ટરપ્રાઈઝીસ યાન એમએસએમઈમાં તબદીલ કરાયા છે.

એક દલીલ એવી પણ છે કે, વડા પ્રધાન આર્થિક કટોકટીના સમયમાં એમએસએમઈ સેક્ટરમાં પ્રોત્સાહનો આપવા માગતા હોઈ એમના વિશ્વાસુ એ. કે. શર્માને આ મંત્રાલયમાં મુકાયા છે. બીજી એક બદલીએ પણ રાજ્યમાં સૌનું ધ્યાન ખેંચ્યું છે. આર. પી. ગુપ્તા જેઓ નીતિ આયોગમાં સ્પેશિયલ સેક્રેટરી છે, તેમને પહેલી જૂનની અસરથી વન, પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ મંત્રાલયના સેક્રેટરી બનાવાયા છે. ગુજરાત કેડરના ૧૯૮૭ બેચના આ અધિકારી રાજ્યનો વન-પર્યાવરણ વિભાગ સંભાળતા ડો. રાજીવકુમાર ગુપ્તાથી જુનિયર છે, જોકે કેન્દ્રીય પોસ્ટિંગમાં રાજ્યના પોસ્ટિંગનું ધ્યાન રખાતું નથી એ એક અલગ બાબત છે.

ગુજરાત કેડરના અધિકારી અનિતા કરવાલ જેઓ કેન્દ્રીય ડેપ્યુટેશન ઉપર છે અને અત્યાર સુધી સેન્ટ્રલ બોર્ડ ઓફ્ સેકન્ડરી એજ્યુકેશન-સીબીએસઈના અધ્યક્ષાહતાં, તેમને સ્કૂલ એજ્યુકેશન અને સાક્ષરતા મંત્રાલયમાં સેક્રેટરી તરીકે મૂકવામાં આવ્યા છે. જ્યારે બી. બી. સ્વૈન જેઓ અત્યાર સુધી કેન્દ્રીય વાણિજ્ય મંત્રાલયમાં એડિશનલ સેક્રેટરી હતા તેમને એ જ જગ્યાએ રાખી સ્પેશિયલ સેક્રેટરી તરીકેનું પ્રમોશન અપાયું છે. આમ કેન્દ્ર સરકારમાં થયેલા ફેરબદલમાં ગુજરાત કેડરના ત્રણ અધિકારીઓની પ્રમોશન સાથે બદલીથઈ છે, જ્યારે એક અધિકારીને યથાવત્ સ્થાને પ્રમોશન અપાયું છે.

બજાર ખુલતાની સાથે જદ સેન્સેક્સ ૪૧૫ અંક વધ્યો, નિફ્ટી ૯૨૮૨ પર બંધ; આરબીઆઈની જાહેરાતે જોમ પૂર્યું

ઈન્ડસઈન્ડ બેંક, એક્સિસ બેંક, કોટક મહિન્દ્રા, આઈસીઆઈસીઆઈ બેંકના શેર વધ્યા

મુંબઈ

ભારતીય શેરબજારોમાં સપ્તાહના પ્રથમ દિવસે તેજી જોવા મળી હતી. સેન્સેક્સ ૪૧૫ અંક વધીને ૩૧૭૪૩ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૨૭ અંક વધીને ૯૨૮૨ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સ પર ઈન્ડસઈન્ડ બેંક, એક્સિસ બેંક, કોટક મહિન્દ્રા, આઈસીઆઈસીઆઈ બેંક અને બજાજ ફાઈનાન્સ શેર વધીને બંધ રહ્યાં હતા. જો કે એનટીપીસી, એમએન્ડએમ, એચડીએફસી બેંક અને ભારતી એરટેલના શેર ઘટીને બંધ રહ્યાં હતા.

સૂત્રોએ કહ્યું કે, ઈમેંએ મ્યુચ્યુઅલ ફંડને આપેલ સ્પેશયલ વિન્ડોને કારણે આજે બજારમાં જોમ પુરાયું હતુ પરંતુ, કાલ સુધીમાં દેશની ટોચની બે બેંક, ઈન્ડસિન્ડ અને એક્સિસ બેંકના નકારાત્મક પરિણામો જાહેર થવાના છે અને તેમાં સ્લિપેજિસની સાથે અન્ય નાણાંકીય ક્ષતિની આશંકાએ બજારમાં અંતિમ કલાકમાં વેચવાલી જોવા મળી છે. સેન્સેક્સ-નિફ્ટી અનુક્રમે ૪૧૫ અને ૧૨૮ અંક વધીને ૩૧,૭૪૩ અને ૯૨૮૨ના લેવલે બંધ આવ્યા છે. આજે માર્કેટને સપોર્ટ આપવામાં બેંકો અને રિલાયન્સ, હ્યુસ્ઝાન્નો મહત્વનો ફાળો હતો. બ્રોડર માર્કેટમાં આજે તેજીનો ચમકારો હતો. બીએસઈ ખાતે ૧૩૦૩ શેર વધીને ૧૦૮૪ શેર ઘટીને તો ૧૮૮ શેર ન્યુટ્રલ બંધ આવ્યા હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેકસ ૧.૪૪% અને સ્મોલકેપ ઈન્ડેકસ ૧.૩૭% વધ્યા છે. મ્જીઈ સેક્ટોરિયલ ઈન્ડાયસિસ પર નજર કરીએ તો આજે ખાનગી બેંકોના જોરે બેંક્કેસ જ સૌથી વધુ ૩% ઉછળ્યું હતુ.

કોરોનાને લઈ ICMR અને NCDCના આંકડા શંકા ઉપજાવનારા

ICMRએ ગુજરાતના દર્દીઓનો આંકડો ૩૮૦૯ દર્શાવ્યો તો NCDCએ માત્ર ૩૦૭૧ દર્શાવ્યો

નવી દિલ્હી

દેશમાં હાલના દિવસોમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા અને મોત પર સરકારની બે સંસ્થાઓ નજર રાખી રહી છે. તે છે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ અને નેશનલ કોઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન. પરંતુ બંને સંસ્થાઓ તરફથી આપવામાં આવી રહેલા આંકડાઓનો મેળ નથી ખાઈ રહ્યો. એક અંગ્રેજી અખબાર મુજબ, આ મુદ્દો રવિવારે મળેલી એક બેઠકમાં ઉઠાવવામાં આવ્યો છે. આ બેઠકમાં કેબિનેટ સચિવ રાજીવ ગૌબા અને રાજ્યોના સ્વાસ્થ્ય સચિવ ઉપસ્થિત હતા. એવામાં એ સવાલ ઊભો થયો કે શું કોરોનાના કોઈ કેસ છૂટી તો નથી રહ્યા ને!

૨૬ એપ્રિલના આંકડાઓ પર નજર કરીએ તો એનસીડીસી એ કહ્યું કે ભારતમાં કોરોનાના કુલ દર્દીઓનો તાજો આંકડો ૨૬૪૯૬ છે, જ્યારે આઈસીએમઆર તરફથી કહેવામાં આવ્યું કે દેશમાં કુલ દર્દીઓની સંખ્યા ૨૭૮૫૩ છે. એટલે કે કુલ ૧૦૮૭ દર્દીઓના આંકડામાં અંતર છે. પ્રેઝન્ટેશન દરમિયાન જોવામાં આવ્યું કે એનસીડીસી અને આઈસીએમઆરના આંકડા એક સમાન માત્ર ૮ ક્ષેત્રોમાં હતા. તે છે ઉત્તર પૂર્વના ૫ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ તથા લક્ષદ્વીપ. આ ૮ સ્થાનોમાંથી ચારમાં કોઈ કેસ નથી અને માત્ર એક રાજ્યમાં બેથી વધુ પુષ્ટિના મામલા છે. મેઘાલયમાં ૧૨ કેસ છે.

૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પુષ્ટિ કરવામાં આવેલા મામલાઓની સંખ્યા આઈસીએમઆર રેકોર્ડ્સમાં એનસીડીસીની તુલનામાં વધુ છે. સૌથી વધુ અંતર મહારાષ્ટ્ર, ગુજરાત અને પશ્ચિમ બંગાળમાં નોંધવામાં આવી છે. જ્યાં આઈસીએમઆર ડેટા ક્રમશઃ ૮,૮૪૮ , ૩,૮૦૯ અને ૭૭૦ જોવા મળ્યા છે. જ્યારે એનસીડીસીના ડેટા મુજબ તે ક્રમશઃ ૭,૬૨૮, ૩,૦૭૧ અને ૬૧૧ કેસ છે.

એવા ૮ રાજ્ય છે, જ્યાં એનસીડીસીની સંખ્યા આઈસીએમઆરથી વધુ છે. દિલ્હી, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં ઘણું મોટું અંતર જોવા મળ્યું છે. ઉદાહરણરૂપે દિલ્હીની એનસીડીસીની સંખ્યા ૨૬૨૫ છે. જ્યારે આઈસીએમઆરની સંખ્યા ૨૧૫૫ દર્શાવવામાં આવી છે.

અશાંતિ અને લોકડાઉનને કારણે કાશ્મીર ખીણ પ્રદેશમાં માનસિક દર્દીઓ વધ્યા

આત્મહત્યા અને ઘરેલું હિંસાની ઘટનાઓમાં પણ વધારો નોંધાયો

શ્રીનગર

ભારતના અભિન્ન અંગ અને વર્ષોથી આતંકવાદગ્રસ્ત એવા જમ્મુ- કાશ્મીરમાં વર્ષોથી ચાલતી અશાંતિએ એક આખી પેઢીને પ્રભાવિત કરી હોવાના અહેવાલ છે. ગયા વર્ષે કલમ ૩૭૦ નાબૂદ કરતી વખતે ૫ ઓગસ્ટમાં કર્ફ્યુ લાદવામાં આવ્યા બાદ અહીં સામાન્ય જીવન પહેલેથી પરેશાન થઈ ગયું હતું. તે દરમિયાન મોટી સંખ્યામાં લોકોની ધરપકડ કરવામાં આવી હતી. કોરોનાને કારણે થયેલા લોકડાઉનથી લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે. ડોકટરો કહે છે કે નિરાશાની સ્થિતિ ગંભીર માનસિક સંકટમાં ફેરવાઈ ગઈ છે. રાજ્યમાં હતાશા, બેચેની અને માનસિક બિમારીઓના કેસોમાં ચિંતાજનક વધારો થયો છે. અસરગ્રસ્ત લોકોની સંખ્યા નક્કી કરવી મુશ્કેલ છે, પરંતુ સ્થાનિક ડોકટરો કહે છે કે આત્મહત્યાની સંખ્યામાં વધારો થયો છે. ઘરેલું હિંસાનો દર પણ વધ્યો છે.

ચિકિત્સકોનું કહેવું છે કે, લોકડાઉનને કારણે સ્થિતિ વધુ બગડી છે. પોલીસે રસ્તાઓ બ્લોક કરી દીધા છે. ઘરની બહાર નીકળવા પર પ્રતિબંધ છે. કાશ્મીર ખીણમાં આવી પરિસ્થિતિઓનો સામનો કરવા સંસાધનોની પણ અછત છે. આ રાજ્ય ઘણાં વર્ષોથી મુશ્કેલીમાં મુકાયું છે. ડોકટર્સ વિદાઉટ બોર્ડર્સે ૨૦૧૫માં ૫૬૦૦ ઘરોમાં સર્વે કર્યો હતો. તેમાંથી લગભગ ૧૮ લાખ લોકો શારીરિક અને માનસિક તકલીફથી પ્રભાવિત મળ્યા હતા. ૧૦માંથી ૯ લોકો હિંસા, સંઘર્ષના કારણે આઘાત પામ્યા હતા. સરકારી હોસ્પિટલના મનોચિકિત્સક ડો.માજિદ શફીએ જણાવ્યું હતું કે તેઓ ગયા વર્ષે એક અઠવાડિયામાં આશરે ૧૦૦ દર્દીઓ જોતા હતા. હવે તેમની સંખ્યા ૫૦૦ છે. કાશ્મીરમાં કુલ ૬૦ મનોચિકિત્સકો છે. પુલવામામાં ડો.શફીની ઓફિસની બહાર, હિંસાથી આઘાત પામેલા કિશોરો, યુવાનો, મહિલાઓ અને ઉદ્યોગપતિઓની લાઈનો લાગી હતી. મહિલાઓ તેમના બાળકોની પીડાથી ચિંતિત છે. પાહુની સારા બેગમના ૨૮ વર્ષીય પુત્ર ફયાઝની ૩ ઓગસ્ટે ધરપકડ કરવામાં આવી હતી. તે પછી સારાની માનસિક સ્થિતિ કથળી હતી. તેણે આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. વેપારીઓ ધંધો બંધ થતાં હેરાન છે. અગાઉ પણ તેમનો ધંધો ઠપ હતો.લોકડાઉન દરમિયાન આવી જ સ્થિતિ જોવા મળે છે. ડો.શફી કહે છે, સંકટ સતત વધી રહ્યું છે. પુલવામામાં ૧૦ લાખની વસ્તી વચ્ચે તે એકમાત્ર માનસિક ચિકિત્સક છે.

પાકના મૌલાનાએ કોરોનાને અશ્લીલતા અને નગ્નતા માટે અલ્લાહના ગુસ્સાનું પરિણામ ગણાવ્યું

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના એક પ્રસિદ્ધ મૌલાનાએ જણાવ્યું કોરોના વાયરસ અશ્લીલતા અને નગ્નતા માટે અલ્લાહના ગુસ્સાનું પરિણામ છે. મૌલાના તારિક જમિલે લાઈવ ટીવી પર વડાપ્રધાન ઈમરાન ખાનની હાજરીમાં આ ટિપ્પણ કરી હતી. ૨૩ એપ્રિલે કોરોના વાયરસ માટે ફંડ એકત્ર કરવા માટે પાકિસ્તાનમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મૌલાનાએ સવાલ કર્યો કે, અમારા દેશની દિકરીઓ કેમ નાચી રહી છે. તેમના ડ્રેસ કેમ નાના થતા જઈ રહ્યા છે. સમાજમાં જ્યારે નિર્લજ્જતા વધે છે ત્યારે અલ્લાહ પોતાનો પ્રકોપ મોકલે છે. જો તમામ લોકો ખોટું બોલવાનું છોડી દે, છેતરપિંડી કરવાનું છોડી દે અને અશ્લીલતા છોડી દે કોરોના વાયરસ ભાગી જશે. તેઓ અલ્લાહ પાસેથી મદદ માગતા જણાવે છે કે, અમે આ વાયરસને વેન્ટિલેટર, વેક્સીન, દવાથી રોકી શકતા નથી. લોકડાઉનથી પણ આ બીમારી જશે નહીં. ત્યારબાદ મૌલાના રડી પડે છે.

પાકિસ્તાનમાં અનેક લોકોએ મૌલાનાના નિવેદનની નિંદા કરી છે. કેટલાક લોકો આને મહિલાઓનું અપમાન ગણાવ્યું છે. કાયદો અને ન્યાયના સંસદીય સચિવ મલીન બુખારીએ ટ્વીટ કર્યું કે, મહામારીના પ્રસારને કોઈપણ સ્થિતિમાં મહિલાની ધર્મનિષ્ઠતા કે પછી નૈતિકતા સાથે જોડી શકાય નહીં. માનવાધિકાર મંત્રી શિરેન માજરીએ જણાવ્યું કે, આવા પ્રકારના આરોપોને બહાને મહિલાઓને નિશાન બનાવવામાં આવે તે સ્વીકાર્ય નથી.

જમ્મુ અને કાશ્મીરમાં ૨૪ કલાકમાં કુલગામમાં બીજુ એક્રાઉન્ટર

લોઅરમુંડામાં સુરક્ષાબળોએ ૩ આતંકીઓને ઘેર્યા

જમ્મુ-કાશ્મીરમાં આ વર્ષે ૫૦ આતંકી માર્યા ગયા

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરના કુલગામના લોઅરમુંડામાં સોમવારે સુરક્ષાબળોએ ૩ આતંકીઓને ઘેર્યા છે. ઓપરેશન ચાલી રહ્યું છે. સુરક્ષાબળોને આતંકીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. રવિવારે કુલગામના ગુદેર વિસ્તારમાં સુરક્ષાબળોએ ૪ આતંકીઓને ઠાર માર્યા હતા.

અમૃતસરમાં હિઝબુલ મુઝાહિદ્દીનના આતંકી હિલાલ અહેમદ જમ્મુ-કાશ્મીરના નૌગામમાં પકડાયો હતો. હિલાલ અવંતીપોરાનો રહેવાસી છે. પંજાબની પોલીસ મહાનિયામક દિનકર ગુપ્તાએ જણાવ્યું કે, હિલાલની એ વખતે ધરપકડ કરાઈ હતી, જ્યારે તે મેટ્રો યાર્ડ પાસે ટ્રક લઈને ઊભો હતો. હિલાલને કાશ્મીરમાં હિઝબુલ ચીફ રિયાઝ અહેમદ નાઈકૂએ અમૃતસક મોકલ્યો હતો. તેને અહીંયા સફેદ એક્ટિવાથી આવેલા વ્યક્તિએ ૨૫ લાખ રૂપિયા આપ્યા હતા. પોલીસ હવે પૈસા આપનારની તપાસ કરી રહી છે. જમ્મુ-કાશ્મીરમાં આ વર્ષે આતંકીઓના એક્રાઉન્ટરના ઘણા મામલા સામે આવ્યા છે. રક્ષા મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, એક જાન્યુઆરીથી અત્યાર સુધી ૫૦ આતંકી માર્યા ચુક્યા છે. જેમાં ૨૩ આતંકવાદી ૨૫ માર્ચે લોકડાઉનની જાહેરાત બાદ માર્યા ગયા હતા. સુરક્ષા એજન્સીઓએ સેનાને માહિતી આપી છે કે પાકિસ્તાન તરફથી મોટી ઘુસણખોરીના પ્રયાસ કરાઈ રહ્યા છે.

કોરોનાના હોવાના ડરે વ્યક્તિ નદીમાં તરતો-તરતો બાંગ્લાદેશથી આસામમાં પહોંચ્યો

બાંગ્લાદેશની નદી તરી આસામમાં પહોંચ્યો ભારતમાં સારવાર માટે

નવી દિલ્હી

લોકડાઉનના કારણે ભારતમાં ઘણાં સ્થળોએ આશ્ચર્નજનક બનાવો સર્જાયા છે. પોતાને કોરોના હોવાની ડરથી એક બાંગ્લાદેશી વ્યક્તિ આસામના કરીમગંજ જિલ્લાના એક ગામમાં પહોંચ્યો હતો. તો બીજી તરફ કેરળના કુન્નુરમાં રહેતા કેન્સરગ્રસ્ત દર્દીને દવા પહોંચાડવા બાઇક રાઇડર્સ ૭૦૦ કિમીનું અંતર આપી બેંગ્લોરથી કુન્નુર પહોંચ્યા હતા.

આસામમાં આવેલી ભારત-બાંગ્લાદેશ સરહદ પર કુશિયારા નદી તરી એક બાંગ્લાદેશી વ્યક્તિ આસામના કરીમગંજ જિલ્લાના મુબારકપુર ગામમાં પ્રવેશ્યો હતો. સવારના સમયે ગામમાં પ્રવેશી રહેલા આ વ્યક્તિને ગ્રામજનોએ અટકાવતા તેણે કહ્યું હતું કે, તેનું નામ અબ્દુલ હક છે અને તેને કોરોના થયો હોવાની શંકા છે. તેથી સારવાર માટે તે અહીં આવ્યો છે. જો કે ગ્રામજનોએ બોર્ડર સિક્યુરિટી ફોર્સને જાણ કરી હતી અને બાંગ્લાદેશના સત્તાતંત્રને જાણ કરી તેને ફરી બાંગ્લાદેશ મોકલવામાં આવ્યો હતો. આ કામગીરીમાં જોડાયેલા બી.એસ.એફ.ના અધિકારીઓનું કહેવું છે કે, તે વ્યક્તિને કોરોના હતો કે નહીં તે અંગે જાણકારી નથી, પરંતુ તેનામાં તાવ અને શરદીના લક્ષણો હતા તે વાત નિશ્ચિત છે.

તો બીજી તરફ કેરળના કુન્નુરમાં રહેતા નિવૃત્ત આર્મી અધિકારી કર્નલ નામ્બિયાર કેન્સરથી પીડાઈ રહ્યા છે. કુન્નુરમાં તેમની દવાઓ મળતી ન હોવાથી બેંગ્લોરમાં રહેતો તેમનો પુત્ર કુરિયરથી દવા મોકલાવતો હતો. લોકડાઉનના કારણે કુરિયર સેવા બંધ થતા તેમજ કેરળમાં ક્યાંય તેમની દવાઓ ન મળતા તે મૂંઝવણમાં મૂકાયા હતા. બેંગ્લોર પોલીસે કેટલાંક બાઇક રાઇડર્સ સાથે શરૂ કરેલા એક મિશન અંતર્ગત ત્રણ બાઇક રાઇડર્સ સાતસો કિલોમીટરનું અંતર કાપી બેંગ્લોરથી કેરળ પહોંચ્યા હતા.

૯ રાજ્યોમાં જ કોરોનાના ૮૮% દર્દી

કોરોના સંકટઃ તેલંગાણા ૧૦૦૦નો આંકડો પાર કરનારું ૯મું રાજ્ય બન્યું

નવી દિલ્હી

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૭,૯૬૪એ પહોંચી છે. ૨૬ રાજ્ય અને ૬ કેન્દ્ર શાસિત પ્રદેશમાં સંક્રમણ પહોંચી ગયું છે, પરંતુ સૌથી વધારે સંક્રમણ વાળા ૯ રાજ્યોમાં જ રવિવાર સુધી કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૨૪,૪૧૮ હતી. આ દેશમાં કુલ સંક્રમિતોનો લગભગ ૮૮% છે. દેશમાં કોરોના સંક્રમણના ૧૬૦૭ કેસ આવ્યા છે. જેમાં મહારાષ્ટ્રમાં ૪૪૦, દિલ્હીમાં ૨૯૩, ગુજરાતમાં ૨૩૦, મધ્યપ્રદેશમાં ૧૪૫ અને રાજસ્થાનમાં ૧૦૨ દર્દીઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, રવિવારે સાંજ સુધી ૨૪ કલાક ૧૯૭૫ નવા કેસ સામે આવ્યા છે. દેશમાં ૨૬ હજાર ૯૧૭ કોરોના સંક્રમિત છે. જેમાંથી ૨૧ હજાર ૩ લોકોની સારવાર ચાલી રહી છે. ૫૯૧૪ સાજા થયા છે અને ૮૨૬ લોકોના મોત થયા છે.

વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પીએમ મોદીની મુખ્યમંત્રીઓની સાથે ચોથી બેઠક યોજાઈ

લોકડાઉનનો પહેલો તબક્કો ૧૪ એપ્રિલે પૂરો થયો હતો. તે પહેલાં પણ મોદીએ મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સ કરીને લોકડાઉન વધારવા વિશે સૂચનો માંગ્યા હતા. આ દરમિયાન મોદીએ મુખ્યમંત્રીઓને કહ્યું હતું કે, જાન હૈ તો જહાન હૈ. જ્યારે મેં રાષ્ટ્રના નામે સંદેશ આપ્યો હતો ત્યારે આ જ વાત પર જોર આપ્યું હતું કે, દરેક નાગરિકનો જીવ બચાવવા માટે લોકડાઉન અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન ખૂબ જરૂરી છે. જ્યારે દેશનો દરેક નાગરિક પોતાના જીવ અને દુનિયા બંનેની ચિંતા કરીને પોતાની જવાબદારી નીભાવશે, સરકાર અને પ્રશાસનના દિશા-નિર્દેશોનું પાલન કરશે ત્યારે કોરોના સામે આપણી લડાઈ વધારે મજબૂત થશે

લોકડાઉનમાં સુપ્રીમે કોર્ટે વીડિયો કોન્ફરન્સિંગથી ૫૯૩ કેસોની કરી સુનાવણી

વકીલોએ સુનાવણી દરમિયાન મોબાઈલ કે ટેબલેટનો ઉપયોગ કર્યો હતો

નવી દિલ્હી

કોરોના વાયરસના ફેલાવાને રોકવા માટે કરવામાં આવેલા લોકડાઉનની પ્રતિકૂળ અસર કાયદા વ્યવસ્થા પર પણ જણાય છે. ૨૩ માર્ચથી જ સુપ્રીમ કોર્ટે તેના દરવાજા બંધ કરી દીધા હતા અને ઓનલાઈન માધ્યમથી અત્યંત જરુરી કેસોની સુનાવણી કરવાનો રસ્તો ખુલ્લો રાખ્યો હતો. કોર્ટ દ્વારા જાહેર કરાયેલી માહિતી મુજબ ૨૩ માર્ચથી ૨૪ એપ્રિલ વચ્ચે ૧૭ ચાલુ દિવસમાં કુલ ૫૯૩ કેસોની સુનાવણી કરવામાં આવી હતી, જ્યારે ૨૪ એપ્રિલ સુધી ૮૪ પુર્નવિચાર અરજીઓને સ્થગિત રાખવામાં આવી હતી. કોર્ટ દ્વારા અપાયેલી માહિતીમાં કહેવામાં આવ્યુ હતુ કે, ૮૭ બેન્ચોમાંથી ૩૪એ મુખ્ય કેસોની સુનવણી કરી જ્યારે ૫૩એ પુર્નવિચાર અરજીઓ પર નિર્ણય આપ્યા.

લોકડાઉન દરમિયાન ૩૯૦ મુખ્ય કેસોની સુનાવણી પણ કરવામાં આવી. આ દરમિયાન ૨૧૫ કેસોમાં ચુકાદો આપવામાં આવ્યો જેમાંથી ૧૭૪ સંબધિત કેસો હતા. વિડીયો કોન્ફરન્સિગ થકી ઘરેથી જ સુનવણી કરી રહેલા જજોને તેમના આવાસ પર ૧૦૦ એમબીપીએસ સ્પીડ સાથે ઈન્ટરનેટ કનેક્શન ઉપલબ્ધ કરાયુ હતું, જ્યાર વકીલો સુનવણી દરમિયાન મોબાઈલ કે ટેબલેટનો ઉપયોગ કર્યો હતો.

સોશિયલ મીડિયા પર શિખર ધવને પુજારાની મજાક કરી ટ્રોલ કર્યો

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમના દિગ્ગજ ઓપનર શિખર ધવને સોશિયલ મીડિયા પર ટેસ્ટમાં શાનદાર પ્રદર્શન કરનાર ચેતેશ્વર પુજારાની મજાત કરી ટ્રોલ કર્યો છે. હાલ સમગ્ર દુનિયામાં કોરોનાનું સંકટ ફેલાયેલુ છે. તમામ લોકો પોતપોતાના ઘરોમાં બંધ છે ત્યારે જૂની તસવીરો શેર કરી રહ્યા છે ચેતેશ્વર પુજારાએ પણ જૂની તસવીર શેર કરતા કહ્યું છે કે લોકડાઉનમાં મને સૌથી વધારે જે વસ્તુની કમી મહેસુસ થાય છે તે છે મારૂ ક્રિકેટ મેદાન.

ધવને આ પોસ્ટ પર કમેન્ટ કરીને લખ્યુ કે ખરેખર? અમને તો ખબર જ નહતી કે તુ ક્રિકેટને મિસ કરતો હશે. વાહ ! કોરોના વાયરસથી ખરાબ હાલત તો જોઈ છે જો કોરોના ન આવ્યો હોત તો અત્યારે તમામ ખેલાડીઓ ન રમતા હોત. જો કે પુજારો ન રમતો નથી, પણ તે ક્રિકેટના બીજા ફોર્મેટમાં તેનો હાથ અજમાવી રહ્યો છે. ચેતેશ્વર પુજારાએ ૭૭ ટેસ્ટમાં ૪૮.૬૭ની સરેરાશથી ૫૮૪૦ રન બનાવ્યા છે. તેના ખાતામાં ૨૫ અર્ધ સદી, ૧૮ સદી અને ૩ બેવડી સદી છે. પુજારાનો ટેસ્ટ ક્રિકેટમાં ટોપ સ્કોર ૨૦૬ રન છે.

શિખર ધવનની વાત કરીએ તો હાલમાં ઈજા થતા અને વાપસી પછી ભારત માટે વનડેની ટીમમાં પસંદ થયો હતો. દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ કોરોનાને કારણે થનારી સીરિઝ રદ્દ થઈ છે. કોરોનાના કારણે તમામ રમતો ટૂર્નામેન્ટ રદ્દ કરવામાં આવી છે. ધવને ૧૯ જાન્યુઆરી ૨૦૨૦માં ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ બેગલુરૂમાં વનડે મેચ રમ્યો હતો, જેમાં ઈજા થતાં ન્યૂઝીલેન્ડ પ્રવાસમાંથી બહાર થયો હતો. ધવનની ખોટ ભારત માટે ખુબ રહી કેમકે આ વનડે સીરીઝમાં ૦-૩થી ભારતને હાર મળી હતી.

કોરોનાને કારણે ચીન પ્રત્યે દુનિયાની નફરત ભારત માટે આર્થિક તક સમાનઃ ગડકરીનો મત

ભારતે વિદેશી રોકાણકારોને ચીનને બદલે ભારત તરફ વાળીને મૂડીરોકાણનો ફાયદો ઉઠાવવો જોઈએ

નવી દિલ્હી

કેન્દ્ર સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ એવો મત વ્યક્ત કર્યો હતો કે, વર્તમાન મહામારી કોરોના સંકટમાં દુનિયા ચીનને નફરતની નજરે જોઈ રહી છે. ભારતે આ વાતને આર્થિક તકમાં ફેરવીને વિદેશી રોકાણ આકર્ષિત કરવા અંગે ધ્યાન આપવું જોઈએ. ગડકરીએ રવિવારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરતા કહ્યું કે, જાપાનની જેમ આપણે પણ એવું વિચારવું જોઈએ આપણે એ અંગે ધ્યાન પણ આપીશું. ચીન સાથે વેપાર સમેટી રહેલી કંપનીઓ માટે જાપાને આર્થિક પેકેજ જાહેર કર્યું છે.

ગડકરીએ કહ્યું કે, વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવા માટે ક્લીઅરન્સ અને અન્ય સુવિધાઓ વધારાશે. નાણા મંત્રાલય સહિત તમામ વિભાગ અને આરબીઆઈ કોરોના પછીની આર્થિક લડાઈને જીતવા માટે નીતિ બનાવી રહ્યા છે. આનાથી દેશને ૫ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી બનાવવાનું વડાપ્રધાનનું સપનું પુરુ થશે. ગડકરીએ કહ્યું કે, આ દરમિયાન આપણે ૧૦૦ લાખ કરોડનું ઈન્ફ્રાસ્ટ્રકચર પણ તૈયાર કરી શકીશું. ગડકરીને પુછવામાં આવ્યું કે જો એવું સાબિત થશે કે ચીને કોરોના સાથે જોડાયેલી માહિતી જાણી જોઈને છુપાવી તો શું ભારત કોઈ કાર્યવાહી કરશે? આ અંગે કેન્દ્રીય મંત્રીએ જવાબ આપ્યો કે આ વિદેશ મંત્રાલય અને વડાપ્રધાન સાથે જોડાયેલો સંવેદનશીલ મામલો છે, એટલા માટે કંઈ પણ કહેવું યોગ્ય નહીં હોય.

લોકડાઉનનું કડકાઈથી પાલન થાય, લડાઈ લાંબી છેઃ અમિત શાહ

નવી દિલ્હી

કોરોના વાયરસ વિરદ્ધની લડાઈને કેવી રીતે આગળ વધારવામાં આવે તેને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓની સોમવારે મહત્વની બેઠક મળી હતી. વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી યોજાયેલી બેઠકમાં ગૃહ મંત્રી અમિત શાહે તમામ મુખ્યમંત્રીઓને લોકડાઉનનું કડકાઈથી પાલન કરાવવા માટે અપીલ કરી હતી. સૂત્રો મુજબ, તેઓએ કહ્યું કે સરકારે સાવધાનીપૂર્વક ટ્રેડ અને ઈન્ડસ્ટ્રીને થોડીક છૂટ આપી છે. પીએમ મોદીના 'જાન ભી જહાન ભી'ના માર્ગદર્શન પર સૌ આગળ વધો. તેની સાથે જ તેઓએ કહ્યું કે, આ લડાઈ લાંબી છે અને ધૈર્યની સાથે લડવું પડશે.

છેલ્લા ૨૪ કલાકમાં બ્રિટનમાં કોરોનાથી ૪૧૩ લોકોના થયા મોત

લંડન

બ્રિટનમાં કોરોનાને કરાણે મરનારાની સંખ્યા ૨૦૭૩૨ થઈ ગઈ છે. છેલ્લાં ૨૪ કલાકમાં જ ૪૧૩ લોકોના મોત થયા છે. બ્રિટનમાં છેલ્લા એક મહિનામાં થએલા મોતમાં ગઈ કાલે સૌથી ઓછા મોત થયા છે. આ માહિતી બ્રિટનના પર્યાવરણ મંત્રી જયોર્જ યુસ્ટાઈસે લંડનની દૈનિક પ્રેસ બ્રિફિંગમાં આપી હતી. તેમણે કહ્યું હતું કે કોરોનાના કેસમાં હવે થોડો ઘટાડો થઈ રહ્યો છે. હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓની સખ્યા પણ હવે ઘટી રહી છે. હાલમાં ૧૫૯૫૩ તે, એક્ટિવ છે. પર્યાવરણ મંત્રીએ એ પણ ચેતવણી આપી હતી કે હજુ પણ સખત લોકડાઉન હટાવવા પર વિચાર કરવો પડશે. વધારે ઉતાવળ કરવાની કોઈ જરૂર નથી. તેમણે કહ્યું કે સોશ્યલ ડિસ્ટન્સના નિયમોમાં ઢીલાશ મુકવી વધારે પડતી ઉતાવળ હશે. ૭ મે સુધી લાગુ કરાયેલા લોકડાઉનની સમીક્ષા સબંધે બ્રિટીશ સરકારના મંત્રીએ કહ્યું કે કેટલાક અઠવાડિયામાં આની સમીક્ષા કરવામા આવશે. અમારી પાસે જે વૈજ્ઞાનિકો અને ડોક્ટરો છે તેમના વિચારો બાર નિર્ણય લેવો યોગ્ય રહેશે. તેમણે કહ્યું કે એનાથી બીજા તબક્કાનું રિસ્ક લેવા નથી માગતા. મહત્ત્વ પૂર્ણ બાબત છે કે બ્રિટનમાં કોરોનાનું સંક્રમણ ઓછું થઈ રહ્યું છે જે મહત્ત્વની બાબત છે.

પાક મહિલા ક્રિકેટ ટીમની પૂર્વ કેપ્ટન સના મીરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને કહી અલવિદા

લાહોર

પાકિસ્તાન મહિલા ક્રિકેટ ટીમની પૂર્વ કેપ્ટન સના મીરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને કાયમ માટે અલવિદા કરી દેવાની જાહેરાત કરી દીધી છે. તેની આ જાહેરાત પછી તેના ૧૫ વર્ષની કરિયર પર પણ પૂર્ણવિરામ લાગી ગયું છે. ૩૪ વર્ષની સના પાકિસ્તાન માટે ૧૨૦ વનડે અને ૧૦૬ ટી૨૦ મેચ રમી છે જેમાં તેણે ક્રમશઃ ૧૬૩૦ અને ૮૦૨ બનાવીને ક્રમશઃ ૧૫૧ અને ૮૯ વિકેટ લીધી છે.

૨૦૧૯માં સના મીર ૧૦૦ આંતરરાષ્ટ્રીય ટી૨૦ રમનારી પ્રથમ એશિયન મહિલા ક્રિકેટર બની ગઈ હતી.

૨૦૧૯માં કરાચીમાં વેસ્ટ ઈન્ડિઝ મહિલા ક્રિકેટ ટીમ સામે રમાયેલી ત્રીજી મેચમાં સના મીરે આ ઉપલબ્ધિ હાંસલ કરી હતી. આંતરરાષ્ટ્રીય કરિયરની ૧૦૦મી ટી૨૦ મેચમાં તેણે ૨૧ રન આપીને ૨ વિકેટ લઈ પોતાની ટીમને જીતાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. પૂર્વ કેપ્ટન અને સીનિયર ઓફ સ્પિનર સના મીરને ઓસ્ટ્રેલિયામાં યોજાયેલી મહિલા ટી૨૦ વિશ્વ કપ માટે પાકિસ્તાનની ૧૫ સભ્યોની મજબૂત ટીમમાંથી બહાર કરી દેવામાં આવી હતી.

મહિલા પસંદગી સમિતિએ આંતરરાષ્ટ્રીય અને ઘરેલુ ટૂર્નામેન્ટમાં તેના પ્રદર્શન તથા ઓસ્ટ્રેલિયાની પરિસ્થિતિઓમાં ટીમના સંયોજનનો હવાલો આપતા સનાને ટીમમાં જગ્યા આપી નહોતી. આ સમયથી જ તેની નિવૃત્તિની અટકળો શરૂ થઈ ગઈ હતી.

તંત્રી લેખ

કોરોનાનો ભય વધ્યો

ભારતમાં દર વર્ષે હજારો લોકો એવી બિમારીના કારણે જાન ગુમાવી દે છે જે બિમારીમાં સારવાર શક્ય હોય છે. કેટલીક વખત દર્દી હોસ્પિટલમાં ન પહોંચવાના કારણે મૃત્યુ પામે છે. કેટલીક વખત બેદરકારીના કારણે મૃત્યુ થાય છે. કેટલીક વખત હોસ્પિટલમાં પુરતી સુવિધા ન હોવાના કારણે મૃત્યુ પામે છે. કેટલીક વખત હોસ્પિટલમાં તબીબોની બેદરકારીના કારણે પણ દર્દીનુ મોત થાય છે. કેટલીક વખત તો નજીવી તકલીફના કારણે પણ દર્દીનુ તબીબોન ઉદાસીનતાના કારણે મૃત્યુ થાય છે આવી સ્થિતીમાં કોઇ નવી બિમારી અંગે સાંભળવા મળે અને તે ઝડપથી ફેલાતી દેખાય ત્યારે લોકો ભયભીત બને તે સ્વાભાવિક છે. આવી જ એક ની દહેશત હવે કોરોના વાયરસને લઇને રહેલી છે. આના કારણે ચીનમાં હજારો લોકોના મોત થયા છે. લાખો લોકો અસરગ્રસ્ત બન્યા છે. ૨૧૦થી વધારે દેશો તેના સકંજામાં છે.વિશ્વના દેશોમાં કોરોનાના કેસોની સંખ્યા ૨૯ લાખથી વધારે થઇ ચુકી છે. બે લાખ લોકોના મોત થઇ ચુક્યા છે. આ એક એક વાયરસ તરીકે છે જેનો આતંક દુનિયાના દેશોમાં ફેલાઇ ચુક્યો છે. આ એવો વાયરસ છે જેની સારવાર તો દુરની વાત છે હજુ સુધી તો તેના સોર્સ અંગે પણ માહિતી મળી શકી નથી. લક્ષણોના આધાર પર માની લેવામાં આવ્યુ છે કે આ એક અલગ પ્રકારના વાયરસ તરીકે છે. રોગના કેન્દ્ર તરીકે ચીનના વુહાન વિસ્તાર છે. ત્યાંથી દુનિયાના દેશોમાં પહોંચી જતા હાહાકાર છે. છેલ્લા ત્રણ દિવસોમાં ભારતમાં કોરોના વાયરસના કારણે ગ્રસ્ત લોકોની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે. વાયરસથી ગ્રસ્ત બીજા લોકો પણ સકંજામાં આવી રહ્યા છે. જેનાથી સાબિત થઇ ગયુ છે કે ભારત પણ સુરક્ષિત નથી. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા જે ૨૦ દેશોમાં આ વાયરસ સૌથી વધારે ફેલાઇ શકે છે તેવી શંકા વ્યક્ત કરી છે તેમાં ભારત પણ સામેલ છે. અહીં વધારે વસ્તી અને પશુ તેમજ માનવી વચ્ચે વધારે સંપર્ક હોવાના કારણે આની દહેશત વ્યક્ત કરવામાં આવી છે. ચીનમાંથી પરત ફરી રહેલા તમામ લોકો પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. તમામ સાવચેતીના પગલા દેશભરમાં લેવામાં આવી રહ્યા છે. આશા રાખી શકાય છે કે તંત્ર આને ફેલતા રોકી શકશે. કેટલાક જાણકાર લોકો તો અહીં સુધી દાવો કરે છે કે ડબલ્યુએચઓ આંતરરાષ્ટ્રીય દવા નિર્માણ કરતી લોબીના ઇશારે કામ કરે છે. દર બે ત્રણ વર્ષમાં કોઇને કોઇ નવી બિમારી અને વાયરસ આવે છે. ત્યારબાદ તેને રોકવાના નામે દવા કંપનીઓ જોરદાર રીતે સક્રિય થઇ જાય છે. જંગી કમાણી શરૂ થાય છે. બર્ડ ફ્લુ, સ્વાઇન ફ્લુથી લઇને સાર્સ જેવા રોગ આવી ચુક્યા છે. આ તમામ બિમારી ફેલવા અને તેના પર અંકુશ થઇ જવાના ઇતિહાસ રહેલા છે. બિમારીઓના લક્ષણ અને તેને રોકનાર દવામાં પણ કોઇ ખાસ અંતર દેખાતા નથી. હવે કોરોના વાયરસના લક્ષણ જોવામાં આવે તો તે ફ્લુ જેવા દેખાઇ રહ્યા છે. જો કે આ દાવાને પુર્ણ રીતે માની લેવામાં આવે તો પણ કેટલીક નક્કર બાબતો ઉભરીને સપાટી પર આવતી નથી. જો કે આવી તમામ શંકાના નિવારણની પણ જરૂર દેખાઇ રહી છે.

કોરોના વાયરસની સામે લડવાની બાબત ખુબ પડકારરૂપ છે : સાવધાની જરૂરી છે

કોરોના વાયરસ વચ્ચે સર્વોચ્ચ પ્રાથમિકતાની જરૂર છે કારણ કે...

આરોગ્ય ક્ષેત્રને સર્વોચ્ચ મહત્વ જરૂરી

દેશમાં કોરોના વાયરસનો આતંક જારી રહ્યો છે ત્યારે આરોગ્યના ક્ષેત્રમાં વધારે ધ્યાન આપવાની જરૂર દેખાઇ રહી છે. કારણ કે વર્તમાન સ્થિતીમાં દેશની સામે અનેક પ્રકારના પડકારો આવી ગયા છે. કોરોના વાયરસના હાહાકાર વચ્ચે આરોગ્ય ક્ષેત્રે વધારે સાવધાની જરૂરી બની ગઇ છે. આરોગ્યના ક્ષેત્રને હવે વધારે પ્રાથમિકતા આપવામાં આવી રહી છે પરંતુ હજુ વધારે ઝડપથી આ ક્ષેત્રે આગળ વધવાની જરૂર છે. કોરોના વાયરસની સ્થિતી પહેલા પણ દેશમાં આરોગ્યના ક્ષેત્રમાં સ્થિતીને સુધારી દેવા માટે છેલ્લા કેટલાક વર્ષોમાં ઉલ્લેખનીય કામગીરી કરવામાં આવી છે પરંતુ કોરોના વાયરસે હાહાકાર મચાવી દીધા બાદ સ્થિતી ભારત માટે વધારે ચિંતાજનક છે. હવે આરોગ્ય ક્ષેત્રે અનેક ગણી વધારે ગતિ સાથે કામ કરવાની જરૂર છે. હાલમાં નવી નવી મેડિકલ કોલેજો શરૂ કરવામાં આવી છે. તબીબોની સંખ્યામાં પણ વધારો થઇ રહ્યો છે. જો કે ભારતમાં હજુ પણ આરોગ્યના ક્ષેત્રમાં અનેક ખામીઓ નજરે પડે છે. વિદેશમાં આરોગ્યની સેવાઓને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે છે. જ્યારે ભારતમાં હજુ પણ આંકડા એકત્રિત કરવાની કામગીરી જ ચાલી રહી છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે આરોગ્યના ક્ષેત્રમાં વધુ એક ક્રાન્તિ કરવાની જરૂર છે. ૨૦ટકા વૈશ્વિક બિમારીઓનો બોજ એકલા ભારત પર છે. ડાયાબિટીસ અને કેન્સર જેવા રોગના દર્દીઓની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. આંકડાની વાત કરવામાં આવે તો અમેરિકામાં ૯.૫ લાખ રૂપિયા પ્રતિ વ્યક્તિ વાર્ષિક ખર્ચ કરવામાં આવે છે છતાં અમેરિકામાં જીવન આયુષ્ય ઘટી રહ્યુ છે. કોરોના વાયરસે અમેરિકાની હાલત ખરાબ કરી નાંખી છે. આ સ્થિતીને જોતા હવે ભારતને વધારે સાવધાનીની જરૂર છે. છેલ્લી સદી આરોગ્યની દ્રષ્ટિથી માનવી માટે ખુબ ક્રાન્તિકારી રહી છે. અમે અનેક સિદ્ધીઓ પોતાના નામ પર કરીને આગળ વધી રહ્યા છીએ. કેટલીક બિમારીઓને તો હમેંશા માટે ખતમ કરી ચુક્યા છીએ. કેટલીક બિમારીનો ઉપચાર શોધી કાઢવામાં



૨૦ ટકા વૈશ્વિક બિમારીનો બોજ એકલા ભારત પર છે : કોરોનાનો આતંક જે રીતે જારી છે તે જોતા વધારે સાવધાની જરૂરી બની ગઇ છે

સફળતા મળી છે. આ ગાળા દરમિયાન દરેક ત્રણ વર્ષમાં જીવન ધોરણમાં એક ટકાનો વધારો થયો છે. જેમાં સારા પોષણની બાબત, સારા પર્યાવરણ, સ્વચ્છતા અને સારી જાહેર બાબતોનો સમાવેશ થાય છે. સારી અને ઉપયોગી શોધ થવાના કારણે લોકોના આયુષ્યમાં વધારો થયો છે. મોટા ભાગના લોકો માની રહ્યા છે કે આ સફળતા અકબંધ રહેશે. પ્રશ્ન એ થાય છે કે શુ આગામી વર્ષોમાં ૮૦ વર્ષની વ્યક્તિ આજની ૮૦ વર્ષની વ્યક્તિ જેટલી સ્વસ્થ રહેશે. આવો પ્રશ્ન કરવામાં આવે ત્યારે મોટા ભાગના લોકો કહે છે કે સ્વસ્થ રહેશે નહી. અમે છેલ્લી સદીની ગતિને આ સદીમાં જાળવી શક્યા નથી. છેલ્લા સદીની પ્રગતિને અમે સ્થુળતા, ડાયાબીટીસ, આત્મહત્યા અને દવામાં બગાડી ચુક્યા છીએ. પરંતુ ઘણા દેશોમાં આ ગતિ ધીમી છે. તમામ જાણકાર લોકો માની રહ્યા છે કે આવનાર દશકોમાં આરોગ્યને લઇને વધારે મોટા પડકારો રહેનાર છે. માનવી આરોગ્ય પર વય વધવાની અસર પ્રતિકુળ દેખા રહી છે. વર્તમાન સમયમાં ૬૦ વર્ષની વયમાં પહોંચી ગયેલી વ્યક્તિમાં એકને એક તો એવી બિમારી આવી ગઇ છે. જ્યારે ૮૫ વર્ષની વયની વ્યક્તિમાં આવી ચાર બિમારી રહેલી છે. મોટી વયના લોકો કોરોનાના કારણે વધારે સકંજામાં આવી રહ્યા છે. આરોગ્ય વ્યવસ્થા દ્વારા આ પ્રકારની ઘાતક વૃદ્ધિનો સામનો ક્યારેય કર્યો નથી. આધુનિક તબીબી વ્યવસ્થા બિમારીઓને કાબુમાં લેવા તો મદદ કરે છે પરંતુ તેમાંથી મોટા ભાગની બિમારીનો ઇલાજ કરતી નથી. તબીબી ક્ષેત્રે થઇ રહેલી શોધ ભવિષ્યના પડકારોને પહોંચી વળવા માટે પુરતી નથી. હકીકતમાં આ પડકારોને પહોંચી વળવા માટે સૌથી મોટી અડચણ અથવા તો સૌથી મોટી આશા ડેટા તરીકે છે.ડેટા તૈયાર કરવા માટે વધારે ધ્યાન આપવાની જરૂર છે. લોકોની બિમારી સાથે સંબંધિત ડેટા સુરક્ષિત રાખવા માટેની જવાબદારી સંસ્થા અથવા તો કમિટીની રહેશે. આજે વિશ્વમાં હેલ્થકેર સૌથી મોટી સમસ્યા અને પડકાર છે. તબીબોની વાત કરવામાં આવે તો નિષ્ણાંત તબીબોનો અભાવ છે. એલોપેથી તબીબોની સંખ્યા ૧૦૨૨૮૫૯ રહેલી છે. જે હવે વધી છે. ડેન્ટલ સર્જન લોકોની સંખ્યા ૧૯૭૭૩૪ રહેલી છે. જેમાં હવે વધારો થયો છે. આંકડા દર્શાવે છે કે સહાયક નર્સની સંખ્યા થોડાક વર્ષ પહેલા ૮૨૧૧૪૭ હતી જે હવે વધી છે. ભારતમાં મેડિકલ કોલેજની સંખ્યાની વાત કરવામાં આવે તો સંખ્યા થોડાક વર્ષ પહેલા ૪૬૨ હતી જે હવે વધી ગઇ છે. કોરોનાની સ્થિતી ઉભી થયા બાદ સરકાર પણ આરોગ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. હાલ દુનિયાના દેશો સક્રિય થયા છે.

બરફ ગરમીમાં ગાયબ થઇ જવાના સંકેત, વૈજ્ઞાનિકો ચિંતાતુર

આર્કટિકથી હવે બરફ ગાયબ થશે

વર્ષ ૨૦૫૦ સુધી આર્કટિક મહાસાગરમાં દેખાતી બરફ ગરમીના દિવસોમાં ગાયબ જઇ જશે. વૈજ્ઞાનિકોના કહેવા મુજબ આર્કટિકનુ સરેરાશ તાપમાન પહેલાથી જ ૦૨ ડિગ્રી સુધી વધી ગયુ છે. જેના પરિણામસ્વરૂપે દક્ષિણી ધ્રુવમાં જામેલી બરફની ચાદર ઝડપથી ઓગળી રહી છે. આ રિપોર્ટ હાલમાં હાલમાં જ જર્નલ જિયોફિજિકલ રિસર્ચ લેકર્સમાં પબ્લિશ થયા છે. આને દુનિયાની ૨૧ પ્રમુખ સંસ્થાઓએ ૪૦ જુદી જુદી ક્લાઇમેટ મોડલ્સની મદદથી તૈયાર કરવામાં સફળતા મળી રહી છે. રિસર્ચમાં દાવો કરવામાં આવ્યો છે કે ક્લાઇમેટ ચેંજને રોકવા માટે કોઇ પણ પ્રયાસ આને બદલી શકે તેમ નથી. આ લગભગ નક્કી છે કે આવનાર દશકોના ગાળા દરમિયાન આર્કટિકની બરફ ગરમીમાં પૂર્ણ રીતે ખતમ થઇ જશે. નિષ્ણાંતોએ કહ્યુ છે કે આ નક્કી નથી કે આર્કટિક કેટલી વખત અને કઇ રીતે ઓગળી જશે તે વાત કરવી મુશ્કેલ છે. આ અભ્યાસ સાથે જોડાયેલા જર્મનીની યુનિવર્સિટી ઓફ હેમ્બર્ગના રિસર્ચરના કહેવા મુજબ હજુ સુધી બરફ ગાયબ થવાની બાબત રોકાઇ શકે છે. વૈશ્વિક ઉત્સર્જનને ઝડપથી ઘટાડી દેવામાં આવે તે જરૂરી છે. અંદાજ એ છે કે દુનિયાની પાસે હવે માત્ર ૧૦૦૦ ગીગા ટન કાર્બન બજેટ બાકી છે. આનો અર્થ એ છે કે જો અમે આના કરતા વધારે ઉત્સર્જન કરી રહ્યા છીએ તો અમે



કેટલાક દશકોમાં બરફ સંપૂર્ણપણે ખતમ થઇ જશે : ક્લાઇમેટ ચેંજને રોકવા માટે અમે કેટલાક પ્રકારના પ્રયાસો ખુબ જરૂરી છે

તાપમાનમાં થઇ રહી છે . જો તમામ પ્રયાસો કરવામાં આવશે તો જ તાપમાનને નીચે રાખી શકાશે. આ રિસર્ચ મુજબ જો અમે આ ઉત્સર્જનને રોકી દેવામાં આવશે તો આર્કટિકને ગરમીમાંથી બરફને મુકત થતા કોઇ રોકી શકશે નહીં. અમે અમારા પૂર્ણ કાર્બન બજેટને ખર્ચ ન કરીએ તો પણ સ્થિતી સુધરશે નહીં. કેટલાક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે જો અમે આ ઉત્સર્જનને રોકી દઇશુ તો પણ આર્કટિકને ગરમીમાં બરફ મુક્ત કરી શકીશુ નહીં. આર્કટિકની બરફ ૨૦૫૦ સુધી ૧૦ લાખ વર્ગ કિલોમીટરથી પણ ઓછી રહી જશે. નેશનલ સ્નો એન્ડાઇસ ડાટા સેન્ટરના રિપોર્ટ મુજબ માર્ચ ૨૦૨૦માં આર્કટિક દરિયામાં બરફનુ ક્ષેત્રફળ આશરે ૧.૪૮ કરોડ વર્ગ કિલોમીટર માપવામાં આવ્યુ છે. આ રેકોર્ડ મુજબ ૧૧મી વખત સૌથી ઓછા સ્તર પર આંકડો છે. ઉત્તરીય ધ્રુવ પૂર્ણ વર્ષે બરફથી ઠકાયેલા રહે છે. જો શરદીના દિવસોમાં બરફ ફરી પહેલા જેવી થઇ જાય છે. હાલના કેટલાક દશકોમાં ક્લાઇમેટ ચેંજના પરિણામસ્વરૂપે જટિલ બની જાય છે. જ્યાં બરફ ઝડપથી ઓગળી રહી છે ત્યાં સ્થિતીરહેલી નથી. કેટલાક સમયમાં બરફ સંપૂર્ણરીતે ઓગળી જશે તેમ માનવા માટે કોઇ કારણ નથી તેમ પણ કેટલાક નિષ્ણાંતો માની રહ્યા છે. કોરોના વાયરસની અભૂતપૂર્વ સ્થિતીની કારણે હાલમાં આ વિષય પર કોઇ ધ્યાન આપી રહ્યુ નથી. વૈજ્ઞાનિકોના કહેવા મુજબ કોરોના વાયરસની જટિલ સ્થિતી વચ્ચે હાલમાં કોઇ અન્ય વિષયની ચર્ચા થઇ રહી હતી. મુખ્ય ધ્યાન દુનિયાના દેશોએ કોરોના પર કેન્દ્રિત કરી દીધુ છે. જો કે આ સ્થિતી પણ એટલી જ જટિલ થયેલી છે.

ટેનિસ ત્રિમુર્તિ : નડાલ, જોકો, ફેડરર

ટેનિસની દુનિયામાં નોવાક જોકોવિક, રાફેલ નડાલ અને રોજર ફેડરરની ત્રિમુર્તિનો જાદુ અકબંધ રહ્યો છે. આ ત્રણેય ખેલાડીઓએ હજુ સુધી વર્ષ ૨૦૦૩થી ૬૭ પૈકીના ૫૬ ગ્રાન્ડ સ્લેમમાં જીત મેળવી છે. જે સાબિત કરે છે કે આ ત્રણેય ખેલાડી પૈકી કોઇ એક દરેક ગ્રાન્ડ સ્લેમમાં મોટા ભાગે વિજેતા થાય છે. વર્ષ ૨૦૦૩માં રોજર ફેડરરે પ્રથમ વખત ગ્રાન્ડ સ્લેમ વિમ્બલ્ડનમાં જીત મેળવી હતી. ત્યારબાદ રાફેલ નડાલ ૧૯ અને નોવાક જોકોવિકે ૧૭ ગ્રાન્ડ સ્લેમ જીતી છે. રોજર ફેડરર ૨૦ ગ્રાન્ડ સ્લેમ જીતી ચુક્યો છે. આનો અર્થ એ થયો કે કે છેલ્લે ૬૭ ગ્રાન્ડ સ્લેમમાં આ ખેલાડીઓ રમ્યા છે તે પકી ૫૬માં તેમના પૈકી એકની જીત થઇ છે. ત્રણેય દિગ્ગજ ખેલાડી જુદા જુદા ગ્રાન્ડ સ્લેમમાં પ્રભુત્વ જાળવી રાખવામાં સફળ રહ્યા છે. દુનિયાના પ્રથમ ક્રમાંકિત ખેલાડી જોકોવિકની વાત કરવામાં આવે તો સર્બિયાના આ સ્ટાર ખેલાડીએ વર્ષ ૨૦૦૮, ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૩, ૨૦૧૫, ૨૦૧૬ અને ૨૦૧૯માં પણ ઓસ્ટ્રેલિયન ઓપનનો તાજ જીત્યો હતો. આ ઉપરાંત તે પાંચ વખત વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપમાં વિજેતા થઇ ચુક્યો છે. તે ત્રણ ત્રણ વખત અમેરિકી અને ફ્રેન્ચ ઓપનમાં વિજેતા થયો છે. જોકોવિકે ૧૭ ગ્રાન્ડ સ્લેમમાં જીત મેળવી છે. જોકોવિક હવે સૌથી વધારે પુરૂષ ગ્રાન્ડ સ્લેમ સિગલ્સ સ્પર્ધા જીતનાર રાફેલ નડાલ (૧૯) અને રોજર ફેડરર(૨૦)થી થોડોક પાછળ રહેલો છે. છ મહિના પહેલા ફેડરરન સામે વિમ્બલ્ડન ફાઇનલમાં બે ચેમ્પિયનશીપ પોઇન્ટ બચાવી લીધા બાદ પાંચ સીટોમાં જીત મેળવી લેનાર જોકોવિકે ફરી એકવાર સાબિતી આપી દીધી છે કે તેની અંદર છેલ્લે સુધી હાર ન માનવાનો જુસ્સો અકબંધ રહ્યો છે. હાલમાં રમાયેલી ઓસ્ટ્રેલિયનમાં જીત સાથે જોકોવિકે તેના ઓસ્ટ્રેલિયન ઓપનમાં રેકોર્ડને સુધારી દેવામાં સફળતા મેળવી છે. તે મેલબોર્ન પાર્ક ખાતે દર વર્ષે રમાતી આ ગ્રાન્ડ સ્લેમની સેમીફાઇનલ અને ફાઇનલમાં ક્યારેય પરાજિત થયો નથી.

મહિલાઓની સામે હિંસામાં વધારો થઇ રહ્યો હોવાના હેવાલ આવ્યા

જળવાયુ પરિવર્તનથી હિંસા વધી છે

જળવાયુ પરિવર્તનને લઇ વારંવાર નવા નવા અભ્યાસના તારણો પ્રકાશિત કરવામાં આવે છે. હવે વધુ કેટલાક નવા હેવાલના તારણો જારી કરવામાં આવ્યા છે. જે આશ્ચર્ય જગાવે છે. એક નવી શોધમાં દાવો કરવામાં આવ્યો છે કે જળવાયુ પરિવર્તન અને પર્યાવરણીય ફેરફારના વૈશ્વિક સંકટના કારણે મહિલાઓ અને યુવતિઓની સામે હિંસાના બનાવો વધી રહ્યા છે. હિંસાને પ્રોત્સાહન મળી રહ્યુ છે. ઇન્ટરનેશનલ યુનિયન ફોર ધ કન્ઝર્વેશન ઓએફ નેચરના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે જાતિ આધારિત શોષણ સંકટને હાથ ધરવા માટે અમારી ક્ષમતા ઘટાડી રહી છે. ખાસ કરીને ગરીબ દેશોમાં જળવાયુ પરિવર્તનના અનુકુળ હોવાના પ્રયાસ નિષ્ફળ સાબિત થઇ રહ્યા છે. સંશાધનોને ખરાબ કરવામાં આવી રહ્યા છે. કારણ કે તે જાતિ અસમાનતા અને મહિલાઓ તેમજ યુવતિઓ પર પ્રભાવને ધ્યાનમાં રાખતા નથી. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે તેને તૈયાર કરવામાં બે વર્ષનો સમય લાગી ગયો છે. જેમાં એક હજાર કરતા વધારે સોર્સને સામેલ કરવામાં આવ્યા છે. શોધમાં સરકારો અને સંસ્થાઓને સુચન કરવામાં આવ્યા છે કે તેઓ જળવાયુ પરિવર્તન પર નીતિ બનાવતી વેળા મહિલાઓ અને યુવતિઓને ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે. દાવો કરવામાં આવ્યો છે કે જાતિય અસમાનતાની સમસ્યા દક્ષિણ-પૂર્વ એશિયા તેમજ આફ્રિકી દેશો કરતા વધારે છે. રિપોર્ટના મુખ્ય લેખક કેટ ઓરેને કહ્યુ છે કે પુરતા પુરાવા મળી રહ્યા છે કે જળવાયુ પરિવર્તન જાતિ આધારિત હિંસાને પ્રોત્સાહન આપે છે. પર્યાવરણીય પરિવર્તન લોકો માટે કમી અને ટેન્સન ઉભી કરે છે. પુરાવા દર્શાવે છે કે જ્યાં પર્યાવરણીય દબાણ વધી જાય છે ત્યાં જાતિ આધારિત હિંસા વધી જાય છે. કેટલીક બાબતોની સતત અવગણના કરવામાં આવી રહી છે. જેના કારણે જ પર્યાવરણીય સમસ્યા વધુને વધુ ગંભીર બની રહી છે. કાર્યવાહક મહાનિર્દેશક ગ્રૈથલ એગુઇલરે કહ્યુ છે કે પર્યવણીય સમસ્યાની અવગણના કરવાના કારણે ભોજનથી લઇને સુરક્ષા સુધી અશક્ય બાબત બની રહી છે. અભ્યાસ બાદ એવુ પણ જાણવા મળ્યુ છે કે કુદરતને નુકસાન પહોંચાડનાર માનવતા પણ દુનિયાભરની મહિલાઓની સામે હિંસાને પ્રોત્સાહન આપી રહી છે. આના કારણે મહિલા સામે હિંસાને હવા મળી રહી છે. પહેલા પણ કેટલાક રિપોર્ટમાં આ બાબત સપાટી પર આવી ચુકી છે કે દુનિયાભરના મોટા ભાગના હિસ્સામાં મહિલાઓ પહેલાથી જ સંસાધનોથી વંચિત રહી છે. તેમની પાસે જુદા જુદા અધિકારોનો અભાવ છે. તે શોષણની ચપેટમાં વહેલી તકે આવી રહી છે. કુદરતી હોનારતના કારણે વૈશ્વિક સ્તર પર આશરે એક કરોડ ૨૦ લાખથી વધારે યુવતિઓ લગ્નથી વંચિત રહી જાય છે. જળવાયુ પરિવર્તનની અસર હવે જોવા મળી રહી છે. તાપમાનમાં વધારો થવાના કારણે તેની અસર લાંબા ગાળા પર વધારે જોવા મળી રહી છે. આના કારણે માનવી લાઇફ પર અને આર્થિક ગતિવિધી પર પણ અસર થઇ રહી છે. વર્ષ ૨૦૧૮-૧૯માં જળવાયુ પરિવર્તનની અસર વચ્ચે ૨૪૦૦ લોકોના મોત થયા હતા. જેમાં પુર અને ચક્રવાતના કારણે લોકોના મોત થયા હતા. હવામાન વિભાગ પણ માને છે કે વર્ષ ૧૯૦૧ અને ૧૦ વચ્ચે સરેરાશ તાપમાનમાં ૦.૯ ડિગ્રી સુધીનો વધારો થયો છે. વિશ્વ બેંકે તો અંદાજ મુક્યો છે કે જો જળવાયુ પરિવર્તનની આ ગતિ જારી રહેશે તો સદીના અંત સુધી ભારતમાં સરેરાશ તાપમાન ૨૯.૧ ડિગ્રી થઇ જશે. આના કારણે નવી નવી સમસ્યા ઉભી થઇ શકે છે. જળવાયુ પરિવર્તનને લઇને દુનિયાના દેશો સાવધાન દેખાઇ રહ્યા છે. જો કે તેના નક્કર પરિણામ હાથ લાગી રહ્યા નથી. વર્તમાન ડેટા દર્શાવે છે કે છેલ્લા આઠ વર્ષમાં સૌથી ગરમ વર્ષ તરીકે ૨૦૧૬ રહેતા એ ગાળામાં સરેરાશ તાપમાન ભારતમાં ૨૬.૨ ડિગ્રી રહ્યુ હતુ. જળવાયુ પરિવર્તનની સ્થિતી વચ્ચે જ કેટલીક જગ્યાએ વધારે વરસાદ અને કેટલીક જગ્યાએ દુકાળની સ્થિતી જોવા મળે છે. .

નાથુલા મારફતે યાત્રા પર બ્રેક મુકી દેવાઇ છે

માનસરોવર યાત્રા પર બ્રેક

સિક્કિમના પ્રવાસ પ્રધાન બીએસ પંતે માહિતી આપતા કહ્યુ છે કે કોરોના વાયરસના કારણે આ વર્ષે કેલાશ માન સરોવર યાત્રા અને નાથુલા માર્ગ મારફતે ભારત અને ચીન વચ્ચે સરહદી વેપાર થશે નહીં. નાથુલા મારફતે સરહદી વેપાર મેમાં જ્યારે આ માર્ગ મારફતે કેલાશ માનસરોવર યાત્રા જુન મહિનામાં શરૂ થનાર હતી. વિદેશ મંત્રાલય બે જુદા જુદા માર્ગો લિપુ લેખ (ઉત્તરાખંડ) અને નાથુલા (સિક્કિમ) મારફતે દર વર્ષે જુન્ને સપ્ટેમ્બરમાં યાત્રાનુ આયોજન કરવામાં આવે છે. કેલાશ માનસરોવર તિબેટમાં છે. દર વર્ષે સેંકડો લોકો આ યાત્રામાં ભાગ લેતા હોય છે. પંતે હાલમાં કહ્યુ છે કે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને પોતાના નિર્ણય અંગે જાણ કરી દીધી છે. ભારત અને ચીન વચ્ચે નાથુલા સરહદી વેપારને ચાર દશકથી વધારે સમયના અંતર બાદ ૨૦૦૬થી ફરી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ભારત અને નેપાળ વચ્ચે નાથુલા સરહદી વેપારને ફરી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સિક્કિમ પ્રવાસ ક્ષે કોરોના વાયરસના કારણે ખરાબ રીતે અસરગ્રસ્ત છે. રાજ્ય સરકાર ૧૦ કરોડ રૂપિયાથી વધારેની મહેસુલી રકમ ગુમાવી રહી છે. તેમણે કહ્યુ છે કે કોરોના વાયરસના કારણે માર્ચના પ્રથમ સપ્તાહમાં રાજ્યમાં સ્થાનિક અને વિદેશી પ્રવાસ પર બ્રેક મુકી દેવામાં આવી છે. તેમણે કહ્યુ છે કે રાજ્ય સરકાર કોરોના વાયરસના કારણે ભારે મુશ્કેલી છે. સિક્કિમ પ્રવાસ ખરાબ રીતે પ્રભાવિત છે. રાજ્ય સરકાર કોવિડ-૧૯ના કારણે થયેલા નુકસાનની ખાતરી કરી રહી છે. તે કેન્દ્ર સરકારને ટુંક સમયમાં જ રિપોર્ટ આપનાર છે. કેન્દ્ર સરકાર વિવિધ પગલા લઇ રહી છે. પ્રવાસને વ્યવસ્થિત કરવાના પગલા પર વાત કરી રહી છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

લોકડાઉન છૂટ આપી એ સરકારની ભૂલ છે કે પછી લોકોને પચતી નથી?

એક સમયે આત્મશ્લાઘામાં રાચતા કેન્દ્રના આરોગ્ય મંત્રાલયને હવે સાચી અનુભૂતિ થઈ હશે... કોરોનાથી લોકોને ડરવાની જરૂર નથી આપણી પાસે તમામ પ્રકારની તૈયારી છે. પરંતુ ભારતભરમાં કોરોનાએ પોતાનુ અસલી રાક્ષસી રૂપ બતાવી દેતા... બોલતી બંધ થઈ ગઈ હશે....! હવે હકીકતોને સમજીને વડાપ્રધાન શ્રીના આદેશ પછી દેશભરમાં રાજ્ય સરકારોએ વિવિધ પ્રકારના અનેક પગલાં લીધા છે. પરંતુ આજના ભારતના અનેક લોકો આપણને કંઈ થવાનું નથી તેમ આત્મશ્લાઘામા રાચે છે જે આમ પ્રજા માટે મોટી મુશ્કેલી રૂપ છે. દેશભરમાં કોરોના સંક્રમિતોનો આક ૨૮ હજાર તરફ જવા આગળ વધી રહ્યો છે.....જ્યારે મૃતાક ૯૦૦ ના આકને આબવાની તૈયારીમાં છે.... કેન્દ્ર સરકાર મોડી જાગી છે તે હકીકત છે....! છતાં તેની વાત અત્યારે કરવી ઉચિત નથી... છતાંય એક કુશળ વહીવટ કર્તા વડાપ્રધાને lockdown જાહેર કરી કોરોના નાથવા માટે અથાગ પ્રયત્નો કર્યા છે. પરંતુ lockdown જાહેર કરતા પહેલા ગરીબ, મજૂર, રોજનુ લાવી રોજ ખાનારા,લોઅર મધ્યમ વર્ગ ના લોકો સુધી જીવન જરૂરી તમામ ચીજ વસ્તુઓ પહોંચી જવી જોઈએ તે બાબત તદ્દન ભુલવામાં આવી છે.... આમ છતાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ તમામ વર્ગના લોકો માટે મફત અનાજ સહિતની ચીજવસ્તુઓનું વિતરણ રેશનિગની દુકાનો દ્વારા કરાવ્યું પરંતુ તે પણ આયોજન વગર....! કારણ આ તમામ વર્ગના લોકોની રેશનની દુકાન ઉપર અનાજ લેવા લાઈનો લગાવી દીધી હતી... પરિણામે lockdown ના જરૂરી નિયમોનું પાલન થયું ન હતું તે પણ એક હકીકત છે.... પછીથી સરકારને પોતાની ભૂલ સમજાતા એકી- બેકી આક અનુસાર અનાજ લેવા માટેની જાહેરાતો કરતા લોકોને રાહત થઈ... પરંતુ ડિસ્ટન્સ જાળવવાનુ લોકો સમજતા ન હતા તેના પરિણામ હવે મળવા લાગ્યા છે...કોરોના સંક્રમિતોની સંખ્યા સાથે મૃતાંક પણ વધવા લાગ્યો છે. પરિણામે સરકારને હવે લોકડાઉન વધાર્યા સિવાય કોઈ છૂટકો નથી રહ્યો.....!!

એક સમયે અમેરિકા અને યુરોપના દેશોએ lockdown બાબતે વિરોધ કર્યો અને હવે આકરા પરિણામો ત્યાંની પ્રજા ભોગવી રહી છે. દેશભરના જે-તે રાજ્યોએ કોરોનાગ્રસ્તો માટે હોસ્પિટલો ઉભી કરવા સાથે જે તે હોસ્પિટલમાં કોરોના દર્દીઓ માટેની સુવિધા ઉભી કરી દીધી... પરંતુ પીપીઈ કિટ,માસ્ક જરૂરી પ્રમાણમા ન અપાયા, જે તે તમામ વિસ્તારોને સેનેટાઈઝ કરવામા નિસ્ફળ રહ્યા છે....! જો કે કેરળ રાજ્યમા પ્રથમ કેસ નોંધાયો અને ત્યાંની સામ્યવાદી સરકાર તુરંત હરકતમાં આવી ગઈ lockdown જાહેર કરતાં પહેલા ત્યાંના ગરીબો સહિતના લોકોના ઘરે ઘરમાં જીવન જરુરિયાતની ચીજ વસ્તુઓસુખી સંપન્ન લોકોનો સહયોગ લઈને પહોંચાડી દીધી... પછી લોકડાઉનમા છુટ આપી દીધુ અને ધંધા-વેપાર,રોજગાર શરૂ થઈ ગયા જે બાબત કેન્દ્ર સરકારને પસંદ ન આવતા અમિત શાહે કેરળ સરકારની ખબર લેવા ગયા.... પરંતુ ત્યાંની ત્રણેક વિસ્તારોને રેડ ઝોનમા રાખ્યા હતા.સરકારે લોકડાઉન નિયમો અમલમાં રાખ્યા હતા એટલે અમીતજીનુ રાજકારણ ચાલ્યુ નહી....!તો બંગાળ સરકાર સામે રણશિંગુ ફૂંક્યું છે પણ મમતા ગાજ્યા જાય તેવા નથી... જેથી ભાજપાએ લોકડાઉનનુ પાલન કરવા સાથે કેટલાક વિસ્તારમા ઘરણા ચાલુ કર્યા છે પણ ત્યાંના અને દિલ્હીના રાજકારણીઓ અને બુદ્ધિજીવી લોકો સવાલ કરતા કહે છે કે આવા મહામારીના સમયે આવો રાજકીય ખેલ કરવો કેટલો યોગ્ય...?આમા તો મોદીજીનુ સ્વપ્ન નિષ્ફળ જઈ શકે....!

ગુજરાતમાં અક્ષય તૃતીયાએ અમદાવાદ, સુરત, વડોદરા સહિતના હોટસ્પોટ વિસ્તાર સિવાયના વિસ્તારોમાં નાના-મોટા ધંધા-રોજગાર માટે લોકડાઉન નિયમ પાલન કરવાની શરતોને આધીન ખોલવા માટે છૂટછાટ આપી. અને છુટ મળતા લોકો ખરીદી કરવા ટોળાબંધ નિકળી પડ્યા અને જે ભીડ જામી તેમાં ડિસ્ટન્સ રાખવાનુ,માસ્ક ધારણ કરવાની વાતના ધજ્જીયા ઉડી ગયા... તો કેટલાક કોરોનાગ્રસ્ત વિસ્તારના ખરીદી માટે ભીડ વચ્ચે પહોંચી ગયા હતા....! તેના અહેવાલ મળતા જ સરકારે બપોર પછી જે તે દુકાનો ખોલવા મંજૂરી આપેલ એ પરત ખેંચી લેવાની ફરજ પડી હતી. લોકો કહે છે કે સરકારે છુટ આપવાનુ વિચાર્યા વગરનું પગલુ લીધુ હતુ તે યોગ્ય ન હતું.... કારણ ગુજરાતમાં કોરોના સંક્લમિતોના કેસો અને મૃતાક વધતો ચાલ્યો છે. રવિવારની રાત્રે કેસોમાં ઝડપી ઉછાળો આવ્યો જેમાં અમદાવાદ, સુરત, વડોદરા માં સૌથી વધુ કોરોના વાયરસ કેસો નોંધાઈ ગયા... તો મૃતાક ૧૮ નોધાયો જે રવિવારે નોધાયા. ગુજરાત સરકાર કોરોના નાથવા અનેક પગલાં લઈ રહી છે પરંતુ જમીનસ્તરે શું થઈ રહ્યું છે તે તરફ સરકારનું ધ્યાન પહોંચ્યુ હોય તેમ લાગતું નથી.....! રાજ્યભરમાં જ્યા કોરોના કેસો બહાર આવ્યા તે તમામ નાના- મોટા શહેરો અને ગામોમાં સેનેટાઈઝર કરવું જરૂરી છે, શાકભાજી ખરીદી માટેના સ્પોટ મિઝોરામ રાજ્યની જેમ નક્કી કરી દેવા જરૂરી છે, જીવન જરૂરી ચીજ વસ્તુઓ ઘેરબેઠા કે નજીકમાં જ મળી રહે તેવું આયોજન કરવાની પણ જરૂર છે. કારણ કે સરકારે જાહેરમાં નીકળી પડતા અવિચારી લોકો સામે પણ લડવું પડશે. હોસ્પિટલમાં રાખવામાં આવેલ કોરોના દર્દીઓને ટાઈમસર ચા-પાણી, ખાવાનું સમયસર મળી રહે તે પણ કરવાની જરૂર પડે તેવી સ્થિતિ બની રહી છે... જેને ગંભીરતાપૂર્વક સરકારે લેવાની જરૂર છે...અને ત્યારેજ ગુજરાતની રૂપાણી સરકારને સફળતા મળી શકે.....! વંદે માતરમ્

આ વખતે સોનાક્ષીએ ટ્વિટર પર એક સેલ્ફી શેર કરતા ઉડી મજાક

મુંબઈ

દેશભરમાં કોરોના વાયરસના ફેલાવાને રોકવા માટે લોકડાઉન લાદવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં જનતા તેમના ઘરોમાં બંધ છે. આ તે સમય છે જ્યારે સામાન્ય લોકોથી લઈને બોલીવુડ સ્ટાર્સ સુધીના લોકો તેમની જૂની સામાન્ય જિંદગીને યાદ કરે છે. લોકડાઉનમાં મુસાફરી અને મુસાફરીના દિવસો યાદ કરનારી અભિનેત્રી સોનાક્ષી સિન્હાની પણ આવી જ સ્થિતિ છે. અમુક અંશે આ અભાવને દૂર કરવા માટે, સોનાક્ષી તેની પાર્ક કરેલી કારમાં બેસી ગઈ.

સોનાક્ષીએ ટ્વિટર પર એક સેલ્ફી શેર કરી હતી, જેમાં તે સફેદ ટી-શર્ટ પહેરીને સનગ્લાસ સાથે કારની અંદર બેઠેલી જોવા મળી રહી છે. આ ફોટાના કેપ્શનમાં તેણે લખ્યું છે, 'ક્વોરન્ટાઈનનો આજે ૩૪ મો દિવસઃ આજે મારી પાર્ક કરેલી કારમાં બેઠી છું, ફક્ત જુના દિવસોને યાદ કરવા. #SundaySelfie.

આવી સ્થિતિમાં સોનાક્ષી સિન્હાની મજાક કરવામાં યુઝર્સ પાછળ રહ્યા નહીં. કેટલાકે કહ્યું મેડમ ઘરે જ રહો. કેટલાક લોકોએ જોયું કે સોનાક્ષીએ આ જ પોસ્ટ બે વાર શેર કરી છે. આ જ વાતને લઈને સોશિયલ મીડિયા પર સોનાક્ષીની ભારે મજાક થઈ રહી છે. એક યૂઝર્સે તો લખ્યુ પણ ખરૂ કરૂ કે નવી નવી સોશિયલ મીડિયા પર આવી છે કે શું?

લોકડાઉનઃ એક્ટર અલી ફઝલ ગલફ્રેન્ડ ઋચા ચઢ્ઢાને મળવા મુંબઈ પોલીસને કરશે અરજી

મુંબઈ

કોરોના વાયરસના કારણે દેશભરમાં લોકડાઉન વધારવામાં આવ્યું છે. આ સ્થિતિમાં અનેક લોકો તેમના ઘરથી દૂર ફસાઈ ગયા છે તો કેટલાકે લગ્ન સ્થગિત કરવા પડ્યા છે. બોલીવુડ એક્ટર અલી ફઝલ અને ઋચા ચઢ્ઢાએ કોરોના વાયરસના કારણે લગ્ન હાલ પૂરતા સ્થગિત કરી દીધા છે. આ દરમિયાન અલી ફઝલ અને ઋચા એકબીજા સાથે વીડિયો કોલ દ્વારા સંપર્કમાં રહે છે. બંને એક બીજાને મળવા આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તાજેતરમાં અલી ફઝલે ઋચાને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

અલીએ ઋચાને મળવાની ઈચ્છા વ્યક્ત કરતાં કહ્યું કે, હું મુંબઈ પોલીસની મંજૂરી લઈને તેને મળવા ઈચ્છુ છું. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂ દરમિયાન અલી ફઝલે મસ્તીના અંદાજનમાં કહ્યું હતું કે, ક્વોરેન્ટાઈન દરમિયાન ઋચા વગર રહેવું ઘણું મુશ્કેલ થઈ ગયું છે. મુંબઈ પોલીસની મંજૂરી લઈને તેને મળવા જવાનું વિચારું છું.

ઈન્ટરવ્યૂમાં તેણે લગ્નને વાત કરતાં કહ્યું, હાલ અમારા લગ્ન ટાળી દેવામાં આવ્યા છે, જેનું મને ઘણું દુઃખ છે. અમે કોઈ જાતનું એડવાન્સ બુકિંગ નહોતું કરાવ્યું કે કોઈ ચીજ માટે પૈસા ચુકવ્યા. તેથી અમારા પૈસા બચી ગયા.

માર્ચથી મે સુધી ચાલેલા લોકડાઉનમાં દેશના રમત-ગમતને ૬૦૦-૭૦૦ કરોડનું નુકસાન

નવી દિલ્હી

કોરોના વાયરસનો કહેર રમતની સાથે સાથે રમતોનાં સાધન બનાવતી કંપનીઓ ઉપર પણ કાળ બનીને તૂટ્યો છે. રમતોનાં સાધનો બનાવતી દેશની જાણીતી કંપનીઓ બંધ પડી છે. નવા ઓર્ડર મળ્યા નથી, અથવા તો ફેક્ટરીઓ જલ્દીથી શરૂ કરવામાં ન આવી તો તેમની પાસે મોટું નુકસાન ભોગવવા સિવાય અન્ય કોઈ રસ્તો નથી. માર્ચથી મે સુધી ચાલેલા લોકડાઉનને કારણે દેશના રમત-ગમત અને ફિટનેસ ઉદ્યોગને છથી સાતસો કરોડ રૂપિયાનું નુકસાન ગયુ છે. રમતગમત ઉદ્યોગ આ નુકસાન સહન કરવા તૈયાર છે, પરંતુ આગળ આ પરિસ્થિતિઓને સહન કરવાની સ્થિતિમાં રહેશે નહીં. બીસીસીઆઈને લાલ અને ગુલાબી બોલ્સ પૂરા પાડતી મેરઠ સ્થિત એસજી કંપનીના માલિક પારસ આનંદ કહે છે કે દેશમાં રમતગમત ઉદ્યોગની કુલ વાર્ષિક આવક લગભગ અઢી હજાર કરોડ જેટલી છે. માર્ચથી મે દરમિયાન કંપનીઓ આ કુલ આવકની ૩૦ ટકા કમાણી કરે છે. ખરેખર, આ ત્રણ મહિના રમત ઉદ્યોગ માટે સૌથી મોટી સિઝન છે. ઉનાળાની રજાઓ શરૂ થતાં જ ઉત્પાદન તેની ટોચ પર હશે, પરંતુ હાલમાં આ બધું બંધ છે.

જલંધર અને મેરઠની મોટાભાગની કંપનીઓ ઈંગ્લેન્ડ,ઓસ્ટ્રેલિયા-ન્યુઝિલેન્ડ અને દક્ષિણ આફ્રિકા ઉપરાંત રમતગમતનો માલ પૂરો પાડે છે. જલંધર સ્થિત ઈંગ્લેન્ડની ગ્રે કંપની નિકોલ્સના ભારતીય ફ્રેન્ચાઈઝી અરવિંદ એબરોલ કહે છે કે માલ યુરોપમાં મોકલવામાં આવ્યો છે, પરંતુ રમતગમતની કોઈ પ્રવૃત્તિ ન હોવાને કારણે માલ વેરહાઉસમાં રાખવામાં આવ્યો છે. જુલાઈ પછી ઓસ્ટ્રેલિયાની સિઝન શરૂ થશે. મને ખબર નથી કે ત્યાંથી કેટલો ઓર્ડર આવશે, પરંતુ તે નિશ્ચિત છે કે હવે ઓર્ડર ઈંગ્લેન્ડથી નહીં આવે.

આ વર્ષે યુરોપમાં મોકલેલ માલ આવતા વર્ષે વેચવામાં આવશે. આવી સ્થિતિમાં ભારતીય સ્પોર્ટ્સ કંપનીઓ પાસે ઓર્ડર ક્યાંથી આવશે? અરવિંદર જલંધરના સ્પોર્ટ્સ ગુડ્ઝ મેન્યુફેક્ચરીંગ એન્ડ એક્સપોર્ટ એસોસિએશનના પૂર્વ અધ્યક્ષ અને કારોબારી સભ્ય છે. તેમના કહેવા મુજબ, જો ફેક્ટરીઓ થોડા દિવસો માટે બંધ રાખવી પડી તો પણ કામદારોને બરતરફ કરવામાં નહીં આવે. હા, પગાર ચોક્કસપણે કાપવામાં આવશે. મેરઠની કેટલીક રમતગમત ફેક્ટરીઓને પી.પી.ઈ કીટ બનાવવા માટે મજબૂર છે. તેમને સરકાર તરફથી પી.પી.ઈ. કીટ બનાવવાનો આદેશ મળ્યો છે. જો કે, અરવિંદના જણાવ્યા મુજબ, જલંધરમાં કોઈ પણ સ્પોર્ટસ કંપની પીપીઈ કીટ બનાવી રહી નથી.

પાકિસ્તાનમાં ભારતના વખાણ કરવા બદલ ફિરોજ ખાનની એન્ટ્રી પર લાગી હતી રોક

મુંબઈ

ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં એવા કેટલાયે દિગ્ગજ છે જેમને ક્યારેય કોઈ ભૂલી નહી શકે. કેટલાક એવા પણ છે જેણે દરેક ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરી છે. જાણીતા એક્ટર, ડાયરેક્ટર અને પ્રોડ્યુસર ફિરોઝ ખાન આવી જ એક હસ્તી હતા. તેમણે એવા પાત્ર નિભાવ્યા જેને આજે પણ યાદ કરવામાં આવે છે.

ફિરોઝ ખાને આ ફાની દુનિયા છોડી તેને ૧૧ વર્ષ થઈ ચુક્યા છે. તેમનો ભારે ભરખમ આવાજ આજે પણ દર્શકોના કાનમાં ગુંજતો રહે છે. ફિરોઝ ખાન તેની એક્ટીંગ સિવાય તેના અનોખા અંદાજથી જાણીતા છે. એક આવો જ યાદગાર કિસ્સો આજે પણ યાદ કરવામાં આવે છે. પાકિસ્તાનમાં ફિરોઝ ખાને ભારતની ભરપેટ પ્રશંસા કરી હતી આ વાતને લઈને પ્રશાસન એટલુ ભડક્યુ કે ફિરોઝ ખાનને પાકિસ્તાનમાં આવવાની એન્ટ્રી પર જ બેન લગાવી દેવામાં આવ્યો.

૨૦૦૬માં ફિરોઝ તેના ભાઈ અકબર ખાનની ફિલ્મ તાઝ મહેલના પ્રમોશન માટે પાકિસ્તાન ગયા હતા. ત્યાં એક મહેફિલમાં પાકિસ્તાની સિંગર અને એક્ટર ફક એ આલમ સાથે તકરાર થઈ હતી. કહેવાય છે કે ફિરોઝે ત્યારે હિન્દુસ્તાનની ભરપેટ પ્રશંસા કરી હતી. ફિરોઝે કહ્યું કે અહીં દરેક કોમની પ્રગતિ થાય છેઅને ઈસ્લામના નામે પાકિસ્તાન હજુ પણ પાછા પડી રહ્યું છે. ત્યારબાદ ભારતમાં પાકિસ્તાની હાઈ કમિશનરે નિર્દેશ કર્યો કે આ શખ્સને હવે પાકિસ્તાનનો વિઝા ન આપશો.

કોરોના સંકટઃ કેએલ રાહુલે પોતાના ક્રિકેટ સામાનની હરાજી કરી ૮ લાખ કર્યા દાન

નવી દિલ્હી

ટીમ ઈન્ડિયાના સ્ટાર ક્રિકેટર લોકેશ રાહુલ હવે કોરોના સામેની લડાઈમાં મદદ માટે આગળ આવ્યો છે, રાહુલે બાળકોની મદદ માટે એક પ્રસંશનીય પગલુ ભર્યુ છે. કેએલ રાહુલે પોતાના ક્રિકેટ સાથે જોડાયેલા સામાનની હરાજી કરી દીધી છે.

આ સામાનની હરાજી કરીને કેએલ રાહુલે બાળકોની મદદ માટે ૮ લાખ રૂપિયા એકઠા કર્યા છે, આ રૂપિયા તેને અવેર ફાઉન્ડેશનને દાન આપવાની જાહેરાત કરી છે. રાહુલે આમાં જે બેટની હરાજી કરી છે, તે ગયા વર્ષે વર્લ્ડકપમાં ઉપયોગમાં લીધુ હતુ. લોકેશ રાહુલે ગયા અઠવાડિયે જ પોતાનો ૨૮મો જન્મદિવસ ઉજવ્યો હતો, ત્યારે તેને જાહેરાત કરી હતી કે બાળકો માટે પોતાના ક્રિકેટ પેડ્સ, ગ્લવ્ઝ, હેલમેટ, જર્સીની હરાજી કરશે. રાહુલે કહ્યું હતું કે મે ભારત આર્મીની ભાગીદારી સાથે આપવાનો નિર્ણય કર્યો છે, તે લોકો આની હરાજી કરશે અને આનું ફંડ અવેર ફાઉન્ડેશનમાં જશે.

ક્વોરન્ટાઈન પિલો ચેલેન્જને લઈ તમન્નાએ પહેર્યો ખાલી તકિયાનો ડ્રેસ

મુંબઈ

હાલમાં દેશમાં લોકડાઉનના ચાલી રહ્યું છે જેના કારણે નવરી પડેલી સેલિબ્રિટીઓએ અનેક નવી વાયરલ ચેલેન્જની શરૂઆત કરી છે. હાલમાં જ એક્ટ્રેસ તમન્નાએ પણ એવા જ એક ચેલેન્જમાં ભાગ લીધો. ક્વોરન્ટાઈન પિલો ચેલેન્જમાં ભાગ લેતા તમન્નાએ પોતાની એક તસ્વીર શેર કરી જેમાં તે શરત પ્રમાણેફક્ત એક તકિયાનો ડ્રેસ, બેલ્ટ અને હિલ્સ પહેરેલી જોવા મળી રહી છે. તમન્નાની આ તસવીર વાયરલ બની છે. તમન્નાએ આ તસ્વીરને ઈન્સ્ટાગ્રામ પર શેર કરી અને કેશનમાં લખ્યું-હુંક્લબ બેડ જઈ રહી છું જ્યાં ડીજે પીલો અને એમસી બ્લેકેન્ટ પરફોર્મ કરી રહ્યા છે. થોડા સમય પહેલાં સિંગર નેહા કક્કરની આ ચેલેન્જ વાયરલ બની હતી. તાજેતરમાં નેહા કક્કરે એક પોતાના ટિકટોક વીડિયો બનાવ્યો છે. આ વીડિયોમાં નેહા અલગ અલગ ત્રણ તકિયાનોડ્રેસ પહેરીને નજરે પડી રહી છે. નેહાએ વીડિયોમાં એકદમ જક્કાસ લાગવા માટે તકિયાને બેલ્ટ સાથે બાંધ્યો છે.

૩ મે બાદ પણ પહેલા પાનાથી ચાલુ

બધાની વચ્ચે કેટલાંય મોર્ચા પર છૂટછાટ પણ માંગી છે. તો કોંગ્રેસ શાસિત રાજ્ય મીટિંગમાં એ પ્રસ્તાવ મૂક્યો કે હવે આગળ લોકડાઉનની રણનીતિને રાજ્યોની જવાબદારી પર છોડી દેવામાં આવે અને તેઓ પોતાની પ્રમાણે લાગૂ કરે.

આ બેઠકમાં બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે રાજસ્થાનના કોટામાં ફસાયેલા બાળકોનો મુદ્દો ઉઠાવ્યો હતો. નીતીશ કુમારે માંગ કરી હતી કે લોકડાઉનમાં ફસાયેલા બાળકો લાવવાની નીતિ બનાવવામાં આવે, ઘણા રાજ્યો સતત બાળકોને પાછા બોલાવે છે.

એ નોંધવું મહત્વનું છે કે બેઠક પૂર્વે જ, ઘણી રાજ્ય સરકારોએ કહ્યું છે કે લોકડાઉનને જાતે જ દૂર કરવું જોખમી સાબિત થઈ શકે છે, આ સ્થિતિમાં કેન્દ્ર સરકારે લોકડાઉન અંગે એક અલગ નીતિ ઘડવી જોઈએ મુખ્યમંત્રીઓ સાથેની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે લોકડાઉનથી આપણે લાભ મળ્યો છે. સામૂહિક પ્રયાસોની અસર જોવા મળી રહી છે.

વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓની સાથે વીડિયો કોન્ફરન્સિંગ દરમિયાન ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર રહ્યા હતા અને તેમણે. તમામ રાજ્યોને કોરોના લોકડાઉનનું સખ્તાઈ સાથે પાલન કરાવવા અપીલ કરી હતી. કેરળના મુખ્યમંત્રી પી વિજયન કોન્ફરન્સમાં સામેલ થયા નહતા. તેમની તરફથી રાજ્યના મુખ્ય સચિવ સામેલ થયા હતા. કેરળે લેખિતમાં તેમના સૂચનો કેન્દ્રને મોકલી દીધા હતા.

પશ્ચિમ બંગાળની મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે, દેશના અન્ય હિસ્સાઓમાં ફસાયેલા રાજ્યના લોકોને પરત લાવવા માટે અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યા છે. પીએમ મોદીની સાથે મીટિંગમાં આ વખતે બિહાર, ઓડિશા, ગુજરાત, હરિયાણા, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીના મુખ્યમંત્રીઓનો વારો હતો. પૂર્વોત્તરથી મેઘાલય અને મિઝોરમના મુખ્યમંત્રીએ પણ પોતાની વાત રજૂ કરી હતી. સૂત્રોનું કહેવું છે કે કેન્દ્ર તમામ રાજ્યો-નાના કે મોટા તમામને વાત રજૂઆત કરવાની તક આપવા માંગે છે. અત્યાર સુધીની મીટિંગમાં રાજ્યો તરફથી કંઈને કંઈક માંગ થતી રહી છે પરંતુ હવે ઘણા દિવસોથી લૉકડાઉન લાગુ હોવાના કારણે તમામ રાજ્યો મુશ્કલીઓનો સામનો કરી રહ્યા છે

આરબીઆઈ

પહેલા પાનાથી ચાલુ

સેક્ટરને લઈ ચિંતિત છે. માનવામાં આવી રહ્યું છે કે, આરબીઆઈ આગળ પણ આ પ્રકારની જાહેરાત કરી શકે છે. પહેલા પણ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ રેપો રેટ ઘટાડીને આમ આદમીને રાહત આપી ચુક્યુ છે. આરબીઆઈ કોરોના વાયરસ મહામારીના કારણે ભારતીય અર્થતંત્રમાં ઉભા થયેા પડકારોને દૂર કરાવવા રાહતના ઉપાયો તરીકે અન્ય જાહેરાત પણ કરી હતી

કોરોના સંકટ

પહેલા પાનાથી ચાલુ

૮૨૬ લોકોના મોત થયા છે.

કેન્દ્ર સરકારે કહ્યું કે, દેશમાં કોરોનાના હોટ સ્પોટ વિસ્તાર હવે નોન હોટ સ્પોટમાં ફેરવાઈ રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી, ડો. હર્ષવર્ધને ૨૮૩ જિલ્લામાં છેલ્લા ૨૮ દિવસમાં સંક્રમિણ સ્થિતિ સામે આવી છે. તેમના જણાવ્યા પ્રમાણે, ૬૪ જિલ્લામાં ૭ દિવસથી, ૪૮ જિલ્લામાં ૧૪ દિવસથી , ૩૩ જિલ્લામાં ૨૧ દિવસથી, ૧૮ જિલ્લામાં ૨૮ દિવસથી કોઈ નવો કેસ સામે આવ્યો નથી. મંત્રી હર્ષવર્ધન રવિવારે એઈમ્સ પહોંચ્યા હતા. અહીંયા તેમને ટ્રામા સેન્ટરનું નિરક્ષણ કર્યું. ટ્રામા સેન્ટરને કોવિડ વોર્ડ બનાવાયું છે.

દરમ્યાનમાં પંજાબથી મળતા એક અહેવાલમાં કોરોના વોરિયર હરજીતનું સન્માન અંગે સૂત્રોએ કહ્યું કે, પંજાબમાં કોરોના વોરિયર હરજીત સિંહને આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટરમાંથી પ્રમોશન આપીને સબ ઈન્સપેક્ટર બનાવાયા છે. લોકડાઉન દરમિયાન નિંહગોના હુમલામાં તેમનો હાથ કપાઈ ગયો હતો. જો કે, ડોક્ટર્સે તેને જોડી દીધા છે. હરજીતના સન્માનમાં પોલીસ વિભાગે પણ 'મેં ભી હરજીત' અભિયાન ચલાવ્યું છે. જેના હેઠળ રાજ્યના ડીજીપી દિનકર ગુપ્તાએ પોતાની વર્ધી પર હરજીત નામની પ્લેટ લગાવી છે.

ચીનમાં

પહેલા પાનાથી ચાલુ

તાનાશાહના કેટલાક નજીકના વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટવ આવ્યો હતો. ત્યાર પછી તેણે રાજધાની છોડવાનો નિર્ણય કર્યો હતો

બેઈજિંગ સંચાલિત હોંગકોંગની એચકેએસ ટીવી ચેનલના રિપોર્ટ મુજબ કિમ જોંગ ઉનનું મોત થઈ ચૂક્યું છે.

ઈન્ટરનેશનલ બિઝનેસ ટાઈમ્સના રિપોર્ટ મુજબ ચીનની મેસેજિંગ એપ વીબો ઉપર કિમના મોતના સમાચાર વાઈરલ થઈ રહ્યા છે. અન્ય રિપોર્ટમાં બેઈજિંગના સૂત્રો મુજબ કહેવાયું છે કે કિમના હાર્ટમાં સ્ટેંટ ફીટ કરવાના ઓપરેશનમાં ભૂલ થઈ છે, કારણ કે એક સર્જનના હાથ ધ્રુજી રહ્યા હતા.

અમદાવાદ મ્યુનિ. કમિશ્નર વિજય નેહરાએ કોરોનાના સંદર્ભમાં આપી ટિપ્સ

આગામી અનેક મહિનાઓ સુધી હવે મોઢું અને નાકને ઢાંકવાની ટેવ પાડવી પડશે

જાહેરમાં માસ્ક પહેરતા શીખવું પડશે, દુકાનોમાં સેનિટાઈઝરની વ્યવસ્થા કરવી પડશે

અમદાવાદ

રાજ્યમાં કોરોના ના કેસ સતત વધી રહ્યા છે. ત્યારે આજે સોમવારે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાએ શહેરની સ્થિતિ અંગે માહિતી આપી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે અમદાવાદમાં કોરોનાની બીમારીને મ્હાત આપનાર લોકો એટલે કે ડિસ્ચાર્જ થવાનું પ્રમાણ ધીમે ધીમે વધી રહ્યું છે. સાથે જ તેમણે લૉકડાઉન ખુલ્યા બાદ સિનિયર સિટિઝન તેમજ હાર્ટ, ડાયાબિટિસ કે અન્ય કોઈ ગંભીર બીમારી હોય તેમનું ધ્યાન રાખવાની અપીલ કરી હતી. આ સાથે જ લોકો અત્યારથી જ તૈયાર રહે તે માટે તેમણે કેટલાક સૂચનો કર્યા છે જેનું આગામી દિવસોમાં પાલન કરવું પડશે. તેમને કહેવા પ્રમાણે કોરોના સામે જંગ જીતવા માટે હવે આપણી આદતો બદલવી પડશે.

કોરોનાથી બચવા લૉકડાઉન ખુલ્યા બાદ આટલી વાતનું પાલન કરવું પડશે :-

જાહેરમાં માસ્ક પહેરતા શીખવું પડશે : લૉકડાઉન ખુલ્યા બાદ હવે તમામ લોકોએ માસ્ક પહેરતા શીખવું પડશે. આ માસ્ક સાદા કપડાંથી ઘરે બનાવ્યું હશે તો પણ ચાલશે. આ સાથે જ લોકોને માસ્કનું ઉત્પાદન કરવાની પણ અપીલ કરવામાં આવી છે. અમદાવાદનું તંત્ર



પણ એવા પ્રયાસો કરી રહ્યું છે કે જેનાથી માસ્ક ઉપલબ્ધ થાય. મ્યુનિસિપલ કમિશનર નહેરાના જણાવ્યાં પ્રમાણે આગામી અનેક મહિનાઓ સુધી હવે આપણે નાક અને મોઢું ઢાંખવાને આપણી આદત બનાવવી પડશે.

દુકાનોમાં સેનિટાઈઝરની વ્યવસ્થા : લૉકડાઉન બાદ દુકાનો ખોલવામાં આવે ત્યારે દુકાનદારોએ સેનિટાઈઝરની વ્યવસ્થા કરવાની રહેશે. આ માટે વેપારીઓ અત્યારથી જ વ્યવસ્થા કરે તે ઈચ્છનીય છે. દુકાન કે સ્ટોરમાં કોઈ વ્યક્તિ સામાનને હાથ લગાડે તે પહેલા તેમને હાથ સેનિટાઈઝરથી સાફ કરવાનું કહેવાનું રહેશે. આ ઉપરાંત દુકાનદારોએ પણ વારેવારે હાથ ધોવા પડશે અથવા સેનિટાઝરનો ઉપયોગ કરીને તેમના હાથ સાફ કરવા પડશે.

જાહેરમાં થૂંકવા બદલ આકરી કાર્યવાહી : વિજય નહેરાના જણાવ્યા પ્રમાણે લૉકડાઉન ખુલ્યા બાદ જાહેરમાં થૂંકવાની કુટેવને સંપૂર્ણ રીતે બંધ કરવી પડશે. આ માટે લૉકડાઉન ખુલશે ત્યારબાદ ભારે દંડ વસૂલ કરવા માટે ટીમો ગોઠવવામાં આવશે. સાથે જ તેમણે તમામ લોકોને આ બાબત અંગે ચર્ચા અને વિચારણા કરવાનું કહ્યું છે. ટુ વ્હીલર-ફોર વ્હીલરમાં મુસાફરી : સામાન્ય રીતે ટુ-વ્હીલર અને કારમાં એકથી વધારે લોકોને મુસાફરી કરવા ટેવાયેલા છે. પરંતુ લૉકડાઉન ખુલ્યા બાદ ટુ-વ્હીલરમાં ફક્ત એક જ વ્યક્તિ અને કારમાં એક કે બે વ્યક્તિ મુસાફરી કરે તેમ જણાવવામાં આવ્યું છે. સાથે જ લોકોને સોશિયલ ડિસ્ટન્સિંગના તમામ નિયમોનું પાલન કરવાનું કહેવામાં આવ્યું છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે લૉકડાઉન ખુલે તે પહેલા જ લોકો જાગૃત બને તે જરૂરી છે.

રાજ્યના શિક્ષણ બોર્ડે વિદ્યાર્થીઓ માટે વર્ગ બઢતીના નિયમમાં ફેરફાર કર્યો

ધો. ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓને કૃપા ગુણ આપવાનો વિશેષાધિકાર પ્રિન્સિપાલને અપાયો

ગાંધીનગર

ગુજરાતમાં એક તરફ કોરોના મહામારીનો કહેર જોવા મળી રહ્યો છે. આમ કોરોનાના કહેર વચ્ચે રાજ્યમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. લોકડાઉનના જાહેર થયા બાદ રાજ્યમાં સ્કૂલોની બાકી રહેલી પરીક્ષા રદ્દ કરાવામાં આવી હતી અને વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાની જાહેરાત કરવામાં આવી હતી. જો કે કોરોનાને લઈને હવે રાજ્યના શિક્ષણ બોર્ડે ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે વર્ગ બઢતીના નિયમમાં ફેરફાર કર્યો છે. જેમાં ધોરણ ૯ અને ૧૧ પાસ માટે પ્રિન્સિપાલને વિશેષ અધિકારી આપવામાં આવ્યો છે.

પ્રાપ્ત મળતી વિગત અનુસાર કોરોનાને લઈને પરીક્ષા ન લેવાઈ શકે તેમ હોય ગુજરાત શિક્ષણ બોર્ડે નવો નિર્ણય લીધો છે. જેમાં ધોરણ ૯ અને ૧૧ પાસ માટે પ્રિન્સિપાલને વિશેષ અધિકાર આપવામાં આવ્યો છે. જેમાં પ્રિન્સિપાલ વાર્ષિક પરીક્ષા પહેલાની ૨ પરીક્ષાના માર્કસ અને આંતરિક મૂલ્યાંકન આધારે પરિણામ તૈયાર કરી શકશે.

જેમાં પ્રિન્સિપાલ ધોરણ ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓના અગાઉની પરીક્ષાના આધારે જો વિદ્યાર્થી નાપાસ થતો હશે તો કૃપા ગુણ આપીને પાસ કરી શકશે. આમ કૃપા ગુણનો વિશેષ અધિકાર પ્રિન્સાપલનો આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે અગાઉ અત્યાર સુધી પ્રિન્સિપાલ માત્ર ૧૦ ગુણ આપી શકતા હતા પણ આ વખતે ગમે તે વિદ્યાર્થીને ૨૦ સુધી કૃપા ગુણ આપી શકશે. ટૂંકમાં ગમે તેટલા માર્કસ વિદ્યાર્થીને પાસ થવામાં ઓછા પડતા હશે તો પ્રિન્સિપાલ તે વિદ્યાર્થીઓને કૃપાગુણ આપી પાસ કરી શકશે. આમ હવે ધોરણ ૯ અને ૧૧ ને માસ પ્રમોશન ગણાશે નહીં.

કોરોના વોરિયર પત્રકારને પોઝીટવ આવતાં ભાજપ-સરકાર અને મેયર ઓફિસમાં હડકંપ!

ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં ગૃહમંત્રી અમિત શાહ વતી ગરીબોને રેશનીંગ કીટ વિતરણના કાર્યક્રમમાં આ પત્રકારે કામગીરી બજાવી હોવાથી અને મેયર રીટાબેન પટેલ સહિત ભાજપના નેતાઓના ઈન્ટર્વ્યૂ કર્યા હોઈ ભારે હડકંપ મચી ગયો હતો

ગાંધીનગર

રાજ્યમાં કોરોના મહામારીએ ભારે માઝા મૂકી છે ત્યારે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં સચિવાલય કવરેજ કરનાર એક ખાનગી ટીવી ચેનલના પત્રકાર અને કોરોના વોરિયરને કોરોના પોઝીટીવ જાહેર થતાં સચિવાલયમા, ગાંધીનગર ભાજપમાં અને ગાંધીનગરના મેયર કાર્યાલયમાં ભારે હડકંપ મચી ગયો છે.

કોરોના અંગેની માહિતી આપનાર આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિની મિડિયા બ્રિફિંગમાં આ ટીવી પત્રકાર નિયમિત હાજરી આપતા હોવાથી વધુ ચિંતાજનક સ્થિતી પેદા થઈ હતી. આ પત્રકારની સારવાર શરૂ કરી દેવામાં આવી છે. આ પત્રકાર જે ટીવી ચેનલમાં છે તેની ઓફિસ સે.૧૧માં અખબાર ભવનમાં હોવાથી સત્તાવાળાઓ તરત જ ત્યાં પહોંચી ગયા હતા અને તેની ઓફિસ સહિત સમગ્ર અખબાર ભવનને સેનિટાઈઝેશન કરવાની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, સચિવાલયના કવરેજ માટે નિયુક્ત ટીવી ચેનલના પત્રકાર અને કોરોના વોરિયર આજે સવારે કોરોના પોઝીટીવ જાહેર કરાતાં તેમના પરિવારમાં ભય વ્યાપી ગયો હતો. કોરોના મહામારીના સમાચાર પોતાના ટીવી દર્શકો સુધી પહોંચાડનાર આ પત્રકાર સચિવ રવિના બ્રિફિંગમાં નિયમિત હાજર રહેતા હોવાથી તરત જ સરકારમાં પણ તેની જાણ કરાઈ હતી. આ પત્રકારે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં સાંસદ અને ગૃહમંત્રી અમિત શાહના કાર્યકરો અને નેતાઓએ ગરીબોને રેશનીંગ કીટ વિતરણના જે કાર્યક્રમો યોજ્યા હતા તેના કવરેજ માટે પણ આ પત્રકારે કામગીરી બજાવી હતી અને તેમના ઈન્ટર્વ્યૂ કર્યા હતા. આ ઉપરાંત ગાંધીનગરના મેયર રીટાબેન પટેલનો પણ આ પત્રકારે વન-ટ-વન ઈન્ટરર્વ્યૂ કર્યો હોવાથી તેમના સંપર્કમાં આવનાર ભાજપનના નેતાઓ અને મેયર તથા તેમની ઓફિસમાં પણ સમાચાર પહોંચતા ભારે હડકંપ મચી ગયો હતો.

દરમ્યાનમાં, આજે સવારે અખબાર ભવન ખાતે ફાયર બ્રિગેડની ગાડીઓ જંતુનાશક પ્રવાહી દવા સાથે પહોંચી હતી અને અખબાર ભવનને સેનેટાઈઝેશન કરવાની કામગીરી હાથ ધરી હતી. સત્તાવાળાઓએ આ ટીવી લાઈવ કવરેજ કરનાર પત્રકાર કોના કોના સંપર્કમાં આવ્યો તેની યાદી પણ તૈયાર કરીને એ તમામ પત્રકારો-નેતાઓ વગેરે.ના ટેસ્ટીંગ કરવામાં આવે તેમ છે. ગુજરાતમાં મિડિયા ક્ષેત્રે ફિલ્ડમાં ફરજ દરમ્યાન કોઈ પત્રકારને કોરોના થયો હોય તેવો આ પ્રથમ જ કિસ્સો છે.

દરમ્યાનમાં, ગાંધીનગર મહાનગરમાં સેક્ટર ૧૧ ખાતેથી ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ દ્વારા જરૂરિયાતમંદ ગરીબ પરિવારો માટે તૈયાર કરેલ અનાજની કીટનું વિતરણ કરવા માટે માગણી મુજબનો જથ્થો વૉર્ડના પ્રમુખ તથા ઈન્ચાર્જશ્રીઓ ને આપવામાં આવ્યો તેમાં મહાનગર ના પ્રમુખ મહેન્દ્રપટેલ (દાસ), મેયર શ્રીમતી રીટાબેન પટેલ , ડે. મેયર નાજાભાઈ ઘાંઘર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, નીતિનભાઈ પટેલ, શંકરસિંહ રાણા, સંજીવમહેતા, મહામંત્રીઓ રુચિરભટ્ટ, પંકજજી ઠાકોર, કેતન પટેલ,જી કે પ્રજાપતિ કાર્તિક પટેલ અન્યકોર્પોરેટરો વગેરેની ઉપસ્થિતિમાં વિતરણની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમના લાઈવ કવરેજમાં પત્રકાર વિપુલ હાજર હોવાથી શક્ય છે કે ભાજપના આ તમામ નેતાઓના પણ ટેસ્ટીંગ થઈ શકે. અને તેમને પણ કોરોન્ટાઈન કરવા પડે.

સચિવાલયના નર્મદા વિભાગના કર્મચારીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા સારવાર હેઠળ ખસેડાયા

નર્મદા નિગમની કચેરીને સેનિટાઈઝ પણ કરવામાં આવી

ગાંધીનગર

નવા સચિવાલયમાં નર્મદા નિગમની કચેરીના એક કર્મચારીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. મળતી માહિતી પ્રમાણે આ કોરોના પોઝિટિવ કર્મચારી અમદાવાદના અસારવાથી અપડાઉન કરે છે અને તેઓ માત્ર સહી કરવા માટે જ સચિવાલય ખાતે આવ્યા હતા. રાજ્ય સરકારે લોકડાઉન દરમિયાન સરકારી કચેરીઓને ૩૩ ટકા સ્ટાફ સાથે શરુ કરી છે. અમદાવાદથી ગાંધીનગર અપડાઉન કરતાં કર્મચારીઓનું એક લીસ્ટ પણ તૈયાર કરવામાં આવ્યુ છે. સચિવાલયમાં પ્રવેશતા ગેટ પર જ કર્મચારીઓનું તાપમાન ચેક કરવામાં આવે છે. પરંતુ ગઈકાલે સચિવાલયના કર્મચારીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાની વિગતો સામે આવી છે. જેને લઈને ગાંધીનગર ફાયર વિભાગ દ્વારા નર્મદા નિગમની કચેરીને સેનિટાઈઝ પણ કરવામાં આવી છે. અમદાવાદથી ગાંધીનગર અપડાઉન કરતાં કર્મચારીઓ નોકરી પર ના આવવાની સરકારે જાહેરાત કરી હતી. તેમ છતાં કર્મચારીઓ ફક્ત સહી કરવા માટે ગાંધીનગર આવ્યા હતા. ત્યારે સચિવાલયના કર્મચારીને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ સચિવાલયના અન્ય કર્મચારીઓમાં ભયનો માહોલ સર્જાયો છે.

સામાજિક અંતર જાળવવા વાવમાં ખેડૂતોનો અનોખો અભિગમ

સસ્તા અનાજની દુકાન નહીં પણ સસ્તા અનાજનું ટ્રેક્ટર દ્વારા વિતરણ

પાલનપુર

તમે અત્યાર સુધી સસ્તા અનાજની દુકાનો જોઈ હશે અને ત્યાં અનાજ લેવા માટે આવતા ગ્રાહકોની લાંબી લાઈનો, પણ અમે તમને તે બતાવીએ છીએ એ કોઈ સસ્તા અનાજની દુકાન નહીં પણ સસ્તા અનાજનું ટ્રેક્ટર છે. બનાસકાંઠાના સરહદી વિસ્તારમાં એક સસ્તા અનાજની દુકાનના સંચાલકે લોકોએ દુકાન સુધી ના આવવું પડે અને સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે માટે રાશનનો જથ્થો ટ્રેક્ટરમાં ભરી ઘરે ઘરે જઈ ગ્રાહકોને પહોંચાડી રહ્યો છે. રાજ્યમાં એક તરફ સસ્તા અનાજની દુકાનના સંચાલકો સરકાર પાસે અનેક માગણીઓ કરી રહ્યા છે, ત્યારે કોરોના મહામારી વચ્ચે સરહદી વિસ્તાર કોરેટી ગામના દુકાન સંચાલકે નવી પહેલ કરી છે.

ગામના તમામ રેશનકાર્ડ ધારકોને અનાજ મળી રહે તે માટે ગ્રામ પંચાયત અને આગેવાનોએ નિર્ણય કર્યો કે, સસ્તા અનાજની દુકાન પર ભીડ ન થાય અને સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે માટે ટ્રેક્ટર દ્વારા લોકોના ઘરે જઈ અનાજ પુરૂ પાડવામાં આવે. જે વાતને ઉપાડી ગામની સસ્તા અનાજની દુકાનના સંચાલકને ગામના આગેવાન દ્વારા ટ્રેક્ટર આપવામાં આવ્યું. જે ટ્રેક્ટરમાં સંચાલક તમામ રાશનનો જથ્થો ભરી લોકોને ઘરે ઘરે આપી રહ્યા છે.વાવ તાલુકાનું કોરેટી ગામ સરહદી વિસ્તારમાં છેવાડે આવેલું છે. વાવ તાલુકામાં જ કોરોના વાયરસના છ પોઝિટિવ કેસ આવતા કોરેટી અને તેની આજુબાજુનો વિસ્તાર બફર ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યો છે. જેથી આ વિસ્તારમાં કોરોના સંક્રમણનો ભય વધારે રહેલો છે.

જે ભય ઓછો થાય અને આ વિસ્તારના લોકો કોરોના સંક્રમણથી બચે તે હેતુથી સસ્તા અનાજની દુકાનને ટ્રેક્ટર દ્વારા હરતી ફરતી કરાઈ છે અને લોકોને ઘર સુધી અનાજ પહોંચાડવામાં આવી રહ્યું છે.દેશમાં કોરોના સંક્રમણને અટકાવવા માટે સરકારે અનેક પગલાં ભરી રહી છે. પરંતુ તેની સાથે સાથે છેવાડાના માનવીને પણ અવનવા પ્રયત્નો કરી લોકોને કોરાના સંક્રમણથી બચાવી રહ્યા છે. કોરેટી ગામના સસ્તા અનાજની દુકાનના સંચાલકની આ પહેલ સમગ્ર વિસ્તારમાં ચર્ચાના એરણે છે.

ઝાલોદ લોકડાઉનમાં ૨.૨૬ લાખની મિરાજ ભરેલો ટ્રક ઝડપાયો

ઝાલોદ

રાજ્યમાં એક તરફ લૉકડાઉનનો કડકાઈથી અમલ થઈ રહ્યો છે તેવામાં વ્યસનીઓના હાલ બેહાલ થયા છે. વ્યસનીઓ પોતાના માદક દ્રવ્યો મેળવવા માટે તમામ હદ વટાવી રહ્યા છે. ગઈકાલે સુરેન્દ્રનગરમાં પાનની દુકાન ખૂલતા જ તેમાં પડાપડી કરનારા ગેરજવાદાર લોકોના વાયરલ વીડિયોની હજુ શાહી નથી સૂકાઈ ત્યાં ફરી એક વાર તમાકુને લગતા મોટા સમાચાર સામે આવ્યા છે. પોલીસે મિરાજના મોટા જથ્થા ભરેલા ટ્રકને ઝડપી પાડી પ્રતિબંધ હોવા છતાં હેરફેર કરી રહેલા ટ્રકને કબ્જે લીધો છે. બનાવની વિગત એવી છે કે રાજ્યમાં રાષ્ટ્રીય લૉકડાઉન ૨.૦ કાર્યરત છે. લૉકડાઉનના નિયમો મુજબ પાનના ગલ્લાની દુકાનો ખોલવાની છૂટ નથી. આ સ્થિતિમાં તમાકુના કાળાબઝારે માજા મૂકી છે. દરમિયાન ગઈકાલે રાજ્યના મધ્યપ્રદેશ બોર્ડર પાસે આવેલા ઝાલોદના અનવરપુરા પાસે પોલીસે પ્રતિબંધીત તમાકુ ભરેલી ટ્રક ઝડપી પાડી છે. પોલીસે રૂટિન તપાસ માટે ટ્રકને રોકી હતી. પોલીસના જવાનો જ્યારે ટ્રકની તલાશી લઈ રહ્યા હતા ત્યારે તેમાંથી મોટી માત્રામાં મિરાજનો જથ્થો મળી આવ્યો હતો. ઝાલોદ પોલીસે આ તપાસ દરમિયાન રૂપિયા ૨.૨૬ લાખ રૂપિયાની મિરાજનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે આ ગુનામાં ટ્રક સહિત ૭.૨૬ લાખના મુદ્દામાલ ઝડપી પાડ્યો છે.

સુરેન્દ્રનગરમાં એક વીડિયો ઘણો જ વાયરલ થયો છે. આ વીડિયોમાં દેખાય છે તે પ્રમાણે એક દુકાનમાં જવા માટે લોકો પડાપડી કરી રહ્યાં છે. પહેલીવારમાં થાય કે આ વીડિયો કોઈ કરિયાણાની દુકાનનો છે પરંતુ એવું નથી. આ વીજિયો પાન-મસાલા વેચાણ કરતી એક દુકાનનો છે. મહત્વનું છે કે, જ્યારથી લૉકડાઉન ચાલી રહ્યું છે ત્યારથી જ પાન, મસાલા, બીડીનાં વેચાણ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. જેના કારણે આ વ્યસનનાં બંધાણીને પાન, મસાલો, બીડી મળવાની બંધ થઈ ગઈ છે. જોકે, સુરેન્દ્રનગરના સાયલાનો એક ઘટનાનો વીડિયો વાયરલ થયા બાદ પોલીસે આ મામલે તપાસ કરી છે. આ દુકાનનાં માલિક સામે ગુનો નોંધીને વધુ પૂછપરછ હાથ ધરી છે.

કોરોના સંકટ: બોટાદમાં ૬ વર્ષના બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવતા તંત્ર થયું દોડતું

બોટાદ

બોટાદમાં વધુ એક કોરોનાનો કેસ સામે આવ્યો છે. કન્ટેનમેન્ટ વિસ્તારમાં ૬ વર્ષના બાળકનો રીપોર્ટ પોઝિટીવ આવ્યો છે. આ બાળકના પિતાનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. ત્યારે બાળકને સારવાર માટે સાળંગપુરની કોવિડ-૧૯ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. દેશમાં કોરોના સામેની લડતમાં લૉકડાઉન અસરકારક હથિયાર સાબિત થયું છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે મુખ્યમંત્રીઓ સાથે ત્રીજી વખત વીડિયો કોન્ફરન્સથી ચર્ચા કરશે. આ ચર્ચામાં તેઓ લૉકડાઉનમાંથી ક્રમશઃ કેવી રીતે બહાર નીકળવું તે અંગે ચર્ચા કરશે તેમ માનવામાં આવે છે.

સરકારના સૂત્રોએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રીઓ સાથેની બેઠકમાં કોરોના સામેની લડાઈ અંગે ચર્ચા થવા ઉપરાંત ૩જી મેએ પૂરા થઈ રહેલા લૉકડાઉનમાંથી ક્રમશઃ બહાર નીકળવા પર ફોકસ કરવા અંગે ચર્ચા થઈ શકે છે. બીજીબાજુ એવી પણ ચર્ચા થઈ રહી છે કે વડાપ્રધાન સાથેની બેઠકમાં કેટલાક રાજ્યોના મુખ્યમંત્રીઓ લૉકડાઉન લંબાવવાની તરફેણ કરી શકે છે. લૉકડાઉન મુદ્દે કેન્દ્ર સરકારે હજી કોઈ નિર્ણય લીધો નથી,

પરંતુ કેટલાક રાજ્યોએ લૉકડાઉન પૂરું થાય તે પહેલાં જ લૉકડાઉન લંબાવવા વિનંતી કરી છે.દિલ્હી સહિત છ રાજ્યોએ લૉકડાઉન ૩ મેથી આગળ લંબાવવા ઈચ્છા વ્યક્ત કરી છે. દિલ્હી સરકારે કહ્યું કે લૉકડાઉન ૧૬ મે સુધી લંબાવવામાં આવે જ્યારે મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, પશ્ચિમ બંગાળ, પંજાબ અને ઓડિશાએ તેમના રાજ્યોના હોટસ્પોટ પર પ્રતિબંધો ૩જી મે પછી પણ ચાલુ રાખવાના સંકેત આપ્યા છે. તેલંગાણાએ તો પહેલાથી જ ૭ મે સુધી લૉકડાઉન લંબાવી દીધું છે.

કોઠંબા સ્વામિનારાયણ મંદિર દ્વારા રૂ. ૨૫ હજારનો ચેક સીએમ રાહત ફંડમાં અર્પણ

મહીસાગર

સમગ્ર દેશમાં કોરોનાની મહામારી ચાલી રહી છે. જેથી દેશમાં લોકડાઉન કરાયું છે. લોકડાઉનના કારણે ગરીબ અને જરૂરિયાતમંદોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ કપરા અને મુશ્કેલ સમયમાં મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ મુખ્યપ્રધાન રાહત નિધિ ફંડમાં યોગદાન આપવા તમામ ગુજરાતવાસીઓને અપીલ કરી છે.

ત્યારે લુણાવાડાનાં સ્વામિનારાયણ મંદિરના ટ્રસ્ટીઓએ મુખ્યપ્રધાન રાહત ફંડમાં ૨૫ હજાર રૂપિયા અર્પણ કરી કોરોના સામેની લડાઈમાં સહભાગી બન્યા હતા. ત્યારે જિલ્લામાં પણ તેઓના સમર્થનમાં જિલ્લા કલેક્ટર આર.બી.બારડે સેવાભાવી સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ અને દાતાઓને મુખ્યપ્રધાન રાહત ફંડમાં સહયોગ આપવા સંવેદના પ્રગટ કરી આ મહાન કાર્યમાં ભાગીદાર થવા અપીલ કરી હતી.

તે સંવેદનાને ધ્યાને લઇ કોઠંબા સ્થિત સ્વામિનારાયણ મંદિરના ટ્રસ્ટીઓ નીતિનભાઈ જોશી, કુબેરભાઈ પટેલ, ગોવિંદભાઈ કાછીયા, નગીનભાઈ પટેલ દ્વારા મુખ્યપ્રધાન રાહત ફંડમાં રૂપિયા ૨૫ હજારનો ચેક લુણાવાડા મામલતદાર ઈલાબેન નાયકને અર્પણ કરી કોરોના સામેની લડાઈમાં સહભાગી બન્યા છે.

અમદાવાદ SVP હોસ્પીટલના ૮ રેસિડેન્ટ ડોક્ટર્સને કરાયા ક્વોરેન્ટાઈન

અમદાવાદ

કોરોનાની મહામારીમાં કોરોનાના દર્દીઓની સારવાર કારનારા ડોક્ટર્સ પણ કોરોનાના શિકાર થયા છે. જેથી સંપર્કમાં આવેલા અન્ય ડોક્ટર્સને ક્વોરેન્ટાઈન કરવાનો તંત્ર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. એસવીપી હોસ્પિટલના કોરોના વોર્ડમાં સારવાર કરતા ડોકટર કોરોનાના શિકાર થયા હતા. ત્યારબાદ ડોકટરોની માગને ધ્યાનમાં રાખી સંપર્કમાં આવેલા અન્ય ડોકટરોને ક્વોરેન્ટીન કરવાનો ઓથોરિટી દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે.

કોરોનાગ્રસ્ત ડોકટરના સંપર્કમાં આવેલા અન્ય રેસિડેન્ટ્સ ડોકટરોએ પણ તેમના રિપોર્ટ કરાવવા માગ કરી હતી. તેમજ કોરોનાના શિકાર થયેલા ડોકટરના સંપર્કમાં આવેલા અન્ય ડોકટરોને હજુ સુધી ક્વોરન્ટીન ન કરાતા નારાજગી દર્શાવાઈ હતી. પ્રાઈમરી અને સેકન્ડરી કોન્ટેક્ટમાં આવનાર ડોકટરોના ટેસ્ટ કરાવવા માગ થઈ હતી.

કોંગ્રેસ નેતા બદરુદીન શેખનું કોરોનાથી નિધન, રાહુલ ગાંધી સહીત નેતાઓએ જતાવ્યો શોક

બદરુદ્દીન શેખની ચીર વિદાયથી અમદાવાદે સાચો જન સેવક ગુમાવ્યોઃ ગુજરાત કોંગ્રેસ

અમદાવાદ

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને અમદાવાદ મહાનગર પાલિકામાં વિપક્ષના પૂર્વ નેતા બદરુદીન શેખનું કોરોના વાયરસના કારણે નિધન થયું છે. તેમણે રવિવારે રાત્રે અંતિમ શ્વાસ ભર્યા હતા. ૬૮ વર્ષીય શેખ એસવીપી હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહ્યા હતા. વાયરસના સંક્રમણનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદથી તેમની પરિસ્થિતિ ગંભીર થઈ ગઈ હતી. કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને તેમના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું છે.

રાહુલ ગાંધીએ ટ્વીટમાં કહ્યું કે ગુજરાત કોંગ્રેસ ના વરિષ્ઠ નેતા અને અમદાવાદ નગર નિગમમાં કોંગ્રેસના ધારાસભ્ય બદરુદીન શેખજીનું કોરોના વાયરસના કારણે નિધન થયુ હોવાના સમાચાર સાંભળીને દુઃખ થયું. દુઃખના આ સમયમાં મારી સંવેદનાઓ તેમના પરિવાર અને પ્રીયજનો સાથે છે. ગુજરાત કોંગ્રેસ અને કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ પણ ટ્વીટ કરીને બદરુદીન શેખને શ્રદ્ધાંજલી અર્પી.

શક્તિસિંહ ગોહિલે પણ તેમના નિધન પર શોક વ્યક્ત કરતા જણાવ્યું કે, એક સાચો જન સેવક કેવા હોય તે જોવા હોય તો બદરુદીનભાઇને જોવા પડે. તેઓ જયારથી કૉંગ્રેસમાં સક્રિય હતા ત્યારથી તેમની સાથે મારો નિકટનો સંબંધ હતો. કોરોનાને કારણે ઘણા નેતાઓ જનતાથી સંપૂર્ણ સંપર્ક તોડીને ઘરમાં ભરાઇને બેઠા હતા ત્યારે બદરૂદ્દીનભાઇ તેમને મળવા આવનાર દરેક લોકોની વાત સાંભળતા હતા અને સરકાર સમક્ષ મુકતા હતાં. બદરુદીન શેખના જવાથી અમદાવાદે એક સાચો જન સેવક ગુમાવ્યો છે. કૉંગ્રેસ પક્ષ માટે પણ ન પુરી શકાય તેવી આ ખોટ છે.

ગુજરાત કૉંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ શેખના નિધન પર દુઃખની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું કે, બદરૂદ્દીન શેખ આ મહામારી વચ્ચે પણ પ્રજા વચ્ચે રહીને તેમના કામ કરતા હતાં. તે દરમિયાન જ તેમને કોરોનાનો ચેપ લાગ્યો અને આજે આપણી વચ્ચે નથી રહ્યાં. ભગવાન તેમના આત્માને શાંતિ આપે. તેમના પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે. બદરૂદ્દીનભાઇ સાથે હું છેલ્લા ૨૦ વર્ષથી સંકળાયેલો હતો. તેઓ નાનામાં નાના માણસને કઇ રીતે મદદરૂપ થાય તે માટે હંમેશા તત્પર રહેતા. તેઓ અમદાવાદ શહેરમાં કોમી એકતા માટે પણ વર્ષોથી કામ કરતા હતાં.

હિંમતનગરથી ૪૩ શ્રમિકોને મધ્યપ્રદેશ માટે રવાના કરતા લોકોમાં ખુશી વ્યાપી

હિંમતનગર

એપ્રિલના પ્રારંભે પગપાળા વતનની વાટ પકડી સાબરકાંઠા જિલ્લામાં પ્રવેશેલા પરપ્રાંતિય શ્રમિકોને હિંમતનગર ખાતેના શેલ્ટર હોમમાં આશ્રય અપાયા બાદ શનિવારે સાંજે બસમાં એમપીના ૪૩ શ્રમિકોને ૨૩ દિવસ બાદ તેમના વતનમાં મોકલવામાં આવતા ખુશીથી ઝૂમી ઉઠ્યા હતા. ૧૪ એપ્રિલે પરપ્રાંતિઓએ રહેવા અંગે વિરોધ નોંધાવતા કલેકટર દ્વારા હૈયાધારણ અપાઇ હતી. ગુજરાત અને મધ્ય પ્રદેશ બંને રાજ્યોની સરકાર વચ્ચે વાતચીત થયા બાદ મધ્યપ્રદેશના આશ્રિતોને તેમના વતન મોકલવા નિર્ણય લેવાયો હતો.

દીપેનભાઈ પંડ્યા એ વિગત આપતા જણાવ્યું કે સાબરકાંઠા કલેકટરની સૂચનાને પગલે તા. ૨૫-૦૪-૨૦ ના રોજ હિંમતનગરના ચાર શેલ્ટર હોમમા રાખવામાં આવેલ મધ્યપ્રદેશના ૪૩ શ્રમિકોને સાંજે આઠેક વાગ્યે બે બસમાં પર્યાપ્ત ફિઝિકલ ડિસ્ટન્સ જાળવવાની સાથે રવાના કરતા અગાઉ તમામનું મેડિકલ ચેકઅપ કરાયું હતું. શ્રમિકોને એમપી ની બોડર સુધી છોડવામાં આવ્યા છે અને ત્યાંથી એમપી પ્રશાસન દ્વારા શ્રમિકોને ગાઈડલાઈન મુજબ તેમના વતન ઘેર પહોંચાડવાની વ્યવસ્થા કરાશે. યુપી અને રાજસ્થાનના ૨૪૪ શ્રમિકો હિંમતનગરમાં આશ્રય લઈ રહ્યા છે.

કોરોનાને લઈ સરકારે સ્વીકાર્યુંઃ રાજ્યમાં રિકવર રેશિયો કરતા મોતનો રેશિયો વધારે છે

ગાંધીનગર

ગુજરાત સરકારે કોરોના ને લઈને પહેલીવાર કબૂલાત કરી છે કે રાજ્યમાં રિકવર રેશિયો ઓછો છે. છે જ્યારે થતા મોતનો રેશિયો વધારે છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતી રવિએ દાવો કરતા કહ્યું કે રાજ્યમાં બે પ્રકારના કોરોના વાયરસ છે. એક વાયરસ ઘાતક હોવાની તેમણે કબૂલાત કરી છે. તેમણએ કહ્યું કે કોરોના પોઝિટિવ દર્દીઓની મંજૂરીથી તેઓને આયુર્વેદિક સારવાર પણ સાથે સાથે અપાશે.

આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતી રવિએ કહ્યું કે સમરસ હોસ્ટેલ માં રાખવામાં આવેલા કોરોના પોઝિટિવ દર્દીઓની સારવારમાં આયુર્વેદિક સારવાર પણ સાથે અપનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. કોરોના પોઝિટિવ દર્દીઓ ની મંજૂરીથી તેઓને આયુર્વેદિક સારવાર પણ સાથે અપાશે.

તેમણે કહ્યું કે રાજ્યમાં ગઈ કાલ સુધી ૩૦ જિલ્લામાં ૩૩૦૧ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જાહેર કરેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૨૩૦ નવા કેસ નોંધાયા છે અને ૧૮ દર્દીના મોત થયા છે તેમજ ૩૧ દર્દી સાજા થયા છે. આ તમામ મોત અમદાવાદમાં જ થયા છે. આ સાથે રાજ્યનો મૃત્યુઆંક ૧૫૧એ પહોંચી ગયો છે.

કોંગ્રેસ વિપક્ષના નેતા પરેશ ધાનાણીનો મોટો આરોપ

નમસ્તે ટ્રમ્પથી ગુજરાતમાં ફેલાયો કોરોના વાયરસ

ગુજરાતમાં ઓછા ટેસ્ટ થાય છે, જેના કારણે પોઝિટીવ કેસોની સંખ્યા ઓછી દર્શાવવામાં આવી રહી છે

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના વાયરસનો કહેર યથાવત રહ્યો છે. રવિવારે હોટસ્પોટ અમદાવાદની વાત કરીએ તો નવા ૧૭૮ કેસ નોંધાયા હતા, જ્યારે ૧૯ લોકોના મોત નિપજ્યા હતા. આ સાથે કુલ મૃત્યુઆંક ૧૦૫ પર પહોંચી ગયો છે. બીજી બાજુ કોરોના વાયરસ ગુજરાતમાં કેવી રીતે ફેલાયો તેને લઈને હવે રાજનીતિ શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસ વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ વૈશ્વિક મહામારી કોરોનાને લઈને સરકાર પર આરોપ પ્રતિઆરોપો લગાવવાનું શરૂ કરી દીધું છે. કોંગ્રેસ વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ આજે ગુજરાતમાં કોરોના વાયરસ કેવી રીતે ફેલાયો તેને લઈને આરોપ લગાવ્યો હતો. ધાનાણીએ આજે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, અમદાવાદમાં થોડા દિવસો પહેલા થયેલા નમસ્તે ટ્રમ્પથી ગુજરાતમાં કોરોના ફેલાયો હોવાની વાત કરતા અરેરાટી વ્યાપી ગઈ હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઓછા ટેસ્ટ થાય છે, જેના કારણે પોઝિટીવ કેસોની સંખ્યા ઓછી દર્શાવવામાં આવી રહી છે. રાજ્યમાં લોકડાઉન હોવા છતા વધુ કેસ આવે છે. ધાનાણીએ સરકાર પર આરોપ લગાવ્યો હતો કે, ગુજરાત સરકાર કોમવાદ ફેલાવી રાજકીય ફાયદો શોધે છે. કોરોના સંક્રમણ સરકાર માટે કોમવાદ ફેલાવવાનું બની રહ્યું છે અને કોમવાદ ફેલાવી રાજકીય ફાયદો મેળવવો આપના માટે અનુકૂળ હશે તેવો આરોપ મૂક્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં પણ યુરોપિયન દેશો, અમેરિકા અને ન્યુયોર્કથી લોકો આવ્યા હતા અને તેથી અહીં વાયરસનો મિક્સ્ડ સ્ટ્રેન છે. અમારે રિસર્ચ કહી રહ્યું છે. ગુજરાતમાં કયો સ્ટ્રેન વધુ ફેલાયેલ છે. ત્યારે ન-સ્ટ્રેન વધુ છે. જેના કારણે ઝડપથી મોત થઈ રહી છે.

રિપોર્ટ પ્રમાણે તેમણે કહ્યું કે કેરળમાં મોર્ટલિટી દર એટલા માટે ઓછો છે કારણે કે ત્યાં મોટા ભાગે દર્દીઓ દુબઈથી આવ્યા. જ્યાં કોરોના થોડા હળવા જ સ્ટ્રેનમાં ફેલાયેલ હતો. જો કે, જાન્યુઆરીમાં કેરળમાં જે ત્રણ દર્દીઓ મળ્યા હતા તે વુહાનમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ હતા. ડો. પટેલ મુજબ કોરોના વાયરસના ૨ ખાસ સ્ટ્રેન્સ હોય છે. ન- અને જી સ્ટ્રેન. આમાંથી ન-સ્ટ્રેન એ જ છે જે મૂળ રીતે વુહાનમાં ફેલાયો હતો. આ વધુ પેથોજેનિક હોય છે અને ખૂબ જ ગંભીર બીમારી આપે છે અને મોત પણ જલ્દી થાય છે. વુહાન બાદ, L સ્ટ્રેનનો સ્પાંટેનિયસ મ્યૂટેશન થયો જે જી સ્ટ્રેનમાં બદલાયો. જે થોડો હળવો છે અને ઓછો પેથોજિનિક છે.

કોરોના દર્દીઓથી અમદાવાદ SVP હોસ્પિટલ હાઉસફૂલઃ વિજય નહેરા

૩ મે સુધી કોરોનાના એક્ટિવ કેસનો રેટ પથી૬% સુધી ઘટાડવાનો વિશ્વાસ

અમદાવાદ

ગુજરાતમાં કોરોના વાયરસનો કહેર યથાવત રહ્યો છે. રવિવારે હોટસ્પોટ અમદાવાદની વાત કરીએ તો નવા ૧૭૮ કેસ નોંધાયા હતા, જ્યારે ૧૯ લોકોના મોત નિપજ્યા હતા. આ સાથે કુલ મૃત્યુઆંક ૧૦૫ પર પહોંચી ગયો છે, જ્યારે ૨૫ દર્દીઓ કોરોના સામેની જંગ જીતી ગયા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર વિજય નહેરાએ જણાવ્યું હતું કે, શહેરમાં જીકૅ હોસ્પિટલની કેપેસીટી પૂર્ણ થવાને આરે છે. જેના કારણે કોરોના વાયરસથી સંક્રમિત નવા લોકોને હવે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી રહ્યા છે. રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૦ ટકાથી ઓછી થઈ છે. જેના કારણે ૩ મે સુધી કોરોનાના એક્ટિવ કેસનો રેટ પથી ૬ ટકા સુધી ઘટાડીશું તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. લૉકડાઉન ખુલે ત્યારે નાગરિકોએ કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવું હિતાવહ છે. વિજય નહેરાએ છેલ્લા ૨૪ કલાકમાં પોતાના બુલેટિનમાં નવા પોઝિટીવ કેસોની વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, અમદાવાદમાં નવા ૧૭૮ કેસ નોંધાયા છે. જ્યારે ૧૮ના મોત થયા છે. આ સાથે અમદાવાદ શહેરમાં ૧૮૫૪ એક્ટિવ કેસ છે. જેમાં ૪૩ લોકો વેન્ટિલેટર પર અને ૧૮૧૧ લોકો સ્ટેબલ છે. જીકૅમાં ૬૪૨ એક્ટિવ કેસ અને ૧૫૦ શંકાસ્પદ કેસ હોવાની વાત પણ તેમને સ્વીકારી હતી. સિવિલ હોસ્પિટલમાં ૫૪૭, સમરસ હોસ્ટેલમાં ૫૯૧ કેસ, ઉૅઝમ્યમાં ૧૪, સ્ટર્લિંગમાં ૧૬, ફર્ન હોટેલમાં ૨૮ લોકો અને હજ હાઉસ ખાતે ૧૬ લોકો સારવાર હેઠળ હોવાનો સ્વીકાર કર્યો હતો. શહેરના મધ્ય ઝોનમાં ૮૩૫, દક્ષિણ ઝોનમાં ૫૩૨ કેસ, પશ્ચિમ ઝોનમાં ૧૪૯, ઉત્તર ઝોનમાં ૧૫૨ કેસ, પૂર્વ ઝોનમાં ૧૦૭ કેસ હોવાની વાત કરી હતી. ત્યારબાદ વિજય નહેરાએ શહેરની જીકૅમાંથી ડિસ્ચાર્જ થયેલા કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાને લઈને ચર્ચા કરી હતી.

તેમણે જણાવ્યું કે, જે લોકો કોરોના સામે જંગ જીતી ગયા છે, તેઓ ડિસ્ચાર્જ થઈને પ્લાઝમા ડોનર બને. બીજી બાજુ કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર બદરૂદ્દીન શેખનું દુઃખદ અવસાનમાં દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. વિજય નહેરાએ જણાવ્યું કે, દિલ્હી કરતા ૩ ગણું વધુ ટેસ્ટિંગ ગુજરાતમાં થઈ રહ્યું છે. યુવાનો અને સ્વસ્થ લોકો કોરોનાને મ્હાત આપી શકે છે. વૃદ્ધો અને ગંભીર બીમાર લોકો માટે કોરોના ઘાતક બની શકે છે તેના માટે ઘરમાં રહેવાની સલાહ આપી હતી. વડીલોને વાયરસનો ચેપ ન લાગે તેનું ખાસ ધ્યાન રાખવા માટે જણાવ્યું છે.

ગાંધીનગરમાં કોરોના ના ૫ કેસ નોંધાતા કુલ પોઝીટીવ કેસોની સંખ્યા ૩૦ થઈ

ગાંધીનગર

જિલ્લામાં કોરોના વાઈરસનો પ્રકોપ વધી રહ્યો છે. સમગ્ર જિલ્લામાં નવા પાંચ કેસ સામે આવ્યા છે. જેમાં ત્રણ શહેરી વિસ્તારના અને બે ગ્રામ્ય વિસ્તારના સમાવેશ થાય છે. નવા ૫ કેસો નોંધાતા જિલ્લામાં કોરોનાના કેસની કુલ સંખ્યા ૩૦ પર પહોંચી છે. શહેરમાં ૨૬ એપ્રિલના રોજ સેક્ટર ૩૬ મા રહેતા મહિલા પોઝિટિવ આવ્યા હતા. જેથી તેમના સંપર્કમાં આવવાના કારણે તેમના ૬૩ વર્ષીય પતિ અને આશરે ૩૦ વર્ષીય પુત્રને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

એક જ ઘરમાં રહેતા હોવાના કારણે પિતા-પુત્ર સંક્રમિત થયા છે. આ મહિલા અમદાવાદમાં બેસણામાં ગયા હતા. ત્યારબાદ તેઓ સંક્રમિત થયા હતા. જ્યારે સેક્ટર ૭મા રહેતી એક ૨૫ વર્ષીય યુવતિ પણ પોઝિટિવ આવી છે. હાલમાં મહાનગરપાલિકાની આરોગ્ય ટીમ આ ત્રણ વ્યક્તિઓના સંપર્કમાં આવેલા લોકોની તપાસ કરી રહી છે. તેમજ સેક્ટર ૭માં રહેતી યુવતી કેવી રીતે સંક્રમિત થઇ તેની હિસ્ટ્રી તપાસવામાં આવી રહી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા બે કેસ સામે આવ્યા છે જેમાં ભાટ ગામમા રહેતો ૨૨ વર્ષીય યુવક એપોલો હોસ્પિટલની કેન્ટીનમાં ફરજ બજાવી રહ્યો હતો,તે સંક્રમિત થયો છે.

તેની સાથે ગાંધીનગર પાસે આવેલા પેથાપુરમાં રહેતો એક યુવકને પણ કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. હાલમાં આરોગ્ય વિભાગ દ્વારા આ તમામ લોકો કોને કોને મળ્યા છે તેની તપાસ કરવામાં આવી રહી છે તેમજ તેમના સંપર્કમાં આવેલા લોકોને કોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. ભાટ ગામના યુવાનને બાદ કરતા તમામ લોકોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

મોડાસામાં બાળકનું હોજમાં ડૂબી જવાથી મોત, લોકડાઉનના કારણે ન આવી શક્યા પિતા

પિતા છત્તીસગઢની ખાનગી કંપનીમાં સર્વેયર તરીકે ફરજ બજાવે છે

મોડાસા

મોડાસાના દધાલીયામાં શનિવાર રાત્રે ૮ વર્ષિય બાળક હોજમાં ડૂબી જતાં મોત થયુ હતુ. મૃતકના પિતા છત્તીસગઢની ખાનગી કંપનીમાં સર્વેયર તરીકે ફરજ બજાવતા હોઇ લોકડાઉનમાં વતન આવી શકે તેમ ન હોઇ ભારે હૈયે લોકડાઉનની સ્થિતિમાં પોતાના વ્હાલા સોયા દીકરાની અંતિમવિધિમાં દૂર રહેવા મજબૂર બન્યા હતા.

શનિવાર રાત્રે મોડાસા તાલુકાના દધાલિયા ગામે મિહિર યોગેશભાઈ પ્રણામી નામનો ૮ વર્ષીય બાળક ઘર પાસેથી રમતા રમતા ગુમ થતા પરિવારજનોએ બાળકની શોધખોળ હાથધરતાં બાળક ઘર નજીક પાણીથી છલોછલ હોજમાં ડૂબી ગયેલી સ્થિતિમાં મળી આવતા પરિવારજનોએ તાબડતોડ હોજમાંથી બહાર કાઢી મોડાસા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો પરંતુ ફરજ પરના તબીબે બાળકને મૃતક જાહેર કર્યો હતો.બાળકના પિતા છત્તીસગઢમાં ખાનગી કંપનીમાં સર્વેયર તરીકે ફરજ બજાવતા હોવાથી ઘટનાની જાણ કરતાં પિતાએ લોકડાઉનની સ્થિતિમાં ન આવી શકતા પુત્રની અંતિમવિધિ કરવાનું પરિવારજનોને જણાવતા પરિવારજનોએ પુત્રની અંતિમવિધિ પૂર્ણ કરી હતી.

માલપુરમાં દાદી ને ડાકણ કહ્યાની બોલા ચાલીમાં યુવકને ૪ લોકોએ માર માર્યો

માલપુરના ધોલેશ્વર ગામમાં યુવકના ઘરની નજીકમાં રહેતા શખ્સને "મારી દાદી ને ડાકણ કેમ કહો છો"તેમ કહેતાં ઉશ્કેરાઈ જઈ અન્ય ચાર શખ્સોએ લાકડી વડે યુવકને માર મારી ધમકી આપતા ફરિયાદ ચાર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. ધોલેશ્વરમાં સુરેશભાઈ જીવાભાઈ ભરાડા તેના પરિવાર સાથે રાત્રે અગિયાર વાગે ઘરે આરામ કરતા હતા. ત્યારે નજીકમાં રહેતાં પરિવારના ઘરે બૂમાબૂમ થતાં સુરેશભાઈ ત્યાં ગયો હતો. ત્યારે ચાર શખ્સોએ યુવકની દાદીને તુ ડાકણ છે અને તારો છોકરો પણ ડાકણો છે તેમ કહેતા યુવકે કહેવાનું ના પાડતા ચારે શખ્સો ઉશ્કેરાઈ જઈ લાકડી વડે માર મારી ધમકી આપતા સુરેશભાઈ જીવાભાઈ ભરાડાએ માલપુર પોલીસમાં શંકરભાઈ ચેતનભાઈ ભરાડા, દિલીપભાઈ ચેતનભાઈ ભરાડા, કાળુભાઈ પુનાભાઈ ભરાડા, લક્ષ્મણભાઈ પુનાભાઈ ભરાડા વિરૂદ્ધ ગુનો નોંધાવતા માલપુર પોલીસે આગળની કાર્યવાહી કરી છે.

કોરોના હોસ્પિટલનો કચરો પણ જંતુરહિત કરીને જ કરાય છે નિકાલ

અમદાવાદ

કોરોના સંક્રમણે વિશ્વ આખામાં ભરડો લીધો છે આ મહામારીને નાથવા રાજ્યનો સમગ્ર પ્રશાસન પડકારરૂપ કામગીરી કરી રહ્યું છે આ રોગને અટકાવવા જેટલી જરૂરિયાત સોશિયલ ડિસ્ટન્સ સેનિટેશન અને સ્વચ્છતાની છે એટલી જરૂરિયાત હોસ્પિટલ માંથી નીકળતા વેસ્ટને જંતુરહિત બનાવવાની પણ છે. એશિયાની સૌથી મોટી ગણાતી સિવિલ હોસ્પિટલમાં રાજ્ય સરકારે ૧૨૦૦ બેડની હોસ્પિટલને ડેડિગ્નેટેડ કોવિડ હોસ્પિટલ જાહેર કરી છે ત્યારે આ હોસ્પિટલમાંથી નીકળતા વેસ્ટને જંતુરહિત બનાવવાની કામગીરી પણ એક પડકારરૂપ છે. અહીંથી રોજ ૮૦૦ કિલો ઘન કચરાને જંતુરહિત બનાવી તેનો નિકાલ કરવામાં આવે છે.

કોરોના વોર્ડમાં દર્દીઓના સંસર્ગમાં આવતી મોટાભાગની વસ્તુઓનો નિકાલ કરવામાં આવતો હોવાથી દરરોજ અંદાજે ૮૦૦ કિલો ઘન કચરાનો નિકાલ થઈ રહ્યો છે. સિવિલ હોસ્પિટલમાં વપરાશમાં લેવાતી રોજની ૨૫૦૦ પી.પી.ઈ. કીટ અને ૧૫૦૦ એન૯૫ માસ્કનો નિકાલ થાય છે. દર્દીઓને ભોજન અને નાસ્તા સમયે આપવામાં આવતી ડિસ્પોઝેબલ ડિશ, પાણીના ગ્લાસ ઉપરાંત ઈંજેક્શન નિડલ, કોટન અને માનવમળ જેવા બાયોમેડીકલ વેસ્ટનો પણ સમાવેશ થાય છે.

સિવિલમાં કથીર વ્યવસ્થાપન માટે એક વિશિષ્ટ ટુકડી રચવામાં આવી છે. ૩ શિફ્ટમાં તબીબી અધિકારી, પેરામેડીક્સ, સફાઈકર્તા બધા મળી કુલ ૨૨૫ લોકો અહીં સેવારત છે. કોરોના વોર્ડમાં ૮ કલાકની એક શિફ્ટમાં સરેરાશ ૨૫૦ કિલો કચરો એકઠો થાય છે.અહીં ૧૨ ક્રિટિકલ વોર્ડ અને ૧૮ સ્ટેબલ પેશન્ટ વોર્ડ કાર્યરત છે.

સિવિલના તબીબી અધિકારી સંજય કાપડિયાના જણાવ્યા મુજબ કોરોનાગ્રસ્ત દર્દીઓ દ્વારા ઉત્પન્ન થયેલા ઘન અને જૈવિક કચરા થકી પણ વાયરસ ફેલાવાની શક્યતા રહેલી છે. આથી આ કચરાના યોગ્ય નિકાલ માટે સિવિલ હોસ્પિટલ દ્વારા નક્કર આયોજન કરવામાં આવ્યું છે. સોડિયમ હાઈપોક્લોરાઈડ દ્રાવણથી ભરેલા પ્લાસ્ટિક થેલામાં કચરો ઠાલવવામાં આવે છે. આ દ્રાવણ અડધા કલાકમાં ઘન કચરાને જંતુમુક્ત બનાવે છે. કચરાના નિકાલ માટે કાર્યરત કામદારોને પણ પૂરતા રક્ષણાત્મક સાધનો પુરા પાડવામાં આવ્યા હોવાનું તેઓ કહે છે. આમ સિવિલ હોસ્પિટલમાં કચરા ને પણ જંતુ રહિત બનાવી તેનો નિકાલ કરવાનું કામ ખૂબ સુવ્યવસ્થિત રીતે કરવામાં આવે છે.

કોરોનાને માત આપનાર સ્ન્છ ઈમરાન ખેડાવાલાને હોસ્પિટલમાંથી રજા અપાઈ

જંગ જીત્યા પછી ખેડાવાલાએ પ્લાઝ્મા ડોનર બનવાની તૈયારી દર્શાવી

અમદાવાદ

ગુજરાતમાં કોરોના વાયરસનો કહેર યથાવત રહ્યો છે. રવિવારે હોટસ્પોટ અમદાવાદની વાત કરીએ તો નવા ૧૭૮ કેસ નોંધાયા હતા, જ્યારે ૧૯ લોકોના મોત નિપજ્યા હતા. આ સાથે કુલ મૃત્યુઆંક ૧૦૫ પર પહોંચી ગયો છે, જ્યારે ૨૫ દર્દીઓ કોરોના સામેની જંગ જીતી ગયા છે. આ સાથે અમદાવાદમાં કુલ સંખ્યાની વાત કરીએ તો ૨૧૮૧ પોઝિટિવ કેસ નોંધાયા છે, જ્યારે મૃત્યુઆંક ૧૦૫ થયો છે જ્યારે અત્યાર સુધીમાં ૧૪૦ દર્દી સાજા થયા છે. કોરોનાને કારણે ગુજરાત કોંગ્રેસને ખુબ જ મોટો ફટકો લાગ્યો છે.

અમદાવાદના કોંગ્રેસનાં મોટા નેતા બદરૂદ્દીન શેખનું નિધન થયું છે. બદરૂદ્દીન શેખે એસવીપી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. તેઓએ એસવીપી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. ત્યારે બીજી બાજુ કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ કોરોનાને મ્હાત આપી છે. આજે સ્ન્છ ઈમરાન ખેડાવાલાનો કોરોનાનો રિપોર્ટ નેગેટિવ આવતા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આ સાથે તેમને મીડિયા સાથે કોરોના સામેનો જંગ કેવી રીતે જીત્યો તેની વાતચીત કરી હતી.

ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ કોરોના સામે જંગ જીત્યા પછી પ્લાઝ્મા ડોનર બનવાની તૈયારી દર્શાવી છે. એમએલએ ઈમરાન ખેડાવાલાએ જણાવ્યું હતું કે, કોઈપણ લક્ષણ જણાય તો સારવાર લો. કોરોના સામે તબીબો, મેડિકલ સ્ટાફ સારૂ કાર્ય કરે છે. હું ૧૪ એપ્રિલથી એસવીપીમાં સારવાર હેઠળ હતો. તમને જણાવીએ કે ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાનો રિપોર્ટ નેગેટિવ આવતા તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે, પરંતુ તેમના પરિવારના ૬ સભ્યો હોસ્પિટલમાં જ રહેશે.

વેચવા માટે દાગીના નહીં આપતા પતિએ પત્નિને ઘરેથી કાઢી મૂકી

અભયમ મહિલા હેલ્પલાઈનની સમજાવટથી પતિને ભૂલ સમજાઈ

સુરત

મહિલાઓની સંકટ સમયની સાંકળ સાબિત થયેલી અભયમ હેલ્પલાઈનની ઉમદા કામગીરીનો વધુ એક કિસ્સો સુરતના ઉન ગામમાંથી પ્રકાશમાં આવ્યો છે. સુરતના ઉન ગામથી એક પરણિતાનો ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર કોલ આવ્યો કે, મારા પતિ મકાન ખરીદવા મારા સોનાના દાગીના વેચવા દબાણ કરે છે, જેનો મેં ઈન્કાર કરતાં મને ઘરમાંથી કાઢી મૂકી છે જેથી સહાય કરવા જણાવતા ઉમરા પોલિસ સ્ટેશન સ્થિત રેસ્ક્યુ વાન તાત્કાલિક દર્શાવેલા સ્થળે પહોંચી હતી. દંપતિનો આપસી મામલો હોવાથી મહિલા અને તેમના પતિને સમજાવી શાંત પાડવામાં સફળતા મળી હતી.

સમગ્ર ઘટનાક્રમ મુજબ ઉન ગામની ઉજાસ રેસિડેન્સીમાં ભાડેથી રહેતા મંજુલાબેનનું પિયર ભાવનગર છે. (નામ અને સ્થળ બદલ્યું છે) તેઓ સુરત પોતાના પતિ અને સાસુ સસરા સાથે રહે છે. તેમના પતિ નવું મકાન ખરીદવા માંગતા હોવાથી નાણાકીય વ્યવસ્થા કરી રહ્યા હતા. પરંતુ તેમની પાસે પૂરતી રકમ ના હોવાથી તેમના પત્નીને પિયર તરફથી મળેલા કરિયાવરના સોનાના દાગીના વેચવાનું દબાણ કરી રહ્યા હતા. પરંતુ મંજુલાબેને સ્પષ્ટ ઈન્કાર કરતાં ઘણા સમયથી બંને વચ્ચે ઝઘડા ચાલતા હતા. ગઈ કાલે આ જ મુદ્દે પતિ પત્ની વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા પતિએ મંજુલાબેનને મારમારી તેમને ઘરમાંથી કાઢી મૂક્યા હતા. અને જણાવ્યું કે 'દાગીના આપવા હોય તો જ ઘરમાં આવજે'.

આથી મંજુલાબેને મદદ માટે અભયમ મહિલા હેલ્પલાઈનને કોલ કરી સમગ્ર વિગતો જણાવી. અભયમ ટીમે મંજુલાબેન અને તેમના પતિને શાંતિથી સમજાવ્યુ કે, દંપતિએ એકબીજાના પુરક અને અનુકૂળ થવું જોઈએ. એકબીજાના સુખદુઃખ અને પરિવાર તેમજ સમાજની મર્યાદાનો ખ્યાલ રાખવો જોઈએ. કરિયાવરમાં પત્નીને મળેલા દાગીના પર તેનો પોતાનો હક્ક છે, હક્ક છીનવી લેવા માટે દબાણ કરી શકાય નહીં. મકાન ખરીદવા માટે કરકસર કરી બચત કરવી જરૂરી છે. નાણાંની વ્યવસ્થા થાય ત્યારે જ મકાન ખરીદવું જોઈએ. આ ઉપરાંત તેમના માતા પિતા પાસેથી પણ મદદ મેળવી શકાય. ઘણી બેંકો અને ગૃહ ફાયનાન્સ કંપની પણ મકાન ખરીદવા માટે લોન આપે છે, તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દાગીના વેચીને ઘર ખરીદવા કરતાં બચત અને બેંકલોનથી પણ મકાન લઈ શકાય છે એમ શાંતિથી સમજાવતા મંજુલાબેનના પતિને પોતાની ભૂલ સમજાઈ હતી, અને હવે પછી પત્નીને કોઈ હેરાનગતિ નહી કરે તેની ખાત્રી આપી હતી. આમ, ઘી ના ઠામમાં ઘી પડી જતાં મામલો શાંત થયો હતો.

કારેલી ગામ જુગાર રમતા ચાર ઝડપાયા

સુરત

કારેલીમાં આવેલ સોસાયટીની ખુલ્લી જગ્યામાંથી બાતમીના આધારે પલસાણા પોલીસે ૩૬ હજારના મુદ્દામાલ સાથે ચાર જુગારીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રોના જમાવ્યા અનુસાર પલસાણા પોલીસ પેટ્રોલિંગમાં હોય ત્યારે કારેલી ગામની ખુલ્લી જગ્યામાં જુગાર રમાતો હોવાની બાતમી મળતા પોલીસ સ્ટાફે કારેલી ગામે જઈ દરોડા પાડ્યો હતો. ત્યારે રાહી સોસાયટીમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ચેતન ઉર્ફે સોનું મહેન્દ્ર રાજપુત રાકેશ દીલીપ પાટીલ સતાર દેવસુખ પાટીલ તથા અજય દીપક ભાઈનાઓ રંગે હાથે ઝડપાયા ગયા હતા. પોલીસે દાવના રોકડા રૂપિયા તથા મોબાઈલ મળી ૩૬,૬૫૦ના મુદ્દામાલ સાથે ચાર જુગારીઓની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

લોકડાઉનમાં ફસાયેલા મજુરોને ડાંગથી મધ્યપ્રદેશ રવાના કરાયા

મધ્યપ્રદેશના મજુરોને સાપુતારા શેલ્ટર હોમમાં આશ્રય અપાયો હતો

આહવા

વૈશ્વિક મહામારી કોરોના વાઈરસને અટકાવવા સરકારશ્રીએ લોકડાઉનના પગલા લીધા અને સમગ્ર દેશ થંભી ગયો. કોરોના વાઈરસની ભયાનકતા જોતા ઝીંફેઢ ૧૯ સંક્રમણને ફેલાતા અટકાવવા ડાંગ કલેકટર શ્રી એન.કે.ડામોરે જિલ્લા વહીવટી તંત્રને સુચારૂ માર્ગદર્શન પુરૂ પાડયું હતું. તેમજ સરકારશ્રીના દિશા-નિર્દેશ અનુસાર કોઈપણ કચાશ ન રહે તેની કાળજી લીધી હતી.

આંતરરાજય સરહદ ધરાવતા ડાંગ જિલ્લાની સરહદોને સીલ કરી પોલીસ અને આરોગ્ય વિભાગ ખૂબજ જટીલ કામગીરી કરી રહયું હતું. સરહદી માર્ગો ઉપર રોજગારી અર્થે અન્ય રાજ્યોમાં ગયેલ મજૂરો,નાના કટુંબો લોકડાઉનના સમય દરમિયાન પોતાના વતન જવા માટે અધીરા બન્યા હતા. અહીં ખાનગી વાહનો કે જાહેરસેવાઓ બંધ હોવાના કારણે આ લોકો પગપાળા માદરે વતનની વાટ પકડતા હતા.

ડાંગ જિલ્લામાં ઈંટના ભઠ્ઠા ઉપર મજૂરી કરી ગુજરાન ચલાવતુ એક કુટુંબ મધ્યપ્રદેશ ના ખરગોન જિલ્લામાંથી અહી રોજગારી માટે આવ્યું હતું. માલિકે કામ બંધ રહેતા આ પરિવારના કુલ-૭ સભ્યોને કાઢી મુક્યા હતા. આવા સમયે પોલીસ દ્વારા પુછપરછ કરાતા તેઓએ પોતાના વતન જવા માટે પગપાળા જંગલના માર્ગે જઇ રહયા હોવાનું જણાવ્યું હતું.

ડાંગ જિલ્લા કલેકટરશ્રી એન.કે.ડામોરને આ વાતની જાણ થતા તુરંત તેમની મદદ કરી હતી. શેલ્ટર હોમમાં સૌપ્રથમ આ પરિવારના આરોગ્યની ચકાસણી કરી કવોરન્ટાઈન કરાયા હતા. અહી સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. લોકડાઉનના સમયે આવા લોકો માટે સમગ્ર ડાંગ જિલ્લામાં કુલ ૩ શેલ્ટર હોમ કાર્યરત કરાયા હતા. જેમાં ગુજરાત પ્રવાસન વિભાગની હોટલ તોરણ, સાપુતારા ખાતે કુલ ૧૬૦ લોકો,વધઇ ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં ૪૫ લોકો અને આહવા આત્મા પ્રોજેકટ ખેડૂત તાલીમ કેન્દ્રમાં ૬૫ લોકો રહી શકે તે માટે વિનામૂલ્યે રહેવા-જમવા,ચા-નાસ્તાની સગવડ કરવામાં આવી હતી.

મધ્યપ્રદેશના દિનેશભાઈ પાંડુરામભાઈ નેહલે ગુજરાત સરકારનો આભાર માનતા જણાવ્યું હતું કે તેમણે અમારૂં ઘણું ધ્યાન રાખ્યું છે. અમને ખૂબ સારી મદદ કરી છે. અમારી મધ્યપ્રદેશ સરકારને પણ જણાવવાનું કે અમારા જેવા ઘણાં લોકો હશે કે જેઓ અમારી જેમ ફસાયા હશે તેઓની પણ મદદ કરે.પરિવારના સભ્યોએ પણ સરકારની મદદ બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.

પ્રાંત અધિકારીશ્રી કાજલબેન ગામીતે વહીવટી તંત્ર વતી રાજસ્થાન, મધ્યપ્રદેશ રાજ્યોમાં વહીવટી તંત્ર સાથે સંપર્ક કરીને આ ફસાયેલા લોકો માટે તેમની ટીમ સાથે ભારે જહેમત ઉઠાવી હતી. ગુજરાત એસ.ટી. નિગમના ડેપો મેનેજરશ્રી જગદીશભાઈ ગાવિતે પણ સુંદર સહયોગ આપી સાપુતારા શેલ્ટરહોમ ખાતે ફસાયેલા લોકોને ગમે ત્યારે મોકલવાના સમયે તૈયાર હોવાનું જણાવ્યું હતું. સાપુતારા ટુરિઝમ મેનેજર શ્રી રાજુભાઈ ભોંસલેએ તમામ લોકોને પ્રવાસીઓને આપવામાં આવે તેવી જ સુવિધા પુરી પાડી નોડલ ઓફિસરની ફરજ અદા કરી હતી.

નવા નોંધાયેલા પોઝિટિવ કેસોમાં કોરોના સામે લડી રહેલા ફ્રન્ટ વોરિયર બન્યા શિકાર

સુરતમાં કોરોનાના નવા ૧૨ કેસ નોંધાતા પોઝીટીવ કેસોનો કુલ આંક ૫૪૬ થયો

સુરત

શહે૨-જિલ્લામાં કોરોનાનો કહે૨ દિવસે ને દિવસે વધી ૨હ્યો છે. ત્યા૨ે આજે વધુ ૯ કેસ નોંધાતા સુ૨ત જિલ્લાનો પોઝિટિવ કેસનો આંક ૫૪૩ પ૨ પહોંચ્યો છે. વધુ બે મોત સાથે મૃત્યાંક ૧૯ પ૨ પહોંચ્યો છે. જ્યા૨ે સુ૨ત જિલ્લાના ગામોમાં વધુ બે કેસ નોંધાતા જિલ્લાનો આંક ૨૧ પ૨ પહોંચ્યો છે. નવા નોંધાયેલા કેસમાં લિંબાયત પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલનો પણ સમાવેશ થાય છે.

લિંબાયત પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ સંજય પાટીલનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેના પગલે પોલીસ મથકામાં ચિંતાનો વધારો થયો છે. જેથી હાલ પોલીસ મથકના તમામ પોલીસ કર્મીઓની મેડિકલ તપાસ હાથ ધરવામાં આવી છે. હેડ કોન્સ્ટેબલના સંપર્કમાં આવેલા તમામની પણ તપાસ હાથ ધરાઈ છે.

રાંદેર ઝોનમાં વધુ એક પોઝિટિવ દર્દી નોંધાયો છે. રામનગરમાં રહેતા સુનિલ બજાજનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. હાલ પોઝિટિવ દર્દી સુનિલને હોસ્પિટલમાં ખસેડાયો છે અને સમગ્ર વિસ્તારને સેનિટાઈઝ કરાયો છે. મહાનગર પાલિકાની ટીમ તેના નિવાસે પહોંચી તપાસ હાથ ધરી છે. દર્દી રામપુરા વિસ્તારમાં કરિયાણાની દુકાન ધરાવતો હોવાથી તેના સંપર્કમાં આવેલાની તપાસ હાથ ધરવામાં આવી છે.

વધુ ૯ કેસ નોંધાયા

(૧) ફાતેમા મુઝ્ઝફર શૈખ (ઉ.વ.૨૭) સંજય નગર (૨) સંજય લોતનભાઈ પાટીલ (૪૮) પુરુષોતમનગર, અલથાણ (૩) અભિષેક કુમાર રાજભાર (ઉ.વ.૨૩) સ્વામીનારાયણ નગર, પાંડેસરા (૪) અમરનાથ એસ. ગુપ્તા (ઉ.વ.૩૨) કૈલાશનગર-૧, બમરોલી (૫) કેતન પ્રાણલાલ ગાયવાલા (ઉ.વ.૪૬) એલએમ પાર્ક, ભાઠેના (૬) સબનમ પ્રવિણ શૈખ (ઉ.વ.૧૩) રઝાનગર, ભાઠેના (૭) સાવિત્રીબેન પાપાયા ગરદાસ (ઉ.વ.૫૭) વંદનપુરા, લિંબાયત (૮) હિના ઉમેશભાઈ રાણા (ઉ.વ.૨૫) કિન્નરી સિનેમા, ૮૦ ફૂટ રોડ (૯) અનિતા રાજેશ ચોરસીયા (ઉ.વ.૩૫) રઘુવીર સોસાયટી, ઉમરવાડા (૧૦) સુનિલ બજાજ, રામનગર, રાંદેર

લોકડાઉનમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વઘઈ દ્વારા ખેડુતોને તાલીમ

કોન્ફરન્સીંગ સેવાના માધ્યમથી ત્રણ ઓફ કેમ્પલ તાલીમ યોજાઈ

સુરત

ડાંગ જીલ્લાના પ્રવેશદ્વાર એવા વઘઈ તાલુકામાં આવેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ ખાતે ખેડૂતોના ખેતી, બાગાયત અને પશુપાલન લક્ષી પ્રશ્નોનાં નિવારણ માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ અને રીલાયન્સ ફાઉન્ડેશનના સહયોગથી તારીખ ૨૨/૦૪/૨૦૨૦ થી ૨૫/૦૪/૨૦૨૦ સુધી ટેલી કોન્ફરન્સીંગ સેવાના માધ્યમથી સતત ચાર દિવસ સુધી ખેડૂતો માટે ઓફ કેમ્પસ તાલીમ ગોઠવવામાં આવી હતી. આ તાલીમની શરૂઆતમાં રીલાયન્સ ફાઉંડેશનમાથી શ્રી રેનીશભાઈ ભરૂચવાલા દ્વારા આ ઓફ કેમ્પસ ટેલી કોન્ફરન્સીંગ તાલીમની પ્રારંભિક માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા એવા ડો. જી.જી.ચૌહાણ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરીને આ તાલીમ શરૂ કરવામાં આવી હતી. આ ચાર દિવસ દરમિયાન શ્રી હર્ષદ એ. પ્રજાપતિ, વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા વેલાવાળા શાકભાજીની વૈજ્ઞાનિક ખેતીની વિસ્તૃત માહિતી, શ્રી જીજ્ઞેશ ડોબરીયા, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) દ્વારા સજીવ ખેતી માટે ઉપયોગી કૃષિ વિસ્તરણ સાધનો અને તકનીકો તેમજ પાક વીમા યોજના વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી બીપીન વહૂનીયા, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા વેલાવાળા શાકભાજી તેમજ અન્ય શાકભાજીમાં આવતા રોગ અને જીવાતનું જૈવિક વ્યવસ્થાપન મુદ્દા ઉપર બહોળી માહિતી આપવામાં આવી હતી.

આ ટેલી કોન્ફરન્સીંગ ના અંતમાં ખેડૂતો દ્વારા વિવિધ વિષય સંબંધિત પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા જેના વૈજ્ઞાનિક મિત્રોએ સંતોષકારક જવાબ આપ્યા હતા. આ ટેલી કોન્ફરન્સીંગ દરમિયાન ખેડૂતોના પ્રશ્નોનાં નિવારણ માટે ડો. પ્રતિક જાવિયા, વૈજ્ઞાનિક (પાક ઉત્પાદન) અને ડો. સાગર પટેલ, વૈજ્ઞાનિક (પશુવિજ્ઞાન) પણ જોડાયેલ રહ્યા હતા. આ ટેલી કોન્ફરસીંગ દ્વારા યોજાયેલ ઓફ કેમ્પસ તાલીમમાં ડાંગ જીલ્લાના અલગ અલગ ગામમાથી ૧૩૧ ખેડૂતોએ ભાગ લીધો હતો.

નવસારીમાં લોકડાઉનના ભંગ અંગે ૧૯૪ વાહનો જપ્ત

ગુના અંગે ૨૧૫ આરોપીઓની ધરપકડ

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લા પોલીસ દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર તા.૨૫ મી એપ્રિલના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં કલમ ૧૮૮ આઇપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૨૦૨ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૨૧૫ ની અટક કરવામાં આવી છે. ૧૯૪ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા તા. ૨૫ એપ્રિલ સુધીમાં કુલ ૬,૦૮૬ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૬,૬૮૬ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

ડાંગ જિલ્લામાં કેટલી દુકાનો શરૂ કરવા સરકારી શરતી મંજૂરી

ડાંગ જિલ્લા મેજીસ્ટ્રેટનું જાહેરનામું

આહવા

નોવેલ કોરોના વાયરસ COVID-૧૯ ની અસરોને પહોંચી વળવા તેમજ રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરીત હાથ ધરી શકાય તે હેતુસર રાજ્યમાં "ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન–૨૦૨૦" લાગુ કરવામાં આવેલ છે. ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ COVID-૧૯ ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરેલ છે. ભારત સરકારના તા.૧૫/૦૪/૨૦૨૦ના જાહેરનામા સાથેના સ્ટાન્ડર્ડ ઓપરેટીગ પ્રોસિજરનું પાલન કરવાની શરતે અમુક ઉદ્યોગો/ એકમોને પરવાનગી આપેલ હતી. અત્રેથી જાહેરનામા ક્રમાંક: એમએજી/ COVID-૧૯/જાહેરનામું/ વશી/૧૩૧૩ થી ૧૩૪૮/ ૨૦૨૦, તા.૧૯/૦૪/૨૦૨૦ થી જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ ખરીદવા બાબતે દુકાનો ખોલવા અંગે સૂચનાઓ પ્રસિધ્ધ કરેલ હતી. ગૃહ વિભાગ, ગાંધીનગરના વંચાણના ઠરાવથી નાના-મોટા દુકાનદારો, ધંધા વ્યવસાયકારોની દુકાનો ચાલુ રાખવા પરવાનગી આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. સરકારની સૂચનાઓ મુજબ ડાંગ જિલ્લામાં પણ આવા નાના-મોટા દુકાનદારો, ધંધા વ્યવસાયકારોની દુકાન ચાલુ રાખવા પરવાનગી આપવાની જરૂરિયાતને લક્ષમાં લઈને ડાંગ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એન.કે.ડામોરે તેમને મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા તા.૨૬/૦૪/૨૦૨૦ થી તા.૦૩/૦૫/૨૦૨૦ ના ૨૪-૦૦ કલાક સુધી ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જીવનજરૂરી ચીજવસ્તુઓ ખરીદવા તથા અન્ય દુકાનો ખોલવા અગાઉની તમામ સૂચનાઓ આથી રદ કરી સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં લોકડાઉનમાં નીચે મુજબના દુકાનદારો/ધંધાદારીઓને તેઓની દુકાન/ સ્ટોર કેટલીક શરતોને આધિન તા.૨૬/૦૪/ ૨૦૨૦ થી ચાલુ રાખવા પરવાનગી આપવામાં આવે છે.

કેન્દ્ર સરકારની ટીમ સાથે સુરતના ઉદ્યોગ એસો.ના પ્રમુખોની બેઠક

સુરત

કોરોના મહામારી વચ્ચે લોકડાઉનના કારણે સૂરત શહેરમાં કોરોનાના વધતા જતા કેસ તથા પરપ્રાંતિય કામદારોની સગવડ અંગેની સમીક્ષા બેઠક કેન્દ્રીય પાંચ સભ્યોની ટીમે સ્થાનિક તંત્ર સાથે બેઠક યોજી હતી. શ્રી જળશક્તિ મંત્રાલયના એડિશનલ સેક્રેટરીશ્રી જી. અશોમ કુમારની અધ્યક્ષપણા હેઠળની ટીમે જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં શહેર-જિલ્લાના મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તથા શહેરના વિવિધ ડાયમંડ, ટેક્ષટાઈલ એસોસીયેશનોના અધ્યક્ષશ્રીઓ તબક્કાવાર બેઠક યોજી કોરોનાની પરિસ્થિતિ બાબતે પરામર્શ કર્યો હતો.

પદાધિકારીઓની બેઠકમાં વન, આદિજાતિમંત્રીશ્રી ગણપતસિંહ વસાવા, સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર, આરોગ્ય રાજયમંત્રીશ્રી કિશોરભાઈ કાનાણી, સાંસદશ્રીમતિ દર્શનાબેન જરદોશ, સાંસદશ્રી સી.આર.પાટીલ તથા તમામ ધારાસભ્યશ્રીઓએ કોરોની પરિસ્થિતિ સંદર્ભે કેન્દ્રીયટીમને પોતાના મંતવ્યો રજુ કર્યા હતા. જેમાં સૌ પદાધિકારીઓએ એક સૂરમાં જણાવ્યું હતું કે, સૂરત શહેરમાં બિહાર, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા તથા અન્ય રાજ્યોના અંદાજે ૧૨ થી ૧૫ લાખ જેટલા પરપ્રાંતિયો સૂરતમાં શહેરમાં રોજગારી અર્થે વિવિધ ઈન્ડસ્ટ્રીઝોમાં વસવાટ કરે છે. લોકડાઉનના સમયગાળા દરમિયાન તેઓને જિલ્લા વહીવટીતંત્ર તથા સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ દ્વારા બે સમય ભોજન, રાશનની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. માર્ચ મહિનાનું વેતન પણ ચૂકવવામાં આવ્યું છે. પરંતુ એક મહિનાથી વધુ સમયગાળો થયો હોવાથી ઘર, પરિવાર તરફથી તેઓને વતનમાં આવવા માટે વારંવાર દબાણ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત ચાલુ દિવસોમાં એક નાનકડા રૂમમાં દસથી પંદર શ્રમિકો બે થી ત્રણ પાળીમાં કામ કરતા હોય છે. લોકડાઉનના પરિણામે હાલમાં એક જ ખોલીમાં બધા એક સાથે રહેતા હોવાથી સોશિયલ ડિસ્ટન્સ પણ જળવાતુ ન હોય સાથે ઘણી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.

આરોગ્ય કેન્દ્રના કર્મીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

વ્યારા

સુરત જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, કમલાપુર હસ્તકના નરેણ સબ સેન્ટર ખાતે મલ્ટી પરપઝ હેલ્થ વર્કર તરીકે ફરજ બજાવતા યુવકનો કોરોના ટેસ્ટ રિપોર્ટ પોઝેટિવ આવવા પામ્યો છે. આ યુવક નામે હિરેન વિક્રમભાઈ ચૌધરી, ઉ.વ.૩૨ નું મૂળ વતન તાપી જિલ્લાના વાલોડ તાલુકાનું કલમકુઈ ગામ છે. તેમણે તા.૨૪ ૪ ૨૦૨૦ના રોજ માંડવી ખાતેના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કોવિડ-૧૯ ટેસ્ટ કરાવેલ, જે પોઝેટિવ આવતા તાપી જિલ્લાના આરોગ્ય વિભાગે આ યુવકના વતનના ગામ ખાતે સર્વેની કામગીરી હાથ ધરી છે. તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હર્ષદ પટેલ તરફથી મળેલી એક અખબારી યાદીમાં જણાવાયું છે.

નવસારી જિલ્લામાં ૧૨,૭૩,૯૨૩ લોકોના સર્વે કરાયો

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૨૬/૦૪/ ૨૦૨૦ના રોજ ૫૧સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી- ૧૯, જલાલપોર- ૦૮, ગણદેવી- ૦૯, ચીખલી- ૦૪, ખેરગામ- ૦૫, વાંસદા- ૦૪ તથા જિલ્લા બહારના અન્ય-૦૨ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ-૮૦૦ સેમ્પલ પૈકી ૭૪૬ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. ૫૦ સેમ્પલના રીઝલ્ટ બાકી છે. આજે જિલ્લામાં એક પણ પોઝીટીવ કેસ નોંધાયો નથી.

જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઇ રહી છે. જિલ્લામાં ત્રીજા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૧૨,૭૩,૯૨૩ વસ્તીને આવરી લેવામાં આવી છે.

જિલ્લામાં કુલ-૦૩ કોવિડ-૧૯ હોસ્પિટલ છે. જેમાં સિવિલ હોસ્પિટલ, યશફીન હોસ્પિટલ અને ઉદિત હોસ્પિટલ વાંસદાને માન્ય રાખવામાં આવી છે.ત્રણ હોસ્પિટલ મળીને કુલ-૩૦૦ આઈસોલેશન બેડ તથા ૩૦ આઇ.સી.યુ.બેડની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. નવસારી જિલ્લામાં આજદિન સુધીમાં કુલ-૦૪ પોઝીટીવ કેસ નોંધાયાના અહેવાલ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

સુરતમાં કોરોનાના વધુ કેસ સામે આવતા તંત્ર દ્વારા નવા ક્લસ્ટર ઝોન જાહેર કરાયા

શહેરના વરાછા, લંબે હનુમાન રોડ, લિંબાયત, સરથાણા, ઉધના, ગાંધીનગર અને કતારગામને ક્લસ્ટર જાહેર કરાયા

સુરત

ગુજરાતમાં વધતા કોરોના પ્રકોપને પોઝિટિવ દર્દીઓની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે રાજ્યના અમદાવાદ, વડોદરા અને સુરત શહેરમાં જે વિસ્તારોમાં કોરોનાના પોઝિટિવ કેસોની સંખ્યા વધુ હોય તેવા વિસ્તારને તંત્ર દ્વારા કલસ્ટર ઝોન જાહેર કરવામાં આવે છે. ત્યારે સુરત શહેરમાં અલગ-અલગ ઝોનમાં નવા કલ્સટર જાહેર કરવામાં આવ્યાં છે.

સુરત શહેરમાં કોરોનાના વધુ પોઝિટિવ કેસ નોંધાતા તંત્ર દ્વારા નવા ક્લસ્ટર ઝોન જાહેર કરાયા છે. જેમાં શહેરના અલગ અલગ ઝોનમાં તંત્ર દ્વારા નવા ક્લસ્ટર જાહેર કરાયાં છે. સુરત શહેરના વરાછા, લંબે હનુમાન રોડ, લિંબાયત, સરથાણા, ઉધના, ગાંધીનગર અને કતારગામને ક્લસ્ટર જાહેર કરાયા છે. સુરત શહેરના મનપા કમિશનરે આ અંગેનું જાહેરનામું બહાર પાડ્યું છે.

શહેરના વરાછા લંબે હનુમાન રોડ ઉપર ૧૬૯૫ ઘરોમાં ૬૦૫૧ લોકોને હોમ કોરોન્ટાઈન કરવામાં આવ્યાં છે. જ્યારે લીંબાયત ઝોનમાં આંબેડકર નગરમાં ૫૯૯ ઘરોમાં ૩૮૦૦ લોકોને કોરોન્ટાઈન જાહેર કરવામાં આવ્યાં છે. તંત્ર દ્વારા ઉધના ઝોનમાં શાસ્ત્રીનગર અને ગાંધીનગર વિસ્તારમાં ૧૦૫૦ ઘરોમાં ૫૨૧૦ લોકો હોમ કોરોન્ટાઈન કરાયાં.

સુરત શહેરના લિંબાયતના વિવિધ વિસ્તારોમાં રહેતા ૧૨૦૦૧ ઘરોમાં ૪૯૯૬૭ લોકો કોરોન્ટાઈન કરાયાં છે જ્યારે કતારગામ ઝોનમાં ૩૦૯૨ ઘરોમાં ૧૩૦૪૦ લોકોને કોરોન્ટાઈનમાં ક્લસ્ટર જાહેર કરી મૂકાયાં છે. આ અંગે સુરત શહેરના મનપા કમિશ્નરે જાહરનામું બહાર પડી કલસ્ટર જાહેર કર્યા છે. આમ સુરત શહેરમાં વધુ ૬ લલસ્ટર જાહેર કરાયાં છે. આમ કુલ શહેરમાં ૩૪૨૩૭ ઘરોમાં કુલ ૧,૪૪,૨૮૮ લોકોને હોમકોરન્ટાઈન કરવાનો આદેશ કરાયો છે.

સુરતના સ્લમ વિસ્તારોમાં ૧૯ જેટલા ફિવર કલીનિક સંપૂર્ણ પણે કાર્યરત

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઇ કાલે તા.૨૩મી એપ્રિલના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, શહેરમાં કોરોનાના કુલ પોઝિટીવ ૧૪ દર્દીઓ સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, જયારે ૧૩ દર્દીના મૃત્યુ નોંધાયા છે. પોઝિટીવ કેસો પૈકી સુરતના લિંબાયત ઝોનમાંથી સૌથી વધુ ૧૭૮ કેસો નોંધાયા છે. રાંદેર સહિત કર્ફ્યુગ્રસ્ત વિસ્તારમાં છેલ્લાં ૨૪ કલાકમાં એક પણ પોઝિટીવ કેસ નોંધાયો નથી. અમરોલી સહિત કુલ ૧૪ જેટલા ક્લસ્ટર અને હોટસ્પોટ વિસ્તારમાં એક્ટિવ અને પેસિવ સર્વેલન્સ દ્વારા સઘન ચકાસણી પ્રક્રિયા કરવામાં આવી રહી છે. સમરસ હોસ્ટેલને કોવિડ કેર સેન્ટર બનાવવામાં આવ્યું છે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, વરાછા અને કતારગામ વિસ્તારની જાગૃત્ત મહિલાઓ ડોલ/બાલ્ટી લઈને શાકભાજી ખરીદવા જઈ રહી છે, જે સરાહનાને પાત્ર છે. આ પ્રયોગ કોરોનાના સીધા સંક્રમણથી બચાવે છે. શહેરમાં આજે ધાર્મિક સ્થળો, એ.પી.એમ.સી. બેંકો, સરકારી કચેરીઓ સહિત મેડિકલ સેન્ટરો, ડેરીઓ અને આવશ્યક વસ્તુઓની દુકાનો જેવા મહત્વના સ્થળો સહિત કુલ ૫૦૬૫ સ્થળોએ ડિસઈન્ફેક્શનની કામગીરી કરવામાં આવી છે. આજ સુધી શહેરમાં ૯૧,૭૨૮ સ્થળોએ ડિસઈન્ફેક્શનની કામગીરી કરાઈ છે. સ્લમ વિસ્તારમાં ૧૯ જેટલાં ફિવર ક્લિનિક શરૂ છે.

શ્રી પાનીએ કહ્યું કે, દુકાનોમાં સેનિટાઈઝરની વ્યવસ્થા ન કરનાર દુકાનદારોને રૂ.૧,૪૪,૩૦૦ નો દંડ કરવામાં આવ્યો છે. આજે શહેરના શ્રમિક ગરીબ વર્ગના ૭.૯૫ લાખથી વધુ લોકોને ફૂડ પેકેટની સામાજિક સંસ્થાઓના સહયોગથી વ્યવસ્થા કરવામાં આવી છે. સુરતની તમામ સામાજિક સંસ્થાઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે શહેરીજનોને લોકડાઉન તેમજ કર્ફ્યુનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી. નોંધનીય છે કે, સુરત જિલ્લામાં ૧૬ પોઝિટીવ કેસો નોંધાયા છે. સુરત શહેર અને જિલ્લાના કુલ મળીને ૪૫૪ કેસો નોંધાયા છે.

જાહેરનામા ભંગ બદલ સુરત પોલીસ દ્વારા વધુ ૨૪૮ આરોપીઓની અટક

સુરત શહેર પોલીસે ૧૦૫ વાહનો પણ જપ્ત કર્યા

સુરત

કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૨૪૮ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૧૦૫ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. ડ્રોન કેમેરાની મદદથી ૦૯ તથા સી.સી.ટીવી કેમેરા દ્વારા ૦૯ ગુનાઓ નોંધવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૨,૦૩૮ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૧૩,૧૩૭ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે.

સુરત શહેરમાં કેટલાક વિસ્તારોમાં વાઈરસના સંક્રમણ અને પોઝીટીવ કેસોની સંખ્યાને ધ્યાને લઈને સલાબતપુરા, મહિધરપુરા, લાલગેટ, અઠવાલાઈન્સ પોલિસ સ્ટેશનના સમગ્ર વિસ્તાર તથા લિંબાયત પોલિસ સ્ટેશનની કમરૂનગર પોલીસ ચોકીના સમગ્ર વિસ્તારમાં કર્ફ્યું અમલી છે, ત્યારે શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળી કર્ફ્યુનું પાલન કરી કોરોના સંક્રમણને અટકાવવામાં મદદરૂપ બનવાનો અને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

કેન્દ્રીય ટીમ સુરતના હોટ સ્પોટ માનદરવાજા વિસ્તારની મુલાકાતે

નવી સિવિલ હોસ્પિટલ ખાતે કોવિડ-૧૯ હોસ્પિટલની મુલાકાત લઈ સમીક્ષા

સુરત

કેન્દ્ર સરકારના પાંચ વરિષ્ઠ અધિકારીઓની ટીમે સુરત શહેરના હોટસ્પોટ વિસ્તાર એવા માન દરવાજા મુલાકાત લીધી હતી. ઉપરાત નવી સીવીલ હોસ્પિટલ ખાતે ૨૫૦ બેડની તૈયાર થયેલી કોવિડ-૧૯ હોસ્પિટલની મુલાકાત લઈ સીવિલ હોસ્પિટલના સભાખંડમાં કોવિડની કામગીરી બાબતે હોસ્પિટલના આરોગ્ય અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

રાજ્યમાં કોરોનાના વધતાં જતાં સંક્રમણને પગલે સુરતમાં આવેલી ટીમમાં સુરતમાં શ્રી જળશક્તિ મંત્રાલયના એડિશનલ સેક્રેટરીશ્રી જી. અશોમ કુમાર, અટલ બિહારી વાજપાયી ઈન્સ્ટીટયુટ ઓફ મેડિકલ સાયન્સીસના એચ.ઓ.ડી. ડો. નીલમ રોય, એન.આઈ.ડી.એમ.ના પ્રોફેસરશ્રી ડો.અનિલ કે ગુપ્તા, ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ચીફ જનરલ સેક્રેટરીશ્રી ડો. ઓ.પી.સિંહ અને હેલ્થ રિસર્ચ મિનિસ્ટ્રીના ડેપ્યુટી સિક્રેટરી શ્રી દોલતરામ મીણા, નવી સીવીલ હોસ્પિટલના ઉચ્ચ ડોકટરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સાંસદ પાટીલની ઓફીસે મંજૂરી પત્રક માટે પરપ્રાંતીયોનો જમેલો

લોકડાઉનમાં ફસાયેલા લાખો શ્રમિકો એનકેન પ્રકારે વતન જવા અધિરા બન્યા

સુરત

સુરત શહેરમાં વસતા અને ફોર વ્હીલ ગાડી ધરાવતા અથવા ફોર વ્હીલ ગાડીની વ્યવસ્થા કરીને આવનારા પરપ્રાંતીયોને વતનમાં જવા માટે સાંસદ સી.આર.પાટીલે ફોર્મ ભરીને જવાની જાહેરાત કર્યા બાદ આજે પણ વહેલી સવારતી ખુબજ મોટી સંખ્યામાં લોકો સીઆર. પાટીલના અંબાનાગર સ્થિત ઓફિસે લાંબી લાઈનો લગાવી રહ્યા છે. જોકે પરપ્રાંતીઓને વતન મોકલવાનું કલેકટર કચેરી તરફથી હજુ સુધી કોઈ માર્ગદર્શિકા રજુ કરવામાં આવી નથી. સાંસદ સી.આર.પાટીલે પરપ્રાંતીય માટે કરેલી વ્યવસ્થા અંગે ખુદ ભાજપ સંગઠનમાં ચર્ચાનો વિષય બની ગયો છે. વ્યાજબી કારણસર જવા કે આવવા માંગનારા સુરતના રહીશો અને ફસાયેલા લોકોના ઈ-મેઈલનો જવાબ શુદ્ધા કલેકટર કચેરી આપતુ નથી.

મુંબઈ ખાતે સુરતના અનેક લોકો લોકડાઉનથીજ ફસાઈ ગયા છે. એજ રીતે સુરત ખાતે પણ મુંબઈના લોકો ફસાઈ ગયા છે. જેઓને પોત પોતાના મુકામ ઉપર જવું છે. આ અંગે કલેકટર કચેરીને રજુઆત પણ કરે છે. પરંતુ કોઈ જ ધ્યાન આપવામાં આવતો નથી. અથવા તો સ્પષ્ટ ના પાડી દેવામાં આવે છે. ત્યારે લાખોની સંખ્યામાં સુરત શહેરમાં વસતા પરપ્રાંતીયઓને વતન મોકલવા માટેની ચિંતા પણ આ તબક્કે કરવી જરૂરી છે.

વડોદરામાં ઓનલાઈન લુડો ગેમમાં પત્નીએ પત્નીને હરાવ્યો તો પતિએ કમર ભાંગી નાખી

વડોદરા

લોકડાઉનમાં લોકો ઘરમાં બંધ છે ત્યારે ઓનલાઈન ગેમ રમવાનું ચલણ વધ્યું છે. એક નિર્દોષ આનંદ આપવા સાથે ટાઈમપાસ કરાવતી આ ગેમ ક્યારેક મોટા ઝગડાનું પણ સ્વરુપ લઈ શકે છે. આવું જ કંઈક વડોદરમાં રહેતા કપલ સાથે થયું. જેમાં પતિ-પત્ની બંને એકબીજા સાથે ઓનલાઈન લુડો રમતા હતા. તે દરમિયાન પત્ની સતત ગેમ જીતવાથી પતિને ગુસ્સો આવ્યો અને તેણે પત્નીને ઢોર માર મારતા તેની કમર ભાંગી નાખી હતી.

મહિલા હેલ્પલાઈન અભયમના કાઉન્સેલરના જણાવ્યા મુજબ વેમાલીમાં રહેતી ૨૪ વર્ષીય મહિલા પોતાના પરિવારને આર્થિકરીતે મદદરુપ થવા માટે ઘરે ટ્યુશન ક્લાસિસ પણ ચલાવતી હતી. જોકે આ લોકડાઉનના સમયમાં પતિ બહાર સોસાયટીમાં અન્ય લોકો સાથે સમય પસાર કરવા ન જાય તે માટે તેણે ઘરમાં જ બંને લુડો રમવાની વાત કરી હતી. જેની સાથે પતિ સહમત થતા બંને પતિ-પત્ની ઘરમાં જ બેસીને લુડો રમતા હતા. જેમાં ૪ રાઉન્ડ પૈકી ઉપરાછાપરી ૩ રાઉન્ડમાં પત્નીએ પતિને હરાવ્યો હતો. આ હાર ન સહન કરી શકતા તેણે પત્ની સાથે શાબ્દીક બોલાચાલી કરી. જે બાદ બંને વચ્ચે વાત વણસી જતા તેણે પત્નીને એવો ઢોર માર માર્યો કે તેની કરોડરજ્જુમાં આવેલા મણકાઓ વચ્ચે જગ્યા થઈ ગઈ. અભયમના કાઉન્સેલરે કહ્યું ગેમમાં હાર બાદ પતિના ઈગોને ઠેસ વાગી હતી અને તેણે વિચાર્યું કે પત્ની પોતે વધુ ઈન્ટેલિજન્ટ છે તેવું સાબિત કરવા માગે છે.

તરસાડી નવચેતના ટ્રસ્ટ દ્વારા ૨૦૦ પીપીઇ કીટોનું વિતરણ

પોલીસ કર્મીઓ માટે પીપીઇ શુટની વ્યવસ્થા

સુરત

ભાજપા પ્રમુખની આગેવાની હેઠળ સેવાકીય પ્રવૃત્તિ કરતી તરસાડી નવચેતના ટ્રસ્ટ દ્વારા કડોદરામાં પોલીસ કર્મીઓ તથા સફાઈ કામદારોના સ્ટાફને કોરોનાથી રક્ષણ મળે તે માટે ૨૦૦ પીપીઇ કીટોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ભાજપના પ્રમુખ દિલીપસિંહ રાઠોડની આગેવાની માં તરસાડી નવચેતના ટ્રસ્ટ દ્વારા વિવિધ ગામોની સાથે કડોદરામાં પણ ફરજ બજાવતા પોલીસ કર્મીઓ તથા હોસ્પિટલોના સ્ટાફ તેમજ સફાઈ કામદારો કોરોનાની મહામારી તેમજ લોકડાઉનમાં પણ પોતાની પરવા કર્યા વગર ફરજ ઉપર છે. ત્યારે તેઓને રક્ષણ મળે તેવા ઉમદા હેતુથી તેમને ૨૦૦ જેટલી પીપીઇ કીટોનું ફીમાં વિતરણ કરી કોરોનાની સામે લડતા યોદ્ધાઓનું તાલીના ગટગટાટ સાથે અભિવાદન કરવામાં આવ્યું હતું. કડોદરા પો.સ્ટેના પો.સ.ઇ છૈયા સાહેબ કડોદરા નગર પાલિકાના ચીફ ઓફિસર જેપાલ મનોજ ભાઈ તથા કારોબારી અધ્યક્ષ અંકુર દેસાઈ સહિત વિગેરે સભ્યો હાજર રહ્યા હતા.

તંત્રના 'થ્રી લેયર' એક્શન પ્લાન દ્વારા કોરોનાને કરાશે કંટ્રોલ

વડોદરા

કોરોનાના કાળા કહેર ગુજરાતનાં ચાર શહેરોને બાનમાં લીધા છે. વડોદરામાં ૩૬ દિવસનાં ૧૬૬ કેસ નોંધાયા છે જ્યારે ૧૬ લોકોના મોત થયા છે. કોરોના બીજા સ્ટેજમાંથી નીકળી ત્રીજા સ્ટેજમાં પ્રવેશી રહ્યો હોવાથી આવનાર સમયમાં કોરોના વાયરસ મોટા પાયે કોમ્યુનિટી સ્પ્રેડીંગમાં પ્રવેશી શકે છે. આ વચ્ચે રાજ્ય સરકારે ચાર મહાનગરોની સ્થિતિ સંભાળવા સચિવ કક્ષાનાં અધિકારીઓને ઓન સ્પેશિયલ ડ્યુટી માં મુક્યા છે.

વડોદરાની જવાબદારી વિનોદ રાવે ફાળે આવી છે. ઓએસડી વિનોદ રાવે વડોદરાની કોરોના અંગેની પરિસ્થિતિનો તાગ લઈ 'થ્રી લેયર' એક્શન પ્લાન બનાવ્યો છે. વડોદરા કોર્પોરેશન, આરોગ્ય વિભાગ અને જિલ્લા કલેક્ટર કચેરી વિનોદ રાવના વડપણમાં આ પ્લાનને એક્ઝિક્યુટ કરશે. ખાસ કરી તંત્રએ ૨ હજારથી વધુ મેડિકલ અને પેરામેડિકલ કોલેજના સ્ટુડન્ટને કોવિડ આર્મી તરીકે તૈયાર કરી રહી છે.

વડોદરા સરકારી તંત્ર એમએસ મેડિકલ કોલેજ સહિત જિલ્લાની અન્ય તમામ મેડિકલ, ડેન્ટલ અને ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓને કોવિડ આર્મી તરીકે તૈયાર કરી રહી છે. સરકારી હોસ્પિટલના સિનિયર ડૉક્ટરો દ્વારા તેમને ટ્રેનિંગ અપાઈ રહી છે. આવનાર કોઈ પણ કપરી પરિસ્થિતિમાં પહોંચી વળવા આ કોવિડ આર્મી તૈયાર કરાય છે. આ ઉપરાંત હાલમાં ફરજ બજાવતાં રેસિડેન્ટલ ડૉક્ટરો ભુલ ના કરે અને ખુબ સારી રીતે ડ્યુટી કરે એટલે સિનિયર ડૉક્ટરો અને પ્રોફેસરો તાલીમ આપી રહ્યા છે.

સુરતમાં કોરોનાગ્રસ્ત આરોપી પોલીસની પકડમાં આવતા દોડાદોડી

PI, PSI સહિતનો કરાયો કોરોના વાયરસ રિપોર્ટ

સુરત

કોરોનાને કારણે દુનિયા આખી પરેશાન છે. કોરોનાનો ચેપ ક્યારેક અને કઈ રીતે લાગી જાય છે તેના વિશે કંઈ કહી શકતું નથી. ખાસ કરીને કોરોના વૉરિયર્સ પણ હવે કોરોનાનો ભોગ બની રહ્યા છે. સુરતમાં અઠવાડિયા પહેલા થયેલી હત્યાના ગુનામાં ઝડપાયેલા એક આરોપીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. જે બાદમાં પીઆઈ સહિતના પોલીસ સ્ટાફને રવિવારે રાત્રે તાત્કાલિક સિવિલ હૉસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. અહીં તેમના રિપોર્ટ કરાવવામાં આવ્યા છે. આ ઉપરાંત જેલમાં પણ આરોપીના સંપર્કમાં આવેલા લોકોનો રિપોર્ટ કરવામાં આવશે. નોંધનીય છે કે આ એ જ પોલીસ સ્ટેશન છે જેના સ્ટાફે થોડા દિવસ પહેલા કોરોના અંગે જાગૃતિ માટે એક ગીત બનાવ્યું હતું.

મળતી માહિતી પ્રમાણે તા. ૧૬ના રોજ ભાઠેના પંચશીલનગર ખાતે એક અદાવતમાં અલ્તાફ ઉર્ફે પમ્પની હત્યા થઈ હતી. હત્યા બદલ સલાબતપુરા પોલીસે ચાંદખાન પઠાણ નામના વ્યક્તિની ધરપકડ કરી હતી. ધરપકડ બાદ આરોપીને ૨૨મી તારીખે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યો હતો. નિયમ પ્રમાણે આરોપીનો કોરોના ટેસ્ટ ફરજિયાત કરવામાં આવ્યો હોવાથી આરોપીનો સિવિલ ખાતે ટેસ્ટ કરવામાં આવ્યો હતો. રવિવારે બપોરના સમયે આરોપીની રિપોર્ટ નેગિટિવ આવ્યો હોવાની માહિતી અપાતા આરોપીને લાજપોર જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો.

આરોપીને જેલમાં મોકલી દેવાયા બાદ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી સાંજે પોઝિટિવ દર્દીઓની યાદી જાહેર કરવામાં આવી હતી. આ યાદીમાં ચાંદખાન પઠાણનું નામ હોવાથી પોલીસ ખાતામાં દોડાદોડી થઈ ગઈ હતી. જે બાદમાં પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.વી.કીકાણી, એક પી.એસ.આઈ પનારા સહિત છ લોકોને તાત્કાલિક સિવિલ હૉસ્પિટલ ખસેડાયા હતા અને તેનો કોરોનાનો રિપોર્ટ કરવામાં આવ્યો હતો.જેલમાં પણ આરોપીના સંપર્કમાં આવેલા તમામ લોકોનો રિપોર્ટ કરવામાં આવશે.

સુરતમાં હોટ સ્પોટ અને ક્લસ્ટરમાં એક્ટિવ સર્વેલન્સની આક્રમક કામગીરી

આરોગ્યની ૫૮૭ ટીમ દ્વારા ડોર ટુ ડોર તપાસ

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ આજ તા.૨૬મી એપ્રિલના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, કુલ ૧૦,૧૩૧ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૫૧૩ પોઝિટીવ કેસો નોંધાયા છે. તમામ ક્લસ્ટર અને હોટસ્પોટ વિસ્તારમાં એક્ટિવ સર્વેલન્સ તેમજ ડોર ટુ ડોર આરોગ્ય ચકાસણી અંતર્ગત ૫૮૭ ટીમો દ્વારા આજ સુધી ૧,૯૦,૨૩૨ ઘરો તેમજ ૭,૧૭,૪૯૯ નાગરિકોની સઘન ચકાસણી અને સર્વે પ્રક્રિયા કરવામાં આવી છે. કોરોનાના વધતાં જતાં સંક્રમણને ધ્યાને લઈ સુરત શહેરમાં આવશ્યક વસ્તુઓ સિવાયની દુકાનો ૦૫મી મે સુધી ખોલી શકાશે નહી. આજે વ્યાપારી મંડળ સાથે તંત્ર દ્વારા બેઠક યોજી હતી, જેમાં તેમણે સર્વસંમતિથી દુકાનો બંધ રાખવામાટે સહયોગ આપવાનો નિર્ણય કર્યો છે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, આજે ૨૫૮ રેપિડ એન્ટી બોડી ટેસ્ટ કરાયા હતા, જેમાંથી ૦૨ પોઝિટીવ કેસો મળ્યા છે. આજે કેન્દ્ર સરકારના પાંચ વરિષ્ઠ અધિકારીઓની ટીમે બીજા દિવસની સુરત શહેરની મુલાકાત અંતર્ગત કોરોના વાઈરસની વર્તમાન પરિસ્થિતિ, સિવિલ હોસ્પિટલ સ્થિત કોવિડ હોસ્પિટલની મુલાકાત લઈ આરોગ્ય સુવિધાઓનો તાગ મેળવ્યો હતો, તેમજ માનદરવાજા ટેનામેન્ટ હોટસ્પોટ વિસ્તારની મુલાકાત લીધી હતી. સુરતની કોવિડ કામગીરીથી પ્રભાવિત થઈ સંતોષ વ્યક્ત કર્યો હતો. આજે ૪૪૩૬ સ્થળોએ અને કુલ ૧,૧૦,૦૧૮ સ્થળોએ ડિસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવી છે.

આજની સ્થિતિએ ૧૮૪૮ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને ૪૮૭ સરકારી ક્વોરેન્ટાઈન હેઠળ છે. આમ, કુલ ૨૩૩૫ વ્યક્તિઓ ક્વોરેન્ટાઈનમાં છે. પોઝિટીવ કેસોનું પ્રમાણ ઘટાડવા સોશ્યલ ડિસ્ટન્સ અને લોકડાઉનનું યોગ્ય અને ચુસ્તપણે પાલન કરવું જરૂરી છે. સ્લમ વિસ્તારમાં પોઝિટીવ કેસો વધવાના પડકારને પહોંચી વળવા ૧૯ જેટલાં ફિવર ક્લિનિક શરૂ છે.

શ્રી પાનીએ કહ્યું કે, આજે શહેરના શ્રમિક ગરીબ વર્ગના ૦૯ લાખથી વધુ લોકોને ફૂડ પેકેટની સામાજિક સંસ્થાઓના સહયોગથી વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે શહેરીજનોને લોકડાઉનનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

નોંધનીય છે કે, સુરત જિલ્લામાં ૨૧ પોઝિટીવ કેસો નોંધાયા છે. સુરત શહેરના ૫૧૩ અને જિલ્લાના ૨૧ મળીને કુલ ૫૩૪ કેસો નોંધાયા છે.

પારડી લોકડાઉનમાં ફસાયેલી યુવતી વિશેષ પ્લેનથી ન્યૂઝીલેન્ડ પરત જશે

વલસાડ

ન્યૂઝીલેન્ડથી સાત માસની દીકરી સાથે આવેલી યુવતી કોરોના લોકડાઉનમાં પારડીમાં તેમના માતા પિતાને ત્યાં ફસાઈ ગઈ હતી. માર્ચ માસમાં રિટર્ન ટિકિટ હોવા છતાં પણ લોકડાઉનને લઈ યુવતી પરત જઈ શકી ન હતી. આખરે ન્યૂઝીલેન્ડ સરકારે ફ્લાઈટની વ્યવસ્થા કરી છે, પરંતુ તેનો પાસપોર્ટ વડોદરામાં હોવાથી, પારડી મામલતદાર અને પ્રાંત અધિકારીની મદદથી યુવતી અને એમના પિતા પાસપોર્ટ લેવા માટે વડોદરા જવા નીકળ્યા છે. ૨૭ એપ્રિલે યુવતી તેમની બાળકી સાથે ન્યૂઝીલેન્ડ જવા નીકળશે.

વડોદરામાં પરણેલી અને હાલ ન્યૂઝીલેન્ડની સ્થાઈ થયેલી પારડી સન રાઈઝ કોલોનીમાં માજી આચાર્યની દીકરી સામંથા ટલિયર ડિસેમ્બરમાં ન્યૂઝીલેન્ડથી તેમની સાત માસની દીકરી સ્કારલેટ રોઝ સાથે ઈન્ડિયા આવી હતી. માર્ચ મહિનામાં તેની રિટર્ન ટિકિટ હતી. આ દરમિયાન સામંથા પારડી રેનબસેરા નજીક તેના પિયર રહેવા આવી હતી. કોરોનાની વૈશ્વિક મહામારીને લઈ સરકારે લોકડાઉન જાહેર કરી તમામ ફ્લાઈટો રદ કરી દેતા સામંથા માર્ચ મહિનામાં ન્યૂઝીલેન્ડ જઈ શકી ન હતી અને પિયર પારડીમાં ફસાઈ ગઈ હતી. કોરોનાને લઈ અટકી પડેલા ન્યૂઝીલેન્ડના સ્થાયી રહેવાસી માટે ત્યાંની સરકારે મર્સી લાઇટની વ્યવસ્થા કરી છે. ૨૭ એપ્રિલે સામંથા પરત ન્યૂઝીલેન્ડ તેની દીકરી સાથે જઈ શકે એમ છે.પરંતુ તેના વડોદરા તેના સાસરે પાસપોર્ટ હોવાથી વડોદરા પાસપોર્ટ લેવા જવુ લોકડાઉનમાં મુશ્કેલ હોવાથી પરિવાર ફરી મુશકેલીમાં મુકાયો હતો. આ બાબતે પારડી પાલિકા ઉપપ્રમુખ બિપિનભાઈનો સંપર્ક કરતા બિપિનભાઈએ આ મામલાની હકીકત પારડી મામલતદાર એન. સી. પટેલ અને પ્રાંત અધિકારી સી.પી. પટેલને કરતા ઓનલાઈન ઈપાસ માટે અરજી કરવાનું સૂચન કરાયું હતું. મામલતદાર અને પ્રાંત અધિકારીની મદદથી ૨૪ ક્લાકમાં વડોદરા સુધીનો ટ્રાવેલ્સ પાસ બનાવી આપતા છેવટે સામંથાનું ન્યૂઝીલેન્ડ પરત ફરવાનું શકય બન્યું છે.

સુરતમાં તા.૩ મે સુધી આવશ્યક સિવાઈની દુકાનો ખોલી શકાશે નહીં

મ્યુનિ. કમિશનરે વેપારી મંડળો સાથે બેઠક યોજી

સુરત

સુરત. સુરત મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધી પાની અને કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુરતમાં ખાસ ડેપ્યુટ કરાયેલા સુરતના ભુતપૂર્વ કલેકટર શ્રી મહેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજરોજ કલેકટર કચેરી ખાતે મિટીગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઈ, ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયા અને તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી હેતલ મહેતા તથા વિવિધ એસોસિએશન જેવા કે એફએમસીજી, રિટેલ, જવેલરી, હાર્ડવેર, મિલજીન, બેકરી, કેમિકલ અને સ્ટેશનરી એસોસિએશનોના પ્રતિનિધીઓ ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઈએ જણાવ્યુ હતુ કે, બે દિવસ પહેલા ચેમ્બર દ્વારા રિટેલર્સ એસોસિએશનો સાથે યોજાયેલી મિટીગમાં ડિલરો અને વેપારીઓએ દુકાનોને ફરીથી ખોલવા અંગે સૂચનો કર્યા હતા. આથી ચેમ્બર દ્વારા સ્થાનિક તંત્ર સાથે વાર્તાલાપ કરીને આજની મિટીગ ગોઠવવામાં આવી હતી. મિટીગમાં કોરોનાની હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આગામી તા. ૩ મે ૨૦૨૦ સુધી એટલે કે લોકડાઉન સુધી આવશ્યક ચીજવસ્તુઓની દુકાન સિવાય અન્ય કોઈપણ દુકાન ખોલવામાં નહી આવે તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સુરતમાં કોરોના ત્રીજા સ્ટેજમાં આવતા તંત્ર દ્વારા બદલવામાં આવી રણનીતિ

ટ્રેકિંગ, ટેસ્ટીંગ બાદ હવે ટ્રીટમેન્ટમાં કરાયો વધારો

સુરત

ગુજરાતમાં કોરોના કહેર યથાવત જોવા મળી રહ્યો છે. રાજયમાં સૌથી વધારે કોરોનાની અસર અમદાવાદ બાદ સુરત શહેરમાં જોવા મળી રહી છે. ત્યારે શહેરમાં હાલ કોરોના ત્રીજા સ્ટેજમાં જોવા મળી રહ્યો હોય ત્યારે સુરત મનપા દ્વારા કોરોનાને લઈને રણનીતિ બદલવામાં આવી છે. શહેરમાં દર્દીઓની ટ્રીટમેન્ટ પર વધુ ભાર મુકાશે.

સુરત શહેરમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં દિવસે દિવસે વધારો થઈ રહ્યો છે. કોરોનાથી લડવા માટે સુરત મનપાએ પોતાની રણનીતિ બદલી છે. ત્રીજા સ્ટેજમાં આવતા તંત્ર દ્વારા રણનીતિ બદલાવી આવી છે.

ત્યારે હવે શહેરમાં દર્દીઓની ટ્રીટમેન્ટ પર વધુ ભાર મુકવામાં આવશે. અત્યાર સુધી ટ્રેસિંગ, ટેસ્ટિંગ અને ટ્રીટમેન્ટ રણનીતિથી કામ કરવામાં આવતુ હતુ. સુરતમાં કોરોનાનો આંકડો પરફએ પહોંચતા તંત્ર હરકતમાં આવ્યું છે. અમદાવાદ બાદ સુરત શહેરમાં કોરોનાના દર્દીઓ વધુ જોવા મળી આવતા તંત્રની ચિંતામાં વધારો જોવા મળી રહ્યો છે. જેને લઈને તંત્ર દ્વારા કોરોના સામેની લડાઈમાં રણનીતિ બદલી નાંખી છે. જો કે એક અંદાજ મુજબ સ્ટ્રેટજી અનુસાર સુરત મનપાએ દેશમાં સૌથી વધુ ટેસ્ટ કર્યા છે.

સિવિલ હોસ્પિટલમાં કોરોના દર્દીઓને જમવાનું પહોંચાડવા બે યુવાનોએ રોબોટીક ટ્રોલી બનાવી

સુરત

કોરોના સામેની લડાઈમાં લોકો પણ સાથ આપી રહ્યા છે. સુરતના આ લોકો સાચા અર્થમાં સમાજના હિરો છે. આ તમામ લોકોએ એવી પદ્ધતિઓ શોધી જેથી કોરોનાની લડાઈ લડતા હેલ્થ કર્મી, સામાજિક સંસ્થાઓ, તંત્રને આવતી સમસ્યાઓ દૂર થઈ શકે અને ખૂબ આસાનીથી કામ કરી શકે છે. બે યુવાનોએ રોબોટીક ટ્રોલી બનાવી છે. જે સિવિલ હોસ્પિટલને આપવામાં આવી છે. આ ટ્રોલી કોરોના દર્દીઓને જમવાનું પહોંચાડવામાં મદદ કરશે.

સિવિલ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓને જમવાનું તેમજ અન્ય જરૂરિયાતની વસ્તુઓ પહોંચાડતી વખતે હોસ્પિટલના કર્મચારીઓને કોરોનાનો ચેપ ન લાગે તે માટે અડાજણના રહેવાસી અને ફાયર સેફટી કન્સલટન્સી કંપની ચલાવતા ભરતભાઈ સોલંકી અને તેમના મિત્ર મયંક ખત્રીએ રોબોટીક ટ્રોલી બનાવી છે. આ ટ્રોલી બન્ને મિત્રોએ ધારાસભ્ય હર્ષ સંઘવીના હસ્તે સિવિલ હોસ્પિટલને આપી હતી. ૨૦ કિલો જેટલુ વજન વહન કરવાની ક્ષમતા ધરાવતી આ ટ્રોલીનું ૪૦ મીટરની રેન્જમાં રિમોટ દ્વારા સંચાલન કરી શકાય છે.

૨૯ એપ્રિલ સુધીમાં વલસાડ, ભાવનગર, સહીત ઘણા જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી

સુરત

કુદરતે ગુજરાતની પ્રજાને પડ્યા માથે પાટું માર્યું છે. કોરોનાનો કહેર ૩૩૦૧ લોકો સુધી પહોચ્યો છે ત્યારે ગઈ કાલે રાજ્યના અમુક જિલ્લાઓમાં કમોસમી વરસાદ થયો હતો. આ ઉપરાંત હવામાન વિભાગ દ્વારા આવનાર ૨૯ એપ્રિલ સુધી હજુ કમોસમી વરસાદ થવાની સંભાવના સેવી છે.ગુજરાત હવામાન વિભાગના અધિકારીઓના કહેવા મુજબ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અમુક જિલ્લાઓમાં કમોસમી વરસાદ થવાની સંભાવના છે. આવનાર તારીખ ૨૯ એપ્રિલ સુધીમાં વલસાડ, નવસારી, ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાઓમાં કમોસમી વરસાદ થઈ શકે છે.

ગઈ કાલે ભર ઉનાળે જામનગર અને ગીર સોમનાથ જિલ્લામાં ધોધમાર વરસાદ થયો હતો. આ ઉપરાંત રાજકોટ જિલ્લાના જામકંડોરણામાં વીજળી પડતાં એકનું મોત થયું જ્યારે કાલાવડમાં પણ વીજળી પડતાં એકનું મોત અને બે ગંભીર રીતે દાઝ્યા છે. ખાંભા અને ગીર પંથકમાં વરસાદી ઝાપટા વરસ્યા હતા આ ઉપરાંત આ ગામડાઓમાં ચકરાવા, ભાણીયા, ગીદરડીમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. કમોસમી વરસાદથી કેરીના પાકને નુકસાન થવાની ભીતી સેવાઈ રહી છે. ગઈકાલે રાજ્યમાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં હવામાન વિભાગની આગાહી મુજબ હવામાનમાં પલટો જોવા મળ્યો હતો.

જેમાં જામકંડોરણા અને કાલાવડ તુલાકમાં તોફાની કમોસમી વરસાદ પડ્યો હતો. જો કે જામકંડોરણાના કાનાવડાળા ગામે આવેલ વાડી વિસ્તારમાં વીજળી પડતાં બે લોકનાં મોત થયા હતા. પ્રાપ્ત મળતી વિગત અનુસાર ગીરગઢડાના ધોડકવા નજીક આવેલા ગીરજંગલમાં તુલસીશ્યામ મંદરિની આજુબાજુમાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો અને ગાજવીજ સાથે કમોસમી વરસાદ પડયો હતો.

પલસાણામાં ઉદ્યોગપતિઓની સહાયથી શ્રમિકો માટે અવિરત ભોજન સેવા યજ્ઞ

સુરત

પલસાણા તાલુકામાં કામદારો તથા ગરીબો માટે બે ટાઈમના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. વિપુલભાઈ દેસાઈએ એમ પણ જણાવ્યું કે આ કાર્ય સાહિબા મીલના મહેન્દ્રભાઈ સલુમ, એશ્વર્યા મિલના માલિક રમેશભાઈ ડુમ્મસિયા જેલા મીલ માલિકોના સંયોગથી આ વિસ્તારના કેબિનેટ મંત્રી ઈશ્વરભાઈ પરમારના અધ્યક્ષપણા હેઠળ કરવામાં આવી રહ્યું છે આ કાર્યની શરૂઆત દિવસો પહેલા જ થઈ ચુકી છે અને કડોદરા આગનવાડીમાં રોડ રસોઈ બનાવવામાં આવી રહી છે. એમ જણાવ્યું કે ૧૦ હજારથી વધુના માણસોની રસોઇ બનાવવામાં આવે છે. જેમાં ધર્મેશભાઈ ખમ્બાસલા, કડોદરા ના મોહનભાઈ રાજનભાઈ અને મેળવાના ડો. મયંક ભટ્ટ જેવા કાર્યકરો સેવા આપી રહ્યા છે. રસોઈ બનાવી તેને પલસાણા તાલુકાના વિવિધ વિસ્તારોમાં જરૂરિયાતમંદો તથા ગરીબ સુધી પહોંચવામાં આવી રહી છે વધુમાં ઉમેરયું કે અલથાણ સુગર ફેકટરીમાં ઉપ પ્રમુખ કમલેશભાઈ નાયક (સાંકી) તથા આ વિસ્તારના ખેડુતો તેમજ ન્યુ પલસાણા ઈન્ડસ્ટ્રિયલ સદ વિચાર સેવા ટ્રસ્ટ, જોળવા વીવર્સ એસોસિએશન તેમજ વિવિધ ગામના સરપંચો પોત પોતાની રીતે મદદે આવ્યા હતા. આ તકે કડોદરાના ચીફ ઓફીસર મનોજ વસવાલ કારોબારી અધ્યક્ષ અંકુર દેસાઈ બબલામામા જેવા અગ્રણીઓ પણ પોતાની સેવા આપી રહ્યા છે.

સુરતમાં રાજસ્થાની જૈન પરિવારે ઓનલાઈન શ્રીમંતનું આયોજન કરી વહુને દીકરીનો દરજ્જો આપ્યો

સુરત

લોકડાઉન બાદ સુરતમાં એક રાજસ્થાની જૈન પરિવારે ઓનલાઈન શ્રીમંતનું આયોજન કરી વહુને દીકરીનો દરક્કો આપ્યો છે. એટલું જ નહીં પણ લગભગ દોઢ કલાક સુધી આ પ્રસંગમાં જોડાયેલા મુંબઈ, દુબઈ અને લંડનના સંબંધીઓએ સોશિયલ ડિસ્ટન્સ જાળવી મ્યુઝિક ઉપર ડાન્સ કરી આખી વિધીને મનોરંજનનું રૂપ આપવામાં સફળ થયા છે. જીવેશ દુગ્ગરના લગ્ન સાડા ત્રણ વર્ષ પહેલાં રાજસ્થાન ઉદયપુરની છવી સાથે થયા હતા. પહેલા જ બાળકના શ્રીમંત માટે પિયર જવાની તૈયારી કરતી ૭ માસની સગર્ભા છવી લોકડાઉન બાદ રાજસ્થાન ન જઈ શકતા સાસરિયાઓએ ૪ દિવસ પહેલા જ આખી વિધિ ઓનલાઈન કરવાનું વિચાર્યું હતું. છવીની ખુશીના આ પર્વમાં દેશ-વિદેશના ૫૮ સભ્યો ઓનલાઈન રહી છવીને આશીર્વાદ સાથે ગર્ભના બાળકની સાર સંભારનું માર્ગ દર્શન પણ આપ્યું હતું.

જીવેશ રાજેન્દ્ર દુગ્ગર ઉ.વ. ૨૯ (રહે વેસુ VIP રોડ, દેવભૂમિ કોમ્પ્લેક્ષ) એ જણાવ્યું હતું કે, તેઓ ટુર એન્ડ ટ્રાવેલ્સના વ્યવસાય સાથે જોડાયેલા છે. સાડા ત્રણ વર્ષ પહેલાં તેમના લગ્ન રાજસ્થાન ઉદયપુરની છવી નામની યુવતી સાથે થયા હતા. પરિવારમાં આ પહેલો જ શ્રીમંતનો પ્રસંગ હતો. છવીને ૭ મો મહિનો ચાલી રહ્યો હતો. ઉદયપુરમાં શ્રીમંતના પ્રસંગની તમામ તૈયારીઓ પણ થઈ ગઈ હતી. છવીની ઉદયપુરની ટીકીટ પણ બુક થઈ ગઈ હતી. જોકે લોકડાઉન લાગુ પડતા સગર્ભા છવી સુરતમાં જ ફસાઈ ગઈ હતી.

જોતજોતાં માં એક મહિનો થઈ ગયો હતો. બન્ને પરિવાર છવીના શ્રીમંત ને લઈ ચિંતિત હતા. જોકે ચાર દિવસ પહેલા છવીનું શ્રીમંત સુરતમાં જ કરવાનું નક્કી કરી દેશ-વિદેશમાં રહેતા પરિવારના તમામ સભ્યોની પરવાનગી લઈ આ પ્રસંગ ને મહોત્સવમાં બદવા મહેનત કરી રહ્યા હતા. જે રવિવારના રોજ બપોરે ત્રણ વાગ્યાથી લઈ સાડા ચાર વાગ્યા સુધી મુંબઈ, દુબઈ અને લંડન ના સભ્યો એ ઓન લાઈન લાઈવ રહી આખા પ્રસંગને ઉત્સવમાં ફેરવી નાખ્યો હતો.

લીંબાયત પોલીસ મથકના પીએસઓ પાટીલનો કોરોનાનો ટેસ્ટ પોઝિટિવ

પીએસઓ પોઝિટિવ આવતા પોલીસ મથકમાં હડકંપ

સુરત

લીંબાયત પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સંજય પાટીલનો કોરોના વાયરસનો પોઝિટિવ રિપોર્ટ આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. અગાઉ હેકો. સંજય પાટીલ ડીસ્ટાફમાં ફરજ બજાવતા હતા. ત્યારબાદ છેલ્લા છ દિવસથી પીએસઓ તરીકે ફરજ બજાવતા સંજય પાટીલનો ગઈકાલે કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેને કારણે લીંબાયત પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અને હે.કો. સંજય પાટીલની સંપર્કમાં આવનારા તમામ પોલીસ કર્મીઓનું ટ્રેકિંગ અને ટેસ્ટિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે.

તાજેતરમાં કોરોના વોરીયર્સ તરીકે ફરજ બજાવતા સરકારી કર્મચારીઓમાં પણ કોરોના પોઝિટિવના કેસો નોંધાયા હતા. સરકારે તમામ કર્મચારી-અધિકારીઓના કોરોના સંદર્ભની તપાસ માટે પ્રતિબંધ મૂકી દીધો છે. જે અંગે સુરત શહેર મનપાના વિપક્ષી નેતા પ્રફુલ્લ તોગડીયાએ તાકીદના ધોરણે રાજ્ય સરકાર અને મનપાના તમામ કર્મચારી-અધિકારીઓનો પણ કોરોના ટેસ્ટિંગની કામગીરી માટે મંજૂરી આપવા મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો હતો.

પલસાણાના શ્રમિક વિસ્તારોમાંથી

૯૬ લોકોને ટ્રકમાં ઉત્તર પ્રદેશ લઈ જતા ડ્રાઈવર અને કલીનરની ધરપકડ

ઉત્તર પ્રદેશ લઈ જવા માટે કામદારો દીઠ રૂ. ત્રણ ત્રણ હજારનું ભાડુ વસુલ કરાયું હતું

સુરત

સુરત કડોદરાની જોળવાના ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાંથી પલસાણા પોલીસે ૯૬ જણાને ભરીને લઈ જતી ટ્રકને ઝડપી પાડી ડ્રાઈવર એ કલીનરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર ગત રાત્રિના સુમારે પલસાણા પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓ મેળવા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે જોળવાના મેઈન રોડ પાસે દર્શન ઈન્ડસ્ટ્રીઝના મુખ્ય રોડ ઉપર ૩૫ એટી ૧૮૭૧ નંબરની ટ્રક ઉભી હતી તે શંકાસ્પદ જણાતા ટ્રકની પાસે જઈ ટ્રકની તલાશી લેતા ટ્રકમાંતી ૯૬ લોકો બેસેલા જોવા મળ્યા હતા. પોલીસની પુછપરછમાં આ લોકો ચોરી છુટી રીતે યુપી જવાના હોવાનું જણાવા મળ્યું હતું તેમજ આ ટ્રક ચાલકે તેમની પાસેથી વ્યક્તિ દીઠ ૩ હજાર લેખે રૂપિયા ૨ લાખ ૫૮ હજાર ૮૩૦ની રકમ ખંખેરી લીધી હતી. પોલીસે તાત્કાલિક લોકોના પૈસા લોકોને પરત અપાવી અને જાહેર નામાનો ભંગ કરતા ટ્રક ચાલક નિખઆલ મંદારશા અને કલીનર રમણસિંહ દશરથસિંહ ચૌહાણ (રહે બન્ને કાનપુર ઉત્તર પ્રદેશ)ની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આર્થિક સહાય માટે ફોર્મ એ ભરી ઓનલાઈન સબમીટ કરાવી દેવું

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કોરોનાને કારણે લોકડાઉન દરમિયાન ઈન્ડસ્ટ્રી માટે ઉભા થયેલા વિવિધ પ્રશ્નોની દરરોજ રજૂઆત કરવામાં આવી રહી છે ત્યારે ઈન્ડસ્ટ્રી માટે લોકડાઉન બાદ પણ ઉભી થનારી તકલીફોના નિવારણ માટે તેમજ ભવિષ્યના પ્લાનીગ માટે દરેક સેકટરના આગેવાનો સાથે વિડિયો કોન્ફરન્સ થકી મિટીગોનું આયોજન કરવામાં આવી રહયું છે.

ગત ૨૩ એપ્રિલના રોજ ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીના દરેક સેકટરના આગેવાનો સાથે મિટીગ મળી હતી. જયારે ૨૪ એપ્રિલના રોજ સવારે ૧૦:૩૦ કલાકે બધા રિટેલર્સ એસોસિએશનોના પ્રતિનિધીઓ સાથે મિટીગ યોજાઈ હતી. જેમાં કોન્ફીડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી પ્રવિણ ખંડેલવાલ તેમજ ગુજરાત ચેપ્ટરના પ્રમુખ શ્રી પ્રમોદ ભગત તથા અન્ય એસોસિએશનોના પ્રતિનિધીઓ મોટી સંખ્યામાં હાજર રહયા હતા. શ્રી પ્રવિણ ખંડેલવાલે સરકાર દ્વારા ઈન્ડસ્ટ્રી માટે કરવામાં આવી રહેલા પ્રયાસો વિશે વેપારીઓને માહિતી આપી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઈએ જણાવ્યુ હતુ કે, મિટીગમાં કરાયેલી ચર્ચામાં દરેક સેકટરમાં મુખ્યત્વે લિકવીડિટી અને લેબર માટેની સમસ્યા જટીલ હોવાનું જાણવા મળ્યુ હતુ. પરંતુ સરકાર ડેટાના આધારે જ દરેક ઈન્ડસ્ટ્રી માટે આર્થિક રાહત પેકેજ જાહેર કરી શકે તેમ હોવાથી સરકારને એકમો દીઠ કર્મચારીઓનો ડેટા આપવાનુ અતિ આવશ્યક છે તે અંગે ચર્ચા કરાઇ હતી. ચર્ચાને અંતે ચેમ્બરમાંથી સર્વે માટે 'ફોર્મ એ' તૈયાર કરી દરેક ઉદ્યોગકારો અને વેપારીઓને સેલ્ફ ડેક?રેશન સાથે ફોર્મમાં તેમના એકમોમાં નોકરી કરતા કર્મચારીઓની તેમજ તેમને ચૂકવવામાં આવતા પગારની વિગત ભરીને ફોર્મ ત્રણ દિવસમાં ઓનલાઈન લીન્ક ઉપર જ સબમિટ કરવામાં આવે તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યુ હતુ.

દક્ષિણ ગુજરાતના તાપમાનમાં ઘટાડો સુરતમાં પારો પાંચ ડીગ્રી ગગડી ગયો

સુરત શહેરમાં પારો ૩૯ ડીગ્રીથી ૩૪ ડિગ્રી પર આવી ગયો

સુરત

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ઉત્તર ગુજરાતના હવામાનમાં આવેલ પલટા બાદ દક્ષિણ ગુજરાતમાં ઓલ પલટા બાદ દક્ષિણ ગુજરાતમાં પણ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે આજે સવારથીજ દરિયાઈ ભેજવાળો પવન ફુંકાવાની સાથે ભર ઉનાળે શિયાળાનો શિતળ પવન ફુકાતા હિલસ્ટેશન જેવો અનુભવ થયો હતો.

સુરત હવામાન વિભાગના સુત્રો દ્વારા તાપમાન ૩૯.૫ ડિગ્રી નોંધાયુ હતું. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૭.૬ ડિગ્રી નોંધાયુ છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૯ ટકા અને હવાનું દબાણ ૧૦૧૨ મીલીબાર નોંધાયુ છે. શહેરમાં સવારથીજ દક્ષિણ પશ્ચિમ દિશાની કલાકના ૧૦ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે.

નવસારીમાં ગત રોજ ૩૩.૭ ડિગ્રી અધિકતમ તાપમાન નોંદાયુ હતું. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૪.૩ ડિગ્રી નોંધાયુ હતું. આજે સવારથીજ ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે. રાજયના હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે અને સવારથી વાતાવરણમાં પલટો આવ્યો છે.

ડાંગ જિલ્લામાં કોરોનાનો બીજો પોઝિટિવ કેસ આવતા તંત્રમાં ખળભળાટ

ડાંગ

ડાંગ જિલ્લામાં કોરોનાનો બીજો પોઝિટિવ કેસ નોંધાયો છે. વઘઈ તાલુકાના ભેડમાળ ગામની યુવતીનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો. ત્યારે આ યુવતીના સંપર્કમાં આવેલા તમામ લોકોને ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે.

રાજપીપળાના વડ ફળીયા વિસ્તારમાં પાલિકાના પીવાના પાણીમાંથી સાપના અસંખ્ય કણ નીકળતા રોષ

કરોડોના ખર્ચે ઉભા કરાયેલા ફિલ્ટર અને ક્લોરીનેસન પ્લાન્ટ ને પુનઃ શરૂ કરાય તેવી માંગ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના ની મહામારી ચાલી રહી છે ત્યારે સમગ્ર ગુજરાત માં લોકડાઉન અમલ માં છે સરકાર દ્વારા કોરોના થી બચવા માટે વિવિધ સૂચનો કરવામાં આવે છે સાથે જેતે પાલિકાને નગરમાં સાફ સફાઈ તેમજ સેનેટાઈઝેશન માટે પણ જવાબદારી સોંપાઈ છે તેવા સમયે રાજપીપળા નગરપાલિકા દ્વારા આપવામાં આવતા પીવાના પાણીમાં વડ ફળીયા વિસ્તાર માં સોમવારે સવારે સાપ ના અસંખ્ય કણો નિકળતા સ્થાનિક મહિલાઓ ફફડી ઉઠી હતી.

વડફળીયા વિસ્તારમાં આજે સવારે પાલીકા દ્વારા અપાયેલું પીવાનું પાણી ભરવા જતા પાણી ગાળવાના ગરણા માં સાપ ના કણ નિકળ્યા હતા. આમ અચાનક પીવાના પાણીની પાઇપ લાઈન માંથી સાપ ના કણ નો મોટો ગુચ્છો નીકળતા પ્રથમ તો મહિલાઓ ગભરાઈ ગઈ હતી અને





પાલિકા ની મોટી બેદરકારી હોવાનું સ્થાનિકો એ જણાવ્યું હતું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે રાજપીપળા માં વારંવાર આવી ઘટનાઓ બને છે જેમાં ડહોળું પાણી,પાણી માં કચરુ જોવા મળતા સ્થાનિકો ના સ્વાસ્થ્ય પર અનેક સવાલ ઉઠી રહ્યા છે.ત્યારે કરોડોના ખર્ચે શરૂ કરાયેલી ફિલ્ટર પાણી ની યોજના પણ ખાડે ગઈ તે શરૂ કરાય અને કરોડોના ખર્ચે નંખાયેલા ક્લોરીનેસન પ્લાન્ટ માંથી ક્લોરીન યુક્ત પાણી લોકો સુધી પાલીકા પહોંચાડે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે. હાલના તબકકે પાલીકા ના મુખ્ય અધિકારી હાજર કર્મચારીઓ પાસે સેનેટાઈઝેશન સહિત કોરોના સબંધિત કામગીરી કરાવતા હોય તેવામાં પાણી જેવી બાબતે પણ યોગ્ય પગલાં લે એ જરૂરી છે.

રાજપીપળાની કોરોના હોસ્પિટલમાં કામ કરતા પ્રથમ હરોળના યોદ્ધાઓની કામગીરી ખરેખર બિરદાવવા લાયક

નર્મદા જિલ્લામાં અત્યારસુધી ૧૨ કોરોના પોઝીટીવ કેસો પૈકી કોઈનું મૃત્યુ થયું નથી અને એક દર્દી સાજા થતા રજા પણ અપાઈ તેનો શ્રેય કોરોના હોસ્પિટલના આ યોદ્ધાઓને ફાળે આપવોજ રહ્યો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા ની આર્યુવેદીક હોસ્પિટલ ખાતે કાર્યરત કોવિડ -૧૯ હોસ્પિટલ માં સતત ખડેપગે સેવા આપી રહેલા ડો.મેનાત (ફિજીસ્યન), ડો મયુર ડોડીયા ઈદ્ સર્જન અને સિવિલ હોસ્પિટલ રાજપીપળા તેમજ નર્મદા જિલ્લાના પી.એચ. સી.,સી.એચ.સી.નો ર્નસિંગ સ્ટાફ પોતાના જીવની પરવા કર્યા વિના સતત ફરજ બજાવી રહ્યા છે. તેઓ પોતાના કુટુંબ તેમજ ઘરની ચિંતા છોડી



પોતાની ફરજ ને મહત્વ આપીને પોઝીટીવ દર્દીઓને નિસ્વાર્થ સેવા આપી તેમની જિંદગી ને બચાવવા સતત ઝઝૂમી રહ્યા છે. કોઈપણ જાતની પ્રશંસા કે લાઈમ લાઈટમાં આવ્યા વિના આવી વિકટ પરિસ્થિતિમાં કોરોના સામે સ્તંભ બનીને અડગ ઊભા છે. આ તમામ સ્ટાફનો આપડે જેટલો ધન્યવાદ કે પ્રશંસા કરીએ એટલી ઓછી છે.ત્યારે સાચા અર્થમાં આ તમામને કોરોના યોદ્ધા કહી શકાય.

જાવલી ગામે મકાનો બળી જતા નિરાધાર બનેલા લોકોને અહેમદ પટેલ તરફથી રૂપિયા બે લાખની સહાય

- **ધારાસભ્ય પી.ડી.વસાવા સહિત ના આગેવાનો એ ત્યાં પોહચી અસરગ્રસ્તો ને સહાય સાથે સહાનુભૂતિ પાઠવી**
- **પ્રદેશ કોંગ્રેસ ના મહામંત્રી હરેશ વસાવા અને રાજપીપળા ના મિત્ર ગ્રુપ દ્વારા પણ જીવનજરૂરિયાતની વસ્તુઓનું વિતરણ કરાયું**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના જાવલી ગામે મકાનો બળી જતા નિરાધાર બનેલા ગરીબ પરિવારોને અહેમદ પટેલ તરફથી રૂપિયા બે લાખની સહાય નર્મદા જિલ્લા ના સાગબારા તાલુકા ના જાવલી ગામ માં આગ ની હોનારત સર્જાતા ગરીબ શ્રમજીવી આદિવાસી ઓના ૪ મકાન બળીને ખાક થયા હતા, ઘર વખરી નો સાજસામાન પણ આગને હવાલે થતા આદિવાસી ઓ કોરોના ના કહેર અને ધોમધખતા તાપ માં ઘર વિહોણા થયાં હતા. સમગ્ર ગામ માં કરુણાંતિકા છવાઈ હતી.

બેઘર બનેલા આ ગરીબ આદિવાસી ઓને પુનઃ સ્થાપિત કરવા રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૪.૮૮ લાખ ની ત્વરિત સહાય ચૂકવાઈ હતી.

નર્મદા જિલ્લામાં આગ લગતા ગરીબ આદિવાસીઓને નુકસાન થયાની તેમના ઘર બળી ગયા ની જાણ રાજ્ય સભા ના સાંસદ અહેમદ ભાઈ પટેલ ને થતા તેમણે દિલ્હી થી



નાંદોદ ધારાસભ્ય પી.ડી.વસાવા ની સાથે વાતચીત કરી ગરીબ પરિવારો ને આર્થિક મદદ માટે ત્વરિતજ રૂપિયા ૨ લાખ ની રોકડ સહાય તેમના તરફથી પોંહચાડવા ની સૂચના આપતાં પી.ડી.વસાવા કોંગ્રેસ આગેવાનો સાથે જાવલી ગામે પહોંચ્યા હતા અને અસરગ્રસ્તોની મુલાકાત લઈ તેમને રોકડ સહાય અહેમદ પટેલ તરફથી ચૂકવી સાથે શાંત્વના આપી હતી.

તદઉપરાંત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ના મહામંત્રી હરેશ વસાવા એ રાજપીપળા ના સેવાભાવી મિત ગ્રુપ સાથે અસરગ્રસ્ત આદિવાસીઓને ઘર વખરી નો સામાન કપડાં, અનાજ સહિત ની સહાય કરી હતી.

સુરતમાં ડોક્ટરની લાપરવાહીના કારણે એક સગર્ભાએ રસ્તા પર બાળકને આપ્યો જન્મ

સુરત

લોકડાઉનના માહોલમાં લિંબાયતની એક સગર્ભાને ડોક્ટરે કાઢી મૂક્યા બાદ ક્લિનિક બહાર રોડ ઉપર પ્રસુતિ થઈ હોવાનો ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે. પ્રસુતિની પીડાથી કણસતી સગર્ભાની સ્મીમેર હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હોવાનું અને ૯ મહિના પુરા થયા બાદ અચાનક દુઃખાવો ઉપડતા પરિવાર ઘર નજીકના ક્લિનિકમાં લઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. એટલું જ નહીં પણ રોડ ઉપર પ્રસુતિ થયા બાદ પ્રસુતાને કોઈ તબીબી સારવાર ન મળતા હાથમાં નવજાત બાળકને લઈ પ્રસુતા ઘરે ચાલી જવા મજબૂર બની હોવાનો પરિવારે ડોક્ટર પર આરોપ મુક્યો છે.

જલાલુદીન અન્સારી (પીડિત મહિલા ના પતિ) એ જણાવ્યું હતું કે હાલ કોરોના વાઇરસને લઈ લિંબાયત વિસ્તાર હોટ સ્પોટ જાહેર થયો છે. આવા સંજોગોમાં રવિવારની મોડી સાંજે તેમની સગર્ભા પત્ની જમીલાને અચાનક પ્રસુતિનો દુઃખાવો ઉપડતા પરિવારના સભ્યો ઘર નજીકના ખાનગી ડોક્ટરના ક્લિનિક પર લઈ ગયા હતા. જયાં પ્રાથમિક ચેકઅપ કરી ડોક્ટરે ઘરે ચાલી જવાની સલાહ આપી સવારે આવજો હજી સમય છે એમ કહીં કાઢી મુક્યાં હતા. આવા સંજોગોમાં પ્રસુતિની પીડા સાથે ક્લિનિક બહાર આવતા જ જમીલા રોડ ઉપર ઢળી પડી હતી અને ગણતરીની મિનિટોમાં બાળકને જન્મ આપ્યો હતો.

કોરોનાની મહામારીમાં સુરતના સિવિલ હોસ્પિ.ના મહિલા ડોક્ટરને આરોગ્ય સચિવનું ઉપનામ અપાયું


સુરત

આ સમય પરિવાર માટે નહીં પણ દેશ માટે સમર્પિત કરવાનો છે, જો ડોક્ટર જ આરામ કરશે તો આ માહામારી દેશના વિનાશનું કારણ બનશે એવું કહેતા સુરત સિવિલ હોસ્પિટલ ડો. પારુલ વડગામાની આ વાતે તમામ ડોક્ટરોમાં પ્રોત્સાહનના બીજ વાવ્યા છે. છેલ્લા એક મહિના થી માત્ર ૬ કલાકની જ ઉંઘ કાઢી કામે આવી જતા ડો. પારુલબેનને સાથી ડોક્ટરો આ કોરોના વાઇરસના કહેર વચ્ચે કામગીરીમાં સૌથી વ્યસ્ત રહેતી મહિલા ડોક્ટર તરીકેની ઓળખ આપી રહ્યા છે. એક મહિલા તરીકે ત્રણ ત્રણ પદ પર એક સાથે કામ કરીને તમામ કામમાં સફળ થવું એ તો ડો. પારુલ બેન જ કરી શકે એવું આજે પણ એમને સાથે કામ કરનારા ડોક્ટરો કહી રહ્યા છે. હાલ તો કોરોનાને માત આપવા સતત ૧૨ કલાક કામ કરતા ડો. પારૂલ વડગામા સુરતના આરોગ્ય સચિવ જયંતિ રવિનું ઉપનામ પણ આપવામાં આવ્યું છે.

સુરત સિવિલ હોસ્પિટલના ફેફસાના નિષ્ણાંત, સુરત આઈએમએ ના પ્રમુખ અને હાલ સિવિલ હોસ્પિટલની કોવિડ-૧૯ હોસ્પિટલના મેનેજમેન્ટ કમિટીના સભ્યની જવાબદારી નિભાવતા ડો. પારુલ વડગામા (ઉ.વ. ૩૯, રહે. અમરોલી નીલકંઠ રેસિડેન્સી)એ જણાવ્યું હતું કે, એમડી પલમોનારી (ફેફસાના નિષ્ણાંત) પર પીજી કર્યા બાદ સ્મીમેર હોસ્પિટલમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે નોકરી જોઈન્ટ કરી હતી. સતત ૯ વર્ષ સુધી સ્મીમેર હોસ્પિટલમાં ફરજ બજાવ્યા બાદ સિવિલ હોસ્પિટલમાં સહ પ્રાધ્યાપક તરીકે હાલ સેવા આપી રહી છું. ૧૫ વર્ષની ટૂંકા ગાળાની નોકરીમાં અનુભવ અને આશીર્વાદ સિવાય કંઈ હાંસલ કર્યું હોય એ યાદ નથી. બસ કંઈક કરવું છે એ વિચારથી જ કામ કરતી રહી છું અને સાથી ડોક્ટરોમાં પોતાની ઓળખ ઉભી કરતી આવી છું. ડો. પારૂલે વધુમાં જણાવ્યું હતું કે,

ફિલ્ડ કોઈ પણ હોય એમાં ગધેડાની જેમ કામ કરવા કરતા સુંદર અને આયોજિત કામ કરવાનું પસંદ કરું છું. જેથી ઓક્ટોબર ૨૦૧૯માં સુરત આઈએમએના પ્રમુખ તરીકેની ચૂંટણી લડવાનો વિચાર બનાવ્યો અને જીત હાંસલ કરી સુરત આઈએમએ ને શિખર પર લઈ જવાના પ્રયાસમાં જોતરાઈ ગઈ હતી. એક વર્ષમાં અનેક એવા કામો કર્યા છે જે આઈએમએ સુરત વિંગમાં કદાચ પહેલી જ વાર થયા હોય પણ એ કામો આજે યાદગાર બની રહ્યા છે. જેમાં મારા સિનિયર ડોક્ટરો અને આઈએમએ ના ૩૪૦૦ ડોક્ટર મિત્રોનો ખૂબ જ સારો સહકાર મળ્યો છે.

ડેડીયાપાડા પોલીસે બાતમીના આધારે ૧૯ હજાર ના મુદામાલ સાથે ચાર જુગરિયાઓને જુગાર રમતા ઝડપી પાડ્યા



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ લોકડાઉનમાં સમગ્ર નર્મદા જિલ્લામાં પોલીસ તેનો અમલ કરાવવા પેટ્રોલિંગ કરે છે તેવા સમયે ગતરોજ ડેડીયાપાડા પોલીસ લોકડાઉન પેટ્રોલિંગ માં હતી ત્યારે પીએસઆઈ એ.આર. ડામોર ને બાતમી મળતા ડેડીયાપાડા ટાઉન માં આવેલા હાટ બજાર ફળીયા માં બાતમી મુજબ ની જગ્યા પર સર્કલ પી.આઈ.પી.પી. ચૌધરી તથા તેમના પોલીસ સ્ટાફ સાથે બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા ૪ જુગારીયાઓ પૈકી (૧) જીગ્નેશ વિનોદભાઈ બૈરનાર, રહે, દેડીયાપાડા, ચાર રસ્તા,(૨)નીરવ નરેશભાઈ મોદી, રહે. દેડીયાપાડા,ચાર રસ્તા (૩) સંદિપ ઉર્ફે હેપ્પી દેવેન્દ્ર સીગ રખરા,રહે. દેડીયાપાડા, પટેલચાલી તથા (૪)હિતેશ ઉર્ફે ભોલો દેવજીભાઈ ઉર્ફે દિવાલભાઈ વસાવા ઉ. વ. ૨૯ રહે. દેડીયાપાડા, હાટબજાર ફળિયા ને જુગાર રમતા ઝડપી પાડી તેમની પાસેથી રોકડા રૂ.૧૭,૫૦૦/- તથા મોબાઈલ ફોન નં.૧ કિ. રૂા.૨૦૦૦/-મળી કુલ કિ.રૂા.૧૯,૫૦૦/- ના મુદામાલ સાથે ઝડપી લઈ દેડીયાપાડા પો.સ્ટે. ખાતે લઈ જઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

કડોદરામાં હુમલા અંગે છ લોકોની ધરપકડ

સુરત

કડોદરાના સત્યમનગર સોસાયટીમાં ગઈ કાલે ખુલ્લી તલવારોની સાથે પરિવારો પર હુમલો તથા તોડફોડની ઘનાટામાં પોલીસે ૬ આરોપીઓની ધરપકડ કર્યા બાદ મુખ્ય આરોપી ભરતની શોધ ખોળ આદરી છે.

કડોદરાના સત્યમનગરમાં રહેતા રેખા સિંગ અર્જુન સિંગ સહિત અન્ય પરિવાર ઉપર ગઈ કાલે તા. ૨૨મી ના રોજ અસામાજિક તત્વો સાથે ભરત મિશ્રાએ ખુલ્લી તલવારની સાથે હુમલો કરી પરિવારના સભ્યોને ગંભીર ઈજાગ્રસ્ત કરવાની સાથે સોસાયટીમાં મકાનો તેમજ ઘોડા ગાડીની તોડફોડ કરી હાઉ ઉભો કરીને આતંક મચાવ્યો હતો. આ ઘટનામાં કડોદરા પોલીસે ઘટનાના ૬ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. જ્યારે ફરાર મુખ્ય આરોપી ભરતને પકડી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

નર્મદામાં આદિવાસી નેતાઓનું પ્રભુત્વ છતા ફાયર બ્રિગેડ જેવી સુવિધાનો અભાવ હોવાથી યુથ કોંગ્રેસના હોદેદારો દ્વારા ફાયરની માંગ



- **નર્મદા જિલ્લાના ડેડીયાપાડા વિસ્તારમાં ફાયર સેફટી માટે ફાઈટર ની સાંસદ અને ધારાસભ્ય પોતાની ગ્રાન્ટમાંથી નાણાં ફાળવે એવી પ્રબળ માંગ**
- **આદિવાસીઓના વોટબેંક ની રાજકીય રમત રમતા સમાજનાજ નેતાઓ આદિવાસીઓને સુરક્ષા ક્યારે પુરી પાડશે એ સળગતો સવાલ**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા અને સાગબારા તાલુકાના ગીચડ અને જાવલી ગામોમાં માત્ર ચાર દિવસના ટૂંકા ગાળા માજ આદિવાસી ઓના ૧૩ જેવા મકાન આગમાં બળીને ખાખ થતા, તેમના પશુધનનો પણ ભડથું થતા સમગ્ર વિસ્તારમાં ભારે રોષ પ્રવર્તતી રહ્યો છે,વર્ષોથી આ વિસ્તારમાં ફાયર બ્રિગેડની સુવિધા માટેની માંગ છે પરંતુ આદિવાસીઓના નામે કરોડો રૂપિયાનું આંધણ થવા છતાં આ ગંભીર સમસ્યાનું કોઈ નિરાકરણ લાવતું નથી.

આ વિસ્તારમાં આદિવાસી નેતાઓનુજ પ્રભુત્વ છવાયેલ છે, જેમાં સાંસદ આદિવાસી, ધારાસભ્ય આદિવાસી, જિલ્લા પંચાયત પ્રમુખ આદિવાસી,તાલુકા પંચાયત પ્રમુખ આદિવાસી,ગ્રામ પંચાયત ના સરપંચ પણ આદિવાસી. જો આટલુ ઓછું હોય તો વિશેષમાં કેંદ્ર સરકારે નર્મદા જિલ્લાને એસ્પીરેસનલ ડિસ્ટ્રિક્ટ તરીકે જાહેર કરેલ છે, જે માટે કરોડો રૂપિયાની ગ્રાંટો ફાળવી છે.જો એકાદ ફાયર ફાઈટર ની વ્યવસ્થા ડેડીયાપાડા ખાતે કરી હોત તો હાલ આદિવાસીઓના આટલા મકાન બળ્યા ના હોત, તેમને ઘર વિહોણા થવા થી બચાવી શકાયા હોત તેમ વિધાન સભા યુથ કોંગ્રેસ ના પ્રમુખ અજયભાઈ વસાવા એ જણાવ્યું હતું.

તાજેતર માજ આ વિસ્તારમાં ઊપરછાપરી બે સ્થળે આગ લાગતા યુથ કોંગ્રેસ મેદાનમાં આવ્યુ છે,અને યુથ કોંગ્રેસ ના નાંદોદ વિધાન સભા પ્રમુખ અજય વસાવા એ જણાવ્યું છે કે સાંસદ અને ધારાસભ્ય જો આ બાબતની જોગવાઈ તેમની ગ્રાન્ટમાંથી નહીં કરે તો ન છૂટકે અમારે આંદોલન કરવાની ફરજ પડશે. જો કે આ વિસ્તારમાં વારંવાર આગ લાગવાના બનાવો બનતા હોય બમ્બાની ખરેખર અતિ આવશ્યકતા છે.એને કોઈ નકારી શકતું નથી તેમ છતાં પણ આ વિસ્તારને બમ્બાની સુવિધા થી કેમ વંચિત રખાયો છે એ એક સળગતો સવાલ અહીં સામે આવે છે.

